ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ : ૧૧ | જાન્યુઆરી-૨૦૧૭ | અંક-૧

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | ગુજરાતમાં જ્ઞાતિ અને રાજકારણ | પ્રો. ઘનશ્યામ શાહ | ૩ |
| ૨. | સમાજશાસ્ત્રમાં અધ્યાપન અને અધ્યયન | ડૉ. એડવીન મસીહી | ૯ |
| ૩. | ભારતીય સ્વચ્છતા વારસાને સમૃદ્ધ બનાવવાની પ્રક્રિયા અને પદ્ધતિ : | ડૉ. લક્ષ્મણ યુ. વાઢેર | ૧૭ |
| ૪. | ગુજરાતનાં આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક અને માળખાકીય સુવિધાની પરિસ્થિતિ : (નેત્રંગના ગામો સંદર્ભે) | ડૉ. દામિની શાહ | ૩૦ |
| ૫. | વિચરતા - વિમુક્ત સમુદાયોમાં ડફેર સમુદાયનું સામાજિક - સાંસ્કૃતિક અને આર્થિક જીવન, સ્થિતિ, સમસ્યા અને પડકારો | ભલુ શેખ | ૪૨ |


ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર

## સમાજકારણ (અર્ધવાર્ષિક)

**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા,
આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯

**સંપાદન :**
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

**વ્યવસ્થા :**
**નલિની કિશોર ત્રિવેદી**

**પરામર્શન :**
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**પ્રેમાનંદ મિશ્રા**
**પ્રશાંત દવે**
**થોમસ પરમાર**



**લેખ મોકલવા માટેનું સરનામું :**
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**
૧/સી, શ્રી ગોવિંદ એપાર્ટમેન્ટ, પુનિત આશ્રમ પાછળ,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
ફોન : ૦૭૯-૨૫૪૫૧૨૬૩
email : bjbrahmbhatt1@yahoo.co.in



વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦-૦૦


**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમ જ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ ઠરેલા અભ્યાસ સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધનપદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.

## લેખકોને નમ્ર વિનંતી કે...

(૧) સામાજિક સેવા મંડળનાં ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત ભારત તેમ જ વિશ્વનાં જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો મોજણીઓ, સંશોધનો તેમ જ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા આંતરરાષ્ટ્રીય Modern Language Association (MLA) પ્રારૂપ લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતાં અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૨) સંક્ષિપ્ત પુસ્તક પરિચય, ગ્રંથાવલોકન સમાજ પરિવર્તનનાં પ્રયત્નો સંબંધિત લખાણો તેમ જ સમાજ વિજ્ઞાનોનાં શોધ સમાચાર તેમ જ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.

(૩) પ્રકાશિત થયેલા કે પ્રકાશિત કરવા મોકલેલ હોય તેવા લેખ છપાશે નહીં.

(૪) લેખ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભ સૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.

(૫) લેખમાં ભાષાશુદ્ધિનો આગ્રહ છે તે બાબતે લેખકે કાળજી લેવા વિનંતી છે.

(૬) લેખકે લેખમાં પોતાનું નામ, હોદ્દો, સરનામું, સંસ્થાનું નામ, ફોન નંબર તેમ જ Email ID તેમ જ શક્ય હોય તો સમાજ સેવા મંડળનો સભ્યપદ નંબર અવશ્ય લખવો.

(૮) સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેથી તે પૂર્વસમિક્ષિત (Referred) સામયિક છે તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે.

(૯) સમાજસેવા મંડળનું સભ્યપદ ધરાવનારને સમાજકારણ પહોંચાડવામાં આવે છે, ક્વચિત ન મળે તો આપેલા ફોન નંબર પર ફોન કરી ધ્યાન દોરવું. શ્રી ગૌરાંગભાઈ શાહ મો. ૯૮૨૫૬ ૧૫૦૪૯.

(૧૧)જાન્યુઆરીના અંકમાં લેખ પ્રકાશિત કરવા ઓક્ટોબર અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો-સમાચાર - પ્રવૃત્તિ નોંધ મોકલી દેવા વિનંતી છે.


**મુદ્રક : અર્થ કોમ્પ્યુટર :**
૨૦૩, મૌર્ય કોમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઇન્કમટેક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦૩૬૪૧૪

# ગુજરાતમાં જ્ઞાતિ અને રાજકારણ**

– પ્રો. ઘનશ્યામ શાહ*

પ્રો. તારાબેન પટેલ સ્મૃતિ વ્યાખ્યાન આપવા માટે મને જે તક આપવામાં આવી છે તે બદલ હું ગુજરાત સમાજશાસ્ત્ર મંડળનો આભાર માનું છું અને મારો આનંદ વ્યક્ત કરું છું.

તારાબેન સાથે કલ્પના અને મારો લાંબા સમયનો સંબંધ હતો. તેમને ત્યાં હું ઘણી વખત રોકાયો છું અને તેમનો હૂંફભર્યો આતિથ્ય સત્કાર પામ્યો છું. તારાબેને ગુજરાતની સ્ત્રીઓની આત્મહત્યાનો અભ્યાસ કર્યો હતો. તેઓ બક્ષી કમિશનનાં સભ્ય હતાં; તેમના આગ્રહથી કમિશને સર્વે કરાવ્યો હતો અને સર્વેના આધારે ગુજરાતમાં શૈક્ષણિક અને સામાજિક રીતે પછાત જ્ઞાતિઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ સર્વેમાં પ્રો. આઈ. પી. દેસાઈ સાથે સહભાગી થવાની મને તક મળી હતી. આ પશ્ચાદ્ ભૂમિમાં આજનો મારો વિષય ''જ્ઞાતિ અને રાજકારણ'' તારાબેનની નિસ્બત (concern) સાથે સુસંગત છે. અલબત્ત, આજે હું જે વાત કરીશ તે સાથે તારાબેન સંમત થાય કે કદાચ ન પણ થાય. તેમની સાથે અમે ઘણીવાર ચર્ચા કરતા ત્યારે એકબીજા સાથે અસહમત પણ થતા. ચર્ચા અને સંવાદ વિના જ્ઞાન વિકસે નહિ; એકેડેમિક લાઈફનો તે આત્મા છે.

આજના વિષયના સંદર્ભમાં હું બે સવાલોના જવાબ આપવા પ્રયત્ન કરીશ : (૧) શું સૈદ્ધાંતિક રીતે જ્ઞાતિપ્રથા અને તેનું રાજકારણ લોકશાહી પદ્ધતિ અને મૂલ્યોને અનુકૂળ છે ? આ પ્રશ્નના સંદર્ભમાં થોડીક theoretical અને conceptual વાત કરીશ. (૨) વાસ્તવિક સ્થિતિમાં જ્ઞાતિ આધારિત રાજકારણ કેવી રીતે કામ કરે છે અને તેનાથી લોકશાહી પ્રક્રિયા અને લોકશાહી મૂલ્યો પર શું અસર થાય છે ?

(૧)

જ્ઞાતિ અને રાજકારણ અંગે સ્વકેન્દ્રિત એટલે કે નીજી અને સૌકેન્દ્રિત એટલે કે સાર્વજનિક રીતે વાત કરી શકાય. સમાજશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે આપણે સાર્વજનિક અભિગમ રાખવાનો છે. આપણી પોતાની જ્ઞાતિના લાભ-ગેરલાભથી અલગ સાર્વજનિક રીતે વાત કરવાનો છે. આ કહેવું સહેલું છે, પણ એ રીતે વિચાર કરવાનો પ્રયત્ન ટેન્શનમૂક્ત નથી. આપણે કોઈ ને કોઈ જ્ઞાતિનું લેબલ ધરાવીએ છીએ. આપણું સમાજીકરણ થાય છે તેમાં જ્ઞાતિસંસ્કારો ગળથૂથીમાં મળે છે. આ સંસ્કાર એટલે વિચારવાની રીત, ખરું-ખોટું નક્કી કરવાનાં માપદંડ, મૂલ્યો, ગમા-અણગમા, ટેવ, વર્તણૂક અને ભાષા પણ. નાનપણથી જ કોઈ કાર્ય કે પ્રવૃત્તિના સંદર્ભમાં કુટુંબના સભ્યોનો પ્રતિભાવ ''સમાજ શું કહેશે ? સમાજમાં આપણી આબરુનું શું ?'' અહીં સમાજ એટલે આપણી ન્યાતવાળા. અલબત્ત, ન્યાતની વ્યાખ્યા અને તેનો પરીઘ સમય, સ્થળ અને હેતુ પ્રમાણે જે તે સંદર્ભમાં બદલાય અને તે પ્રમાણે ''આપણાવાળા''ની વ્યાખ્યા પણ બદલાય. હું એક સમાજશાસ્ત્રી તરીકે મારા અવલોકનો અને વિચારો રજૂ કરવા પ્રયત્ન કરીશ. છતાં, જાણે-અજાણે મારી જ્ઞાતિગત ગળથૂથીના ભાવનાત્મક ખ્યાલોથી હું કંઈક પૂર્વગ્રહથી કહું છું એવું તમને લાગે તો મને ટોકજો. આપણે જ્ઞાતિ આધારિત ''આપણાવાળા''માંથી સૌ માનવને આપણા તરીકે જોવાનો પ્રયત્ન કરવાનો છે. સમાજાશાસ્ત્રીની, સમાનતામૂલક સમાજની ખેવના રાખનાર આપણા સૌની આ ફરજ છે.

રાજકારણ એટલે સીધીસાદી ભાષામાં રાજ્યને લગતું કારણ, પ્રવૃત્તિ અને બાબતો. રાજ્ય પાસે સાર્વભૌમ સત્તા છે. એવું કહેવાય છે કે રાજકારણ એટલે સમાજમાં કોને શું. કેટલું અને કેવી રીતે મળે તે અંગે નીતિ, કાર્યવાહી અને પ્રવૃત્તિઓ. આ કાર્ય કરવા રાજ્ય આર્થિક (ઉત્પાદન, વહેંચણી), સામાજિક અને સાંસ્કૃતિક બાબતો અંગે નીતિ ઘડે છે. નીતિને સાકાર કરવા માટે ઘડાતા કાયદા, નિયમો, પ્રોસિજર અને કાર્યવાહી, વગેરે બધી જ બાબતો રાજ્ય દ્વારા અધીકૃત બને છે. નીતિના ઘડતર-સ્વરૂપને ધારાસભા/લોકસભા અને સચિવાલયમાં આખરી ઓપ અપાય છે, પરંતુ, ત્યાં જે કાંઈ નિર્ણય લેવાય છે, નીતિ-કાયદા ઘડાય છે તેનો અમલ થાય છે કે નહિ તેની પ્રક્રિયા સમાજના જાહેર જીવનમાં જુદા-જુદા સ્થળે વિચાર-વિમર્શ, લોકમતનું ઘડતર, દાબ-દબાવ, ઝૂંબેશ વગેરે સાથે સંકળાયેલ છે. આ પ્રક્રિયામાં નાગરિક સમાજ (સિવિલ સોસાયટી) મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ નાગરિક સમાજ એટલે સમાજનો એ સમૂહ કે જે સાર્વજનિક હિત માટે વિચારતો હોય,

* નિવૃત્ત પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર, જે.એન.યુ. નવી દિલ્હી. (હાલ અમદાવાદ) Email : ghanshyam.shah2008@gmail.com

** તા. ૨૦, ફેબ્રુઆરીના રોજ જુનાગઢ ખાતે યોજાયેલ ૨૩મા ગુજરાત સમાજશાસ્ત્ર અધિવેશનમાં પ્રો. તારાબેન પટેલ સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં રજૂ કરેલ વ્યાખ્યાન.

પ્રવૃત્તિમય હોય તેવો દાવો કરે છે અને બૌદ્ધિકો-અધ્યાપકો, લેખકો, પત્રકારો, સ્વૈચ્છિક સંગઠનો, કર્મશીલો જે સાર્વજનિક હિત માટે, સૌની સુખાકારી માટે કામ કરતા હોય તે બધાનો નાગરિક સમાજમાં સમાવેશ થાય છે.

લોકશાહી અને જ્ઞાતિપ્રથાનાં મૂલ્યો અને ઉદ્દેશો મૂળભૂત રીતે પરસ્પર વિરોધી છે. લોકશાહી સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના સિદ્ધાંતોમાં માને છે, જ્યારે અસમાનતા જ્ઞાતિપ્રથાનું હાર્દ છે તેમાં ઉચ્ચનીચનો કોટિક્રમ છે. ડૉ. આંબેડકર કહે છે તેમ જ્ઞાતિના માળખામાં ગ્રેડેડ અસમાનતા છે. બધા સમાજોમાં અસમાનતા હોય છે, પરંતુ જ્ઞાતિપ્રથામાં પોતાની નીચે કોઈ અને પોતાની ઉપર કોઈ હોય તેવી ઉપરથી નીચેની વ્યવસ્થા અને આગ્રહ છે. હું બીજા કરતાં ચડિયાતો છું તેવો ખ્યાલ વ્યાપક છે. એટલે સ્વતંત્રતા બધા માટે સરખી નથી. ફરજનો ખ્યાલ અને ભાતૃત્વ જ્ઞાતિ પૂરતું સીમિત છે. આ પ્રથામાં જાહેર હિતનો ખ્યાલ પોતાની જ્ઞાતિ પૂરતો સીમિત છે.

લોકશાહી રાજ્ય અને નાગરિક સમાજ સર્વજન સુખાય અને સર્વજન હિતાયના ખ્યાલને વરેલા છે. સૈદ્ધાંતિક રીતે બન્ને જ્ઞાતિવિહિન સમાજ રચનાને પુરસ્કારે છે. તે માટે તે બન્ને કાર્યરત હોવા જોઈએ. રાજ્ય નીતિ અને કાયદા-કાનૂનના અમલ દ્વારા સૌના હિતને ધ્યાનમાં રાખી કામ કરે તેવી અપેક્ષા છે. આમાં નાગરિક સમાજ એક તરફ સમાજમાં સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વનાં મૂલ્યોનું બીજારોપણ અને તેને વિકસાવવાની પ્રવૃત્તિ કરે અને બીજી બાજુએ રાજ્ય સૌના હિત માટે કામ કરે તે માટે રાજ્ય પર પ્રભાવ પાડે અને જરૂર પડે રાજ્યને પડકારે પણ.

(૨)

હવે વાસ્તવિક પરિસ્થિતિમાં નાગરિક સમાજની ભૂમિકા, જ્ઞાતિ અને રાજકારણ અંગે વાત કરીએ. વાસ્તવિક પરિસ્થિતિમાં નાગરિક સમાજ એકસરખો નથી. તેના જુદાંજુદાં એકમો સાર્વજનિક સુખ અંગે એકમત નથી; સૌનું હિત કેવી રીતે હાંસલ થાય તે અંગે મતભેદ છે. સરળતા ખાતર એમ કહી શકાય કે મુખ્ય ધારાના નાગરિક સમાજનો વ્યાપ અને અસર અને ગૌણ કે હાંસિયાના નાગરિક સમાજના વ્યાપ અને અસર જે તે સમયે મર્યાદિત છે. અર્વાચિન નાગરિક સમાજની શરૂઆત ૧૯મી સદીમાં આધુનિક શિક્ષણ, ટૅકનોલોજી, છાપખાના, વાહનવ્યવહાર, વગેરેની સુવિધા સાથે થઈ. સમાજના અતિ નાના ઉપલા સ્તરમાંથી જેઓને આ સુવિધાનો લાભ મળ્યો તેઓ બ્રાહ્મણ અને વાણિયા જ્ઞાતિના હતા. તેઓમાંની જૂજ વ્યક્તિઓએ, મુખ્યત્વે બ્રાહ્મણોએ બુદ્ધિવર્ધક મંડળીઓ કરી સમગ્ર સમાજ અંગે લખવાનું શરૂ કર્યું. તેઓ વિચારગોષ્ટી પણ કરતા. દુર્ગારામ મહેતા જેવાએ માનવ ધર્મસભા સ્થાપી અને અસમાનતા અને ઊંચનીચ આધારિત જ્ઞાતિપ્રથા વિરુદ્ધ સ્ટેન્ડ લીધું. વખત જતાં આ વાત હાંસિયામાં રહી અને ભૂલાઈ ગઈ. તમારામાંથી ભાગ્યે જ થોડાએ દુર્ગારામ વિષે સાંભળ્યું હશે. તમે બધા નર્મદ અંગે જાણો છો. તેને ઇતિહાસના લેખકો અને સાહિત્યકારોએ પાછળથી આધુનિક ગુજરાતના પિતા તરીકે પાંખ્યો છે. નર્મદે વિધવા સાથે લગ્ન કર્યાં અને અંધશ્રદ્ધા સામે વિદ્રોહ કર્યો. તેમનો સુધારો તેમની જ્ઞાતિ પૂરતો મર્યાદિત હતો. પાછળનાં વર્ષોમાં તો તેમણે વર્ણાશ્રમ ધર્મને ટેકો પણ આપ્યો હતો. તેમણે લખ્યું કે ભીલોમાંથી કોઈ એકાદ પાસે બ્રાહ્મણની શક્તિ હોય અને બ્રાહ્મણોમાંથી કોઈ પાસે ભીલની શક્તિ હોય તે શક્ય છે. તેમ છતાં આ અને પરલોકની દુનિયામાં બ્રાહ્મણ ચડિયાતો છે અને ભીલ નીચલી કક્ષાનો છે.

આ માન્યતાવાળો માઈન્ડ સેટ કેટલો અને કેવા પ્રકારનો જુદા જુદા સમયે આપણા સાહિત્યમાં (વાર્તાઓ, નવલકથાઓ, કાવ્યો) જોવા મળે છે તેનો સમાજશાસ્ત્રીઓએ અભ્યાસ કરવો જોઈએ. તો આપણું વલણ કેવું હોય ? આંખ આડા કાન કરવાનું ? સમાજમાં વાસ્તવિક છે તે લખે તેમાં ખોટું શું છે એમ કહી છૂટી પડવાનું ? આ અભિગમ સામે પ્રશ્નો ઉભા કરવાનું ? આ સવાલો હું ઉભા કરું છું કારણ કે થોડા વર્ષો પહેલાં માર્ટીન મેકવાને ઊભાં કર્યા હતા અને મુખ્ય ધારાના સાહિત્યકારો, સમાજશાસ્ત્રીઓ અને કોલમ લેખકોએ અવગણ્યા હતા. બાળસાહિત્યકાર ગિજુભાઈ બધેકાની વાર્તાઓ, જોડકણાં અને કવિતાનું ૨૦૦૪માં પુનઃમુદ્રણ થયું હતું. આ કરવા પાછળ પ્રકાશકનો ઉદ્દેશ હતો કે ''આદર્શ શિક્ષણ અને એમાંથી સર્જાતો આદર્શ માનવી-એ લક્ષ સાધવામાં ગિજુભાઈનાં પુસ્તકો શ્રેષ્ઠ ફાળો આપી શકે એમ છે. આ વાર્તાઓ ૧૯૩૦-૪૦ના દાયકામાં લખાઈ હતી. આ વાર્તાઓમાંથી માર્ટીને ૩૫ ઉદાહરણો આપ્યાં હતાં કે જેમાં જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે અને સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદભાવસૂચક શબ્દો અને તુચ્છકાર સૂચક સંબંધોનો ઉપયોગ થયો છે. આ વખતે

મારા એક મિત્ર જે જ્ઞાતિપ્રથામાં નહિ માનનારા પ્રગતિશીલ હોવાનો દાવો કરે છે. તેમણે કહ્યું ''આ દલિલ સાહિત્યકારો/ આગેવાનો જ્ઞાતિનું નામ આ વાર્તા કે તે વાર્તામાં, આ કે તે રીતે આવે છે તેમાં શા માટે પડે છે ?'' આ પ્રશ્નને આપણે સમાજશાસ્ત્રી તરીકે કેવી રીતે જોઈશું ? શું આ લખાણોમાં લેખકોની પોતાની માન્યતા, વિચારસૃષ્ટી પ્રગટ નથી થતી ? શું આ લખાણો આપણા જનમાનસને અસર નથી કરતાં ? આ લખાણો યથાવત્ પુનઃપ્રકાશિત કરીશું. પ્રકાશકનો ''આદર્શ શિક્ષણ...આદર્શ માનવીને''ને સર્જન કરવાનો ધ્યેય પ્રાપ્ત થઈ શકે ખરો ?

આપણી પાસે જ્ઞાતિ પ્રમાણે સંખ્યાબળની સત્તાવાર અને સૌને સ્વીકૃત માહિતી નથી. આ કામ અઘરુ અને અટપટુ છે, કારણ કે જ્ઞાતિની ઓળખ આત્મલક્ષી છે; તે સંદર્ભ પ્રમાણે બદલાય છે. જ્ઞાતિ અને રાજકારણની આપણી ચર્ચાના અનુસંધાનમાં, એક કામચલાઉ આંકડા મૂકીએ, જેનો આધાર ૧૯૩૧ની વસ્તી ગણતરી અને ૧૯૮૫ માં મેં ૧૦૦ ગામનો સર્વે કર્યો હતો. તે નીચે પ્રમાણે છે.

| જ્ઞાતિ | વસતી ટકા (આશરે) | ધારાસભ્યો | | |
|---|---|---|---|---|
| | | ૧૯૬૧ | ૧૯૮૦ | ૨૦૦૭ |
| ૧. ઉપલિ જ્ઞાતિ (જનરલ) | ૧૨ | ૩૪ | ૨૧ | ૧૪ |
| ૨. પાટીદાર (જનરલ | ૧૦ | ૨૭ | ૨૧ | ૨૮ |
| ૩. બક્ષીપંચની જ્ઞાતિઓ | ૪૫ | ૮ | ૨૪ | ૩૪ |
| ૪. અનુ. જાતિ | ૭ | ૭ | ૮ | ૭ |
| ૫. અનુ. જનજાતિ | ૧૬ | ૧૫ | ૧૬ | ૧૫ |
| ૬. મુસ્લિમ | ૯ | ૫ | ૬ | ૨ |
| ૭. અન્ય | ૧ | ૪ | ૪ | ૪ |

અહીં ઉપલી જ્ઞાતિ એટલે ફક્ત વાણિયા, બ્રાહ્મણ કે રાજપૂત જ નહીં પણ જે જ્ઞાતિઓને અનામતનો લાભ મળતો નથી તે બધી. આંજણા અને મતિયા પાટીદારોએ અનામતનો લાભ મળે છે તે બક્ષીપંચમાં સમાવિષ્ટ છે. આ જ્ઞાતિઓના બધા જ કુટુંબોનો સામાજિક અને આર્થિક દરજ્જો એકસરખો નથી. તેમનામાં સામાજિક ઊંચ-નીચનો ભેદભાવ છે અને આર્થિક રીતે તવંગર, મધ્યમ વર્ગીય અને ગરીબ એવા વર્ગો છે. ઉપલી (જનરલ) જ્ઞાતિઓમાં તેમજ બક્ષીપંચ. અનુ. જાતિ તથા અનુ. જનજાતિમાં પણ મધ્યમ વર્ગ અને ગરીબ કુટુંબો છે. ફરક એટલો છે કે ઉપલિ જ્ઞાતિમાં બીજી જ્ઞાતિઓની સરખામણીમાં ગરીબ કુટુંબો ખૂબ ઓછાં છે અને બાકીની બધી જ્ઞાતિઓમાં ધનિક અને મધ્યમ વર્ગના કુટુંબો આંગળીને વેઠે ગણાય એટલા છે.

નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઇકોનોમિક રિસર્ચ (NCAERT) ના ૨૦૦૪-૨૦૦૫ના સર્વે અનુસાર આવકના આધારે દેશમાં નીચે મુજબનું ચિત્ર જોવા મળે છે.

| જ્ઞાતિ | ગરીબ | નિમ્ન મધ્યમ વર્ગ | મધ્યમ વર્ગ | ધનિક વર્ગ |
|---|---|---|---|---|
| ૧. અનુ. જાતિ | ૮૧.૫ | ૧૫.૪ | ૨.૯ | ૦.૨ |
| ૨. અનુ. જનજાતિ | ૮૫.૯ | ૧૧.૩ | ૨.૭ | ૦.૧ |
| ૩. અન્ય પછાત વર્ગ | ૭૨.૨ | ૨૧.૮ | ૫.૬ | ૦.૪ |
| ૪. ઉચ્ચ જ્ઞાતિઓ | ૫૪.૪ | ૩૧.૯ | ૧૨.૫ | ૧.૪ |

**નોંધ :** વાર્ષિક રૂ. ૯૦,૦૦૦/- થી ઓછી આવકવાળા ગરીબ, નેવું હજારથી બે લાખની આવકવાળા નિમ્ન મધ્યમ વર્ગ, બે થી દશ લાખની આવકવાળા મધ્યમ વર્ગ અને ૧૦ લાખથી વધુ આવકવાળા કુટુંબ ધનિક.

આ ચિત્ર વાસ્તવિક પરિસ્થિતિનો ઓછો પાતળો ખ્યાલ આપે છે. જુદાં જુદાં રાજ્યોમાં જ્ઞાતિવાર આર્થિક વર્ગોમાં કુટુંબોની ટકાવારીમાં પણ ફરક છે. એક જ આર્થિક વર્ગમાં આવતી જુદી જુદી જ્ઞાતિઓના લોકોમાં પણ ઘણો તફાવત છે. શું આપણે એમ કહી શકીએ કે ગરીબ વાણિયો અને ગરીબ ઠાકોર સરખા છે ? બન્ને એક સરખી વંચિતતાના શિકાર છે ? આ સવાલના જવાબ માટે હું તમારું બે બાબતો પર ધ્યાન દોરવા માગું છું. એક, કૌટુંબિક અને જ્ઞાતિગત સમાજીકરણમાં વાણિયાના દીકરો કે દીકરી ઠાકોર કે માછીમારના દીકરા કે દીકરી કરતાં ઉચ્ચ છે. વાણિયાના દીકરાને એવું લાગે છે કે ''હું પટાવાળા કે મજૂરનું કામ કેવી રીતે કરું ?'' એની પરંપરાગત માન્યતાઓ અને અપેક્ષાઓ તેને પોતાની સમકક્ષ ગરીબ કે મધ્યમ વર્ગની વ્યક્તિ કે કુટુંબથી દૂર રાખે છે. બીજું, તેની સામાજિક મૂડી (social capital) ગરીબ ઠાકોર કરતાં વધારે છે. ૧૯મી સદીના મધ્ય ભાગથી જ્ઞાતિઓએ પોતાના ગજા પ્રમાણે જ્ઞાતિબંધુઓ માટે સિક્ષણ, આરોગ્ય, આર્થિક મદદ વગેરે કામો શરૂ કર્યાં. આ કામો જ્ઞાતિના પૈસેટકે સુખી લોકોની મદદથી થયાં છે, થાય છે. આ કરવા પાછળનું મુખ્ય કારણ એ છે કે આ પાયાની સેવાઓ જે સાર્વજનિક, સૌને માટે, એકસરખી હોવી જોઈએ તે બ્રિટીશ સરકારે ન કરી અને

છેલ્લા છ દાયકામાં આપણી સરકારે પણ નથી કરી. રાજ્ય સિવાય પણ બીજી કોઈ સાર્વજનિક, સૌને પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ નથી. જ્ઞાતિના પૈસેટકે સુખી લોકો આવી પ્રવૃત્તિમાં પોતાનું યોગદાન આપે છે. તેમાં ઘણી વખત પોતાના જ્ઞાતિબંધુઓ માટે સેવાની નિઃસ્વાર્થ ઇચ્છા ઉપરાંત જ્ઞાતિમાં માન-પાન મળે તેવી ઇચ્છા પણ હોય. કેટલાક આ રીતે જ્ઞાતિબંધુઓ પર પોતાની વગ વધારે અને જરૂર પડે આ વગ દ્વારા જાહેર જીવનમાં, રાજકારણમાં પોતાનું કામ, હિત હાંસલ કરે. જે હોય તે, એક વાત ચોક્કસ છે કે જે જ્ઞાતિઓમાં પૈસેટકે વધુ સુખી કુટુંબો તે જ્ઞાતિઓમાં આ પ્રકારની જ્ઞાતિબંધુને મદદ કરવાની વ્યવસ્થા વધુ અને જે જ્ઞાતિઓમાં પૈસેટકે સુખી કુટુંબો ઓછા, ગરીબો વધારે, ત્યાં આવી વ્યવસ્થા ઓછી કે નહિવત. એટલે ઉપલી જ્ઞાતિઓના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો કે શિષ્યવૃત્તિ આપનારી સંસ્થાઓ બક્ષીપંચની કે અનુ.જાતિની જ્ઞાતિઓના કરતાં ઘણી વધારે છે; અલબત્ત પુરતી નથી એવું જરૂર કહી શકાય. આપણી જ્ઞાતિ અને રાજકારણની ચર્ચાના સંદર્ભમાં એટલું જરૂર કહી શકાય કે આ પ્રકારની જ્ઞાતિકેન્દ્રિત વ્યવસ્થા ''આપણાવાળા''ની ભાવનાને પોષે છે.

(૪)

એક રીતે કહીએ તો આઝાદીની ચળવળને લોકઆંદોલન કહી શકાય. સત્યાગ્રહોમાં સમાજના વિવિધ સ્તરના લોકોએ ભાગ લીધો હતો. પરંતુ, પ્રદેશ કક્ષાએ જેઓ જુદા જુદા સંગઠનોના, કોંગ્રેસ પક્ષ સહિત, હોદ્દેદારો ઉચ્ચ જ્ઞાતિના અને ગ્રામવિસ્તારમાં કણબી પાટીદાર હતા. ૧૯૪૮માં ગુજરાત કોંગ્રેસ કારોબારીના ૧૭ ચૂંટાયેલા હોદ્દેદારોમાંથી મોટા ભાગના વાણિયા-બ્રાહ્મણ જ્ઞાતિના હતા. ચાર પાટીદાર હતા, અન્ય જ્ઞાતિઓમાંથી એક પણ નહિ. પુખ્ત મતાધિકાર દ્વારા ચૂંટણી આવતાં સ્થિતિ બદલાવા લાગી. ડૉ. આંબેડકરની આગેવાની નીચે બંધારણમાં અનુ.જાતિ અને અનુ.જનજાતિને લોકસભા અને વિધાનસભામાં અનામત બેઠકો મળી. એટલે કોઈ ઇચ્છે કે ન ઇચ્છે ૧૯૫૨ની ચૂંટણીથી આ સમૂહના આગેવાનોને પક્ષોએ ઉમેદવાર તરીકે ટિકિટો આપવી પડી. વળી, ચૂંટણી જીતવા સ્થાનિક આગેવાનોની જરૂર પડી. એટલે બીજા વંચિત સમૂહ કે જેમનું સંખ્યાબળ વધુ છે તેમના આગેવાનોને પણ કોંગ્રેસે ઉમેદવાર તરીકે ઊભા રાખ્યા. આમ, છતાંય. ૧૯૫૨ અને ૧૯૫૭ની વિધાનસભામાં ૫૦ ટકા ધારાસભ્યો ઉપલી જ્ઞાતિના અને માંડ ૧૦ ટકા ઓ.બી.સી. જ્ઞાતિઓના હતા.

આઝાદીની ચળવળ વખતે ગુજરાતમાં દક્ષિણ ભારતનાં રાજ્યોની જેમ બ્રાહ્મણવાદ વિરોધી સામાજિક-રાજકીય આંદોલન ન હતું. વળી, ઉત્તર પ્રદેશ અને બિહારની માફક લોહિયા વિચારસરણીવાળું સમાજવાદી આંદોલન ન હતું. કે જે ઉપલી જ્ઞાતિઓનો વિરોધ કરતું હોય. આ શૂન્યાવકાશમાં ગુજરાત ક્ષત્રિય સભાએ 'વંચિત' જ્ઞાતિઓના પ્રશ્નોને વાચા આપવાનું કામ ૧૯૫૨ થી કર્યું. સભાના સ્થાપકો અને આગેવાનો તળ ગુજરાતના રાજપુત તાલાકદાર-ગીરાસદાર હતા. સભાનું સંખ્યાબળ-ચાલકબળ ઠાકોર, બારૈયા, પાટણવાડિયા, ખાંટ, વગેરે જ્ઞાતિના લોકો હતા. એમનું સંસ્કૃતીકરણ 'ક્ષત્રિય' તરીકે કરવામાં ક્ષત્રિય સભાનું મોટું યોગદાન છે. આગેવાનો મોટા જમીનદાર કે સમૃદ્ધ ખેડૂત ન હતા. તેમનો સીધો ટકરાવ સ્થાનિક પાટીદારો સામે જમીન અને વર્ચસ્વના મુદ્દે હતો. ઠાકોર, બારૈયા, વગેરે ગરીબ ખેડૂત-ગણોતિયા, ચાકર કે મજૂર હતા. તેમને રોજબરોજ પાટીદારો સામે ઘર્ષણ થતું.

૧૯૫૨થી ક્ષત્રિય સભાએ ક્ષત્રિયોને ચૂંટણીમાં વધુ ને વધુ ટિકિટો મળે તે માટે કોંગ્રેસ પર દબાણ કર્યું. તે માટે વાટાઘાટો સાથે સંખ્યાબળનું પ્રદર્શન અને જમીનના પ્રશ્નો - ગણોતિયાના હક્કો, લઘુતમ મજૂરી, વગેરે-અંગે આંદોલન પણ કર્યા. તેઓ કોંગ્રેસની અંદર અને બહાર પાટીદારો સામે ટકરાયા. કોંગ્રેસના કેટલાક પાટીદાર આગેવાનોએ, ખાસ કરીને ખેડા અને વડોદરા જિલ્લામાં, ક્ષત્રિયોને પક્ષના સભ્ય થતા અટકાવ્યા, અપમાનિત કર્યા. આ સ્થિતિનો લાભ ભાઈકાકાએ ૧૯૬૨ અને ૧૯૬૭માં સ્વતંત્ર પક્ષ માટે કર્યો. કેટલાક ભૂતપૂર્વ રાજવીઓને અને કોંગ્રેસથી અસંતુષ્ઠ કેટલાક ક્ષત્રિય સભાના આગેવાનોને ટિકિટ આપી, હોદ્દા આપ્યા પણ આ જોડાણ લાંબુ ન ચાલ્યું. પક્ષમાં સતત પાટીદાર અને ક્ષત્રિયો વચ્ચે તનાવ રહ્યો. ત્રણ કારણસર— એક, પાટીદાર અને ક્ષત્રિય આગેવાનોના 'આપણાવાળા' અભિગમથી બંને વચ્ચે સત્તામાં ખેંચતાણ રહેતી. બીજું, મોટા ભાગના પાટીદાર આગેવાનો ક્ષત્રિય આગેવાનોને સમકક્ષ ન માનતા. અવારનવાર, જાણેઅજાણે, અવગણતા, જેનાથી ક્ષત્રિયોની માનહાની થતી. ત્રીજું, સ્થાનિક કક્ષાએ

સામાન્ય ક્ષત્રિયનું આર્થિક ખેતમજૂર, ગણોતીયા તરીકેનું હિત પાટીદાર સાથે ટકરાવવાનું ચાલુ રહ્યું. આમ, ક્ષત્રિયોને સતત લાગતું કે સ્વતંત્ર પક્ષ તેમના હિત માટે નથી.

વળી, આ સમય દરમિયાન ગુજરાતમાં પંચાયતી-રાજની શરૂઆત થઈ. એટલે ગામ અને જિલ્લા પંચાયતોમાં વંચિત સમૂહોએ ઘણી જગાએ સત્તામાં ભાગીદારી માટે પ્રયત્નો કર્યા. પંચાયતની ચૂંટણીમાં લડ્યા. વર્ષોથી સત્તા ધરાવતા વર્ચસ્વ ધરાવતા આગેવાનો અને તેમના જ્ઞાતિજનો અકળાયા; બન્ને વચ્ચે ઘર્ષણો થયાં. આ રીતે આપણે ત્યાં સર્વસ્વ ધરાવતા સમૂહો સામે પડકાર શરૂ થયો. તે સમયે યુ.પી. અને બિહારમાં વંચિત સમૂહોના રાજ્યવ્યાપી આંદોલનની શરૂઆત થઈ ચૂકી હતી. આ માહોલમાં (૧૯૬૯) કોંગ્રેસ વિભાજિત થઈ - સંગઠન કોંગ્રેસ (સિન્ડિકેટ) અને ઈન્દિરા કોંગ્રેસ (ઈન્ડિકેટ). જેઓ પોતાને 'સમાજવાદી' / ગરીબ તરફી માનતા હતા તેવા કોંગ્રેસીઓ ઈન્દિરા કોંગ્રેસમાં જોડાયા. તેમાંના એક ઝીણાભાઈ દરજી, બીજા ઘણા વ્યક્તિગત સત્તા માટે જોડાયા. આ વખતે ઈન્દિરા ગાંધીએ ક્ષત્રિય સભાના આગેવાનોને વચન આપ્યું કે જો તેમની સરકાર ગુજરાતમાં આવશે તો તે 'પછાત વર્ગ'ને અનામત આપવા એક પંચ નિમશે. પણ, તે સત્તા પર આવે તે પહેલાં જ તે બાબતની સંગઠન કોંગ્રેસની ગુજરાત સરકારે ક્ષત્રિય સભાના આગેવાનના પ્રમુખપદે 'પછાત વર્ગ' માટે પેનલની રચના કરી. આમ, છતાં ૧૯૭૨માં આમ, 'ક્ષત્રિયો' અને બીજા ગરીબોએ ઈન્દિરા કોંગ્રેસને ટેકો આપી જીતાડી. ત્યાર બાદ ઝીણાભાઈ દરજી ગુજરાત કોંગ્રેસના પ્રમુખ બન્યા. પણ. એમનો ગરીબ વંચિત લોકો તરફનો અભિગમ અને કામ પક્ષના ઘણાને ગમતા ન હતા. પક્ષ બહાર વર્ચસ્વ ધરાવતા વર્ગને ઝીણાભાઈ માટે નફરત હતી. એમની પર વર્ગવિગ્રહના આરોપો થયા; પક્ષમાં કામ કરવામાં મુશ્કેલીઓ ઊભી કરવામાં આવી. આખરે પ્રમુખ તરીકે રાજીનામું આપવાની એમને ફરજ પડી.

આ દરમિયાન ચીમનભાઈ પટેલ વિરુદ્ધ વિદ્યાર્થીઓનું નવનિર્માણ આંદોલન થયું. ઈન્દિરા કોંગ્રેસે રાજ્યમાં સત્તા ગુમાવી. જનતા મોરચાની સરકાર બની. જનતા સરકારે બક્ષીપંચની ભલામણોનો અમલ શરૂ કર્યો. પહેલી વખત ગુજરાતમાં વંચિત જ્ઞાતિઓને શિક્ષણ અને નોકરીઓમાં અનામતનો લાભ મળ્યો. આ સમયે, ગરીબ તરફી કોંગ્રેસ આગેવાનોએ, ખાસ કરીને ઝીણાભાઈ, સનત મહેતા અને માધવસિંહે, ચૂંટણીમાં ટિકિટની વહેંચણી અને તે દ્વારા પક્ષમાં અને બહાર વંચિતોના અવાજને પ્રાધાન્ય આપવા માટે 'ખામ' થિયરી (વ્યૂહરચના)ની રચના કરી. પરિણામે ૧૯૮૦ની વિધાનસભામાં વંચિત સમૂહના ધારાસભ્યોની સંખ્યા ૨૪ ટકા (૧૯૬૨ કરતાં ત્રણ ગણી) થઈ. પણ, કોંગ્રેસે ઉપલી જ્ઞાતિઓ (પાટીદાર સહિત)નો ટેકો ગુમાવ્યો. તેમાં ઝીણાભાઈ અને માધવસિંહનું વંચિત સમૂહોની તરફદારી કરતું વલણ અને કેટલાંક પગલાં પણ કારણભૂત છે. ૧૯૮૦ પછી ભાજપને સમજાયું કે વંચિત જ્ઞાતિઓના ટેકા વગર સત્તા મેળવવી અઘરી છે. તેણે વ્યૂહરચના બદલી. વંચિત સમૂહના આગેવાનોને વધુ ટિકિટ અને હોદ્દા આપ્યા. સાથે સાથે તેમનામાં હિંદુ એકતા-સમરસતાની ભાવના કેળવવા જાતજાતના પ્રયત્ન કર્યા. અયોધ્યા રામજન્મભૂમિ આંદોલનમાં એમને મોબિલાઈઝ કર્યા. આમ, છતાં, આ સમૂહોના સામાન્ય વંચિતનો એકધાર્યો સતત ટેકો ભાજપ મેળવી શક્યું નહિ. કોઈક વખત ટેકો મળે અને કોઈક વખત ટેકો ન મળે. એનું એક કારણ એ છે કે રોજબરોજના જીવનમાં વંચિતોનું ઘર્ષણ ઉપલી જ્ઞાતિના લોકો સાથે ચાલુ જ રહ્યું.

**સમાપન :**

એક રીતે કહીએ તો જ્ઞાતિપ્રથા છેલ્લા છ દાયકામાં તેના પરંપરાગત લક્ષણોમાં ક્ષીણ થઈ છે. તેમ કહી શકાય. ખાવા-પીવાની બાબતમાં, જ્ઞાતિભેદ ઠીક-ઠીક ઓછો થયો છે. રોજ-બ-રોજના જીવનમાં, ખાસ કરીને શહેરી વિસ્તાર અને એને સંલગ્ન ગામોમાં કોટીક્રમ આધારિત આર્થિક-સામાજિક વ્યવહારોમાં સારા પ્રમાણમાં તરાડો પડી છે. જ્ઞાતિના સામાજિક રોટી-બેટીના વ્યવહારોના વાડા વિસ્તર્યા છે, પણ સાથે 'આપણા'પણાની ભાવના, ખાસ કરીને જાહેર જીવનમાં યથાવત રહી છે, કદાચ વધી છે. અલબત્ત અભિવ્યક્તિ બદલાઈ છે.

એક વખત સમાજશાસ્ત્રીઓ માનતા હતા કે સ્પર્ધાત્મક લોકશાહી રાજકારણ દ્વારા જ્ઞાતિબંધનો અને સંસ્થાઓ તૂટશે, નિરર્થક થઈ જશે. તેને સ્થાને સેક્યુલર સંસ્થાઓ આર્થિક અને સામાજિક જરૂરિયાતોને સંતોષવા ઊભી થશે. પણ આ ધાર્યા પ્રમાણમાં ન બન્યું. જે સંસ્થાઓ થઈ તે વિકસવાને

બદલે પાંગલી બની. એનું એક કારણ એ છે કે આપણા રાજકારણ-જાહેર નાગરિક સમાજમાં વૈશ્વિક મૂલ્યો આધારીત વિચારસરણી અને પ્રવૃત્તિઓ વિકસી નહીં. સંસ્થાગત હિતોને બદલે વ્યક્તિગત હિતો, કાયદા-કાનૂન-નિયમો આધારિત વહીવટને બદલે વ્યક્તિગત ઓળખાણ અને સંબંધોએ પ્રાધ્યાન્ય મેળવ્યું. આ જ્ઞાતિ આધારિત માળખાને અનુકૂળ અને પ્રોત્સાહિત કરનાર બન્યું. આનો લાભ જે જ્ઞાતિઓનું વર્ચસ્વ હતું તેમને વધુ મળ્યો.

આ પરિસ્થિતિમાં વર્ચસ્વ ધરાવતા અને શોષીત-પીડિત જનસમુદાયે પોતપોતાની રીતે જ્ઞાતિ કેન્દ્રિત રાજકારણનો સહારો લીધો છે. વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિઓએ પોતાની વગ વધારવા, આર્થિક વૃદ્ધિને કોર્નર કરવા જ્ઞાતિનું નામ લીધા વગર જ્ઞાતિના નેટવર્કને પોસ્યું છે. આધુનિકતા અને આવડતના નામે. નિમ્ન જ્ઞાતિઓએ એમના સંખ્યાબળને કારણે ચૂંટણી રાજકારણમાં વધુ બોલકા બન્યા. તેમને પોતાની જ્ઞાતિના પ્રતિનિધિઓને ચૂંટીને સત્તાસ્થાને બેસાડ્યા. આ પ્રતિનિધિઓને હોદ્દો મળ્યો પણ વ્યવસ્થા બદલવાની સત્તા ન મળી. આર્થિક સત્તા તો ઉપરની જ્ઞાતિઓ પાસે યથાવત્ રહી. આ વિરોધાભાસ સમાજમાં સતત અજંપો પેદા કરે છે.

• • •

સંસ્કૃતિની સાચી કસોટી વસ્તી ગણતરી નથી, શહેરોની જાહોજલાલી નથી, માલની પેદાશ નથી પણ દેશ કેવા માણસો પેદા કરે છે તેના પર છે. - **એમર્સન**

• • •

અન્યાય અને અત્યાચાર કરનારો જેટલો દોષિત છે. તેનાથી વધુ દોષિત અન્યાય સહન કરનારો છે.
- **બાલગંગાધર તિલક**

• • •

જગતમાં માણસ સિવાય જેમ બીજું કોઈ મોટું નથી તેમ માણસના ચારિત્ર્ય સિવાય બીજું કંઈ પણ મોટું નથી. - **ડબલ્યુ એમ. ઈવાર્ટસ**

• • •

જ્યાં સુધી જિંદગીમાં મીઠાશ અને ઉત્સાહ હોય, જ્યાં સુધી હૃદયમાં મહત્ત્વાકાંક્ષા હોય, જ્યાં સુધી તન મનમાં કામ કરવાની ક્ષમતા હોય ત્યાં સુધી માણસ ઘરડો થયો ન કહેવાય. - **સ્વેટ માર્ડન**

• • •

''દરેક આફત શાપ નથી હોતી, ઘણીવાર તે આશીર્વાદ હોય છે. એવી આફતનાં સામનાથી આપણને અનુભવ મળે છે અને ભવિષ્યની આફતોનો સામનો કરવાની શક્તિ મળે છે.'' - **શાર્પ**

• • •

ઘડિયાળના કાંટાને તમે અટકાવી શકો નહીં; પરંતુ હા, તમે પદ્ધતિસરના આયોજનથી સમયનો મહત્તમ ઉપયોગ કરી શકો છો. સમયનો જે મહત્તમ ઉપયોગ કરી જાણે છે તે સફળ છે. સુખી છે. - **ટેનીસન**

• • •

આ દુનિયા એવી છે. જ્યાં કરવાનું ઘણું બધું છે પણ જાણવાનું થોડું છે. - **સેમ્યુઅલ જોન્સન**

• • •

## સમાજશાસ્ત્રમાં અધ્યાપન અને અધ્યયન**

– ડૉ. એડવીન મસીહી*

સમાજશાસ્ત્રના અધ્યાપક તરીકે મેં મારી નોકરીની શરૂઆત ૧૯૫૯ ના જૂન મહિનામાં જુનાગઢની બહાઉદ્દીન આર્ટ્સ અને સાયન્સ કૉલેજ (જે સરકારી કૉલેજ હતી) થી કરી હતી. ત્યાં મારે સમાજશાસ્ત્રના વિષયની શરૂઆત કરવાની હતી. તે પહેલાં સૌરાષ્ટ્રમાં ભાવનગરની શામળદાસ કૉલેજમાં સારા શિક્ષક અને સમાજશાસ્ત્રના જાણીતા પ્રોફેસર આઈ.પી.દેસાઈએ સમાજશાસ્ત્ર સૌ પ્રથમ ભણાવવાની શરૂઆત કરી હતી. આજે કૉલેજમાં અંગ્રેજીના પ્રોફેસર ભરૂચા હતા. તેઓ દેસાઈ સાહેબની સાથે અધ્યાપક તરીકે હોવાથી સમાજશાસ્ત્ર પ્રત્યે તેઓ ઘણા આકર્ષાયા હતા. તેથી તેઓ જ્યારે જુનાગઢ કૉલેજમાં આચાર્ય તરીકે નિમાયા ત્યારે તેમણે ત્યાંની કૉલેજમાં સમાજશાસ્ત્ર દાખલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને મને તે વિષય ભણાવવાની તક આ રીતે મળી હતી.

હું વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્ર મુખ્ય વિષય લઈને એમ.એ. થયો હતો. સમાજસાસ્ત્ર વિષયની મારી પસંદગી કોઈ ગણતરીપૂર્વકની ન હતી. એસ.એસ.સી. માં પ્રથમ વર્ગમાં આવવાથી મને પણ સાયન્સમાં જઈ ડૉક્ટર થવાની આકાંક્ષા હતી. તેથી હું એમ.એસ.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં દાખલ થયો હતો. ઘણી મહેનતના અંતે હું ઈન્ટર સાયન્સમાં સેકન્ડ ક્લાસમાં પાસ થયો. પણ સિવિલ કે ઈલેક્ટ્રીકલ શાખામાં જવા જેટલા માર્ક હું મેળવી શક્યો ન હતો. તેથી ટેક્ષટાઈલ એન્જિનીયરીંગનો એક નવો વિભાગ ખૂલ્યો હતો તેમાં મેં પ્રવેશ મેળવી લીધો અને ફી પણ ભરી દીધી. પણ તે દરમિયાન મિલમાં જોબર તરીકે કામ કરનાર એક વડીલે મને કહ્યું કે મિલ ખાતામાં તમારા માટે કામ કરવું સહેલું નહિ હોય. તેથી હું બીજા જ દિવસે કૉલેજમાં જઈ મારું એડમીશન કેન્સલ કરાવી આવ્યો. હવે મારા માટે ક્યો વિષય લેવો તે અંગે નિર્ણય કરવાનો મુશ્કેલ પ્રશ્ન આવ્યો. આ જ સમયે મારા હાઈસ્કૂલના શિક્ષક ભાનુભાઈ અધ્વર્યુનો મારા પર પત્ર આવ્યો. તેમણે મને જણાવ્યું કે તે સાયન્સ વિભાગમાંથી પ્રવેશ રદ કરાવ્યો તે ઘણુ સારું કર્યું છે' અને વધુમાં ઉમેર્યું કે 'તુ ભાષા અને વિનયનના વિષયોમાં હોશિયાર હતો તેથી આર્ટ્સમાં ગમે તે વિષય લઈશ તે તારા માટે સારું રહેશે'. જ્યારે સાયન્સમાં જવા માટેનો ક્રેઝ શરૂ થયો હતો ત્યારે મને આવી સલાહ મળવાથી મારો મનનો બોજ ઘણો હળવો થયો હતો.

ત્યારબાદ આર્ટ્સમાં ક્યો વિષય લેવો તે મુશ્કેલ પ્રશ્ન મારી સમક્ષ આવ્યો. સાયન્સમાંથી આર્ટ્સમાં આવનાર માટે ફિલોસોફી સિવાય અન્ય કોઈ વિષયમાં પ્રવેશ મળતો નહિ. તેથી મારે માટે ઈન્ટર આર્ટ્સમાં પ્રવેશ મેળવવાનો માત્ર એક માર્ગ હતો. આ રીતે મારે એક વર્ષનો ભોગ આપવાનો આવ્યો. પણ મેં તે સ્વિકાર્યો અને કમને ઈન્ટર આર્ટ્સના વર્ગો ભરવા લાગ્યો. મારી અભ્યાસ પ્રત્યેની નિરસતા છતાં હું પ્રથમ વર્ગમાં બીજા નંબરે પાસ થયો. ત્યાર પછી મને ભણવામાં ઉત્સાહ અવ્યો અને બી.એ.માં ક્યો વિષય લેવો તે નક્કી કરવાનું જરૂરી બન્યું. મારા એક મિત્રએ સામાજશાસ્ત્ર વિષય લેવાની સલાહ આપી અને જણાવ્યું કે તે નવો વિષય છે તેથી તેમાં આગળ વધવાની તકો વધારે રહેશે. આમ, સમાજશાસ્ત્ર વિષયની મારી પસંદગી વિષય અંગેની જાણકારીમાંથી થઈ નહોતી, પણ મને જાણવા મળ્યું કે તે વિભાગના વડા પ્રોસેસર શ્રીનિવાસ ઓક્સફર્ડમાંથી ડીગ્રી લઈને તથા ત્યાં ભણાવીને આવેલા છે.

સમાજશાસ્ત્રમાં પ્રોફેસર શ્રીનિવાસ અંગ્રેજીમાં લખાએલા ધૂર્યે લિખીત 'જ્ઞાતિપ્રથા'ના પુસ્તક તથા કાપડિયાનું 'લગ્ન અને કુટુંબ' પુસ્તકના આધારે લેક્ચર્સ આપતા. તેઓ બન્ને પુસ્તકની સારી એવી ટીકાત્મક સમજુતિ આપતા. બીજા અધ્યાપક આઈ.પી.દેસાઈ સાહેબ હતા. એક બાજુ શ્રીનિવાસ સાહેબ પશ્ચિમી પોષાક (અને કેટલીકવાર તેમના ઓક્સફર્ડના લેબાસ)માં જોવા મળતા. તેની સામે આઈ.પી.દેસાઈ ધોતી, ખમીસ અને કોટ પહેરતા. વર્ગમાં ભણાવવા માટે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરતા પણ વિદ્યાર્થીઓ સાથેની વાતચીત ગુજરાતીમાં કરતા. તેઓ

* નિવૃત્તિ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, ગુજરાત યુનિ. તેમજ નિયામક, ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, આંબાવાડી, અમદાવાદ.

** પ્રસ્તુત લેખ વિમલભાઈ શાહ અને ધીરુભાઈ દેસાઈ સાથે ચર્ચા-વિચારણા કરીને લખવામાં આવ્યો છે.



* 'અવાજ' સ્ત્રીઓ માટે કાર્યરત એક સ્વૈચ્છિક સંસ્થા છે.

આદિમ સમાજની સંસ્થાઓને લગતું અંગ્રેજીમાં લખાએલું પુસ્તક ભણાવતા. તેમની ભણાવવાની પદ્ધતિ પણ નિરાળી હતી. તેઓ વિદ્યાર્થીઓને ઉપરોક્ત પુસ્તકનાં પ્રકરણો એક પછી એક વાંચવા કહેતા અને વાંચ્યા પછી જે સમજ્યા હોય તે લખવા જણાવતા. વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫ થી ૨૦ વચ્ચેની હતી. વર્ગમાં દરેક વિદ્યાર્થીને પોતાનું લખાણ વાંચવાનું રહેતું. અન્ય વિદ્યાર્થીઓ વાંચનાર વિદ્યાર્થીને પ્રશ્ન કરતા જેનો જવાબ તેને આપવાનો રહેતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પોતાના લખાણને ફરીથી લખવાનું રહેતું. આ રીતે પુસ્તકનાં બધાં પ્રકરણો વિદ્યાર્થીઓએ પોતે તૈયાર કરવાનાં રહેતાં. દેસાઈ સાહેબ જરૂર હોય ત્યાં કોમેન્ટ આપતા પણ લેક્ચર આપતા નહિ. શરૂઆતના દિવસોમાં જ્યારે હું તેમને યુનિવર્સિટી બહાર મળ્યો ત્યારે મારી સાયકલ પરથી નીચે ઊતરી તેમને 'ગુડ મોર્નિંગ સર' કહ્યું. દેસાઈ સાહેબે મને કહ્યું ''મારી સવાર સારી જાય છે, આવું કહેવાની જરૂર નથી.'' તેમની અનૌપચારીક વર્તણૂકના આવા અનેક અનુભવો ત્યાર પછી થયા.

બી.એ.માં મિશ્રા સાહેબ જેઓ ઇતિહાસ વિભાગના હતા તેઓ 'કલ્ચર હિસ્ટ્રી ઓફ ઈન્ડિયા'નું પેપર ભણાવતા. ઇતિહાસના કેટલાક બનાવોની તેમની રજૂઆત ધ્યાન ખેંચે તેવી 'અનકન્વેન્શનલ' રહેતી. તેમના વર્ગમાં કંઈક નવું શિખવાનો આનંદ આવતો.

હું જ્યારે બી.એ.ના પ્રથમ વર્ષમાં હતો ત્યારે દેસાઈ સાહેબને રોકફેલર ફાઉન્ડેશન દ્વારા સંશોધન અંગેની ગ્રાન્ટ મળી હતી અને તેઓ સૌરાષ્ટ્રના મહુવા નામના કસબા (ટાઉન)ની કુટુંબ વ્યવસ્થાનો અભ્યાસ કરવા માંગતા હતા. આ પ્રોજેક્ટમાં સમાજશાસ્ત્ર વર્ગમાંથી તેમણે તરુણ શેઠ અને ધીરૂભાઈ શેઠ સાથે મને અન્વેષક તરીકે પસંદ કર્યો. આ પ્રોજેક્ટ અંગેની માહિતી મેળવવાનું કામ ઉનાળાની ત્રણ મહિનાની રજાઓમાં ત્રણવર્ષ સુધી અમારે કરવાનું હતું. આમ, કુલ નવ મહિના ક્ષેત્રકાર્ય ચાલવાનું હતું. સંશોધન માટેની મુલાકાત માર્ગદર્શિકા તૈયાર કરવી, તેની ચકાસણી કરવી, ઉત્તરદાતાઓની પસંદગી કરવી અને તેમની પાસેથી માહિતી મેળવવી - આ સમગ્ર પ્રક્રિયામાં અમને પહેલેથી દેસાઈ સાહેબે સામેલ કર્યા હતા. બીજા વર્ષે સ્ત્રી ઉત્તરદાતાઓની મુલાકાત લેવા પ્રતિભા પંડ્યા (સમાજશાસ્ત્ર) અને હંસા ભટ્ટ (માનસશાસ્ત્ર)ને પ્રોજેક્ટમાં સામેલ કરવામાં આવ્યા હતા. માહિતી એકત્ર થયા બાદ કોડશીટ તૈયાર કરી કોડીંગ કરવાનું કામ પણ અમારે કરવાનું હતું. મહુવા પ્રોજેક્ટનો નવ મહિનાનો અનુભવ ઘણો વૈવિધ્યપૂર્ણ અને મહત્ત્વનો હતો. વર્ગમાં જે ભણવામાં આવે તેના કરતાં અનેક ગણુ આ સંશોધન પ્રોજેક્ટ દરમિયાન જાણવા મળ્યું.

સમાજશાસ્ત્ર વિષય સાથે મેં બી.એ.ની ડિગ્રી પ્રથમવર્ગમાં પ્રાપ્ત કરી. ગૌણ વિષય તરીકે મેં રાજ્યશાસ્ત્રની પસંદગી કરી હતી.

એમ.એ.ના વર્ગમાં હું એકલો જ વિદ્યાર્થી હતો. ગાયકવાડ કુટુંબના એક યુવાને યુનિવર્સિટી ટીમમાં ક્રિકેટ રમી શકાય તે માટે પ્રવેશ મેળવ્યો હતો પણ થોડા સમય પછી તે દેખાયો નહોતો.

એમ.એ. ના કોર્સમાં દરેક પેપર દીઠ બે પુસ્તકો અભ્યાસક્રમમાં રહેતાં. મારે વેબરનું 'પ્રોટેસ્ટન્ટ એથિક, દુર્ખેમનું 'ડીવીઝન ઓફ લેબર' અને ગાડગીલનું 'ઈન્ડસ્ટ્રિલ ઇવોલ્યુશન ઇન ઇન્ડિયા' ભણવાનાં હતાં. તે ઉપરાંત અન્ય પુસ્તકો પણ હતાં, પણ તે બધાનો હું અહિં ઉલ્લેખ કરતો નથી. આ પુસ્તકો મારે પોતે વાંચીને સમજવાનાં હતાં. તે ઉપરાંત દેસાઈ સાહેબે મને 'ટોવર્ડઝ અ જનરલ થીયરી ઓફ એક્શન' જે પારસન્સે અન્ય લેખકો સાથે લખ્યું હતું તેમાંથી 'સોશ્યલ સિસ્ટિમ' નામનો વિભાગ વાંચીને સમજવા જણાવ્યું. ઘણા મહિનાની મહેનતના અંતે હું તે લખાણ થોડું થોડું સમજી શક્યો. અંતે દેસાઈ સાહેબે કહ્યું કે હવે આ રીતે વધુ સમજવા પ્રયત્ન કરજે. પણ સાથે સાથે એમ પણ કહ્યું કે અભ્યાસક્રમમાં તો મેકાઈવરનું પુસ્તક છે તે હવે વાંચી જજો. આમ, એમ.એ.ના કોર્સની તૈયારી પુરી થઈ અને હું સેકન્ડ ક્લાસમાં પાસ થયો.

વડોદરામાં અન્ય બે પ્રકારની પ્રવૃત્તિની મારા પર ઘણી અસર થઈ હતી. મારા મિત્ર ધીરૂભાઈ શેઠ (જેઓ બી.એ. સુધી મારી સાથે સમાજસાસ્ત્ર ભણ્યા હતા અને પછી સોશ્યલ વર્ક ફેકલ્ટીમાં ગયા હતા) ગણીતના પ્રોફેસર અને જાણીતા વિચારક પ્રોફેસર આર.સી. પટેલ (જેઓ 'મોટા'ના નામે જાણીતા હતા)ની રેનેસાં ક્લબના સભ્ય હતા તેઓ મને તે ક્લબની ચર્ચાઓમાં લઈ ગયા. જોકે હું નિયમિત રીતે તે ચર્ચાઓમાં જઈ શક્યો નહતો તો પણ આ ચર્ચાઓમાં ભાગીદાર બનવાથી મારી વિચારવાની પદ્ધતિમાં અને ખાસ કરીને ધાર્મિક વિચારોમાં પરિવર્તન

આવ્યું. 'રેડીકલ હ્યુમેનીસ્ટ' નામના સામાયિકનો હું સભ્ય બન્યો અને જુનાગઢમાં ભણાવતી વખતે પણ તેનું લવાજમ ભરી વાંચવાનું ચાલુ રાખ્યું હતું.

બીજી પ્રવૃત્તિ યુનિવર્સિટીમાં ભણતા ખ્રિસ્તી વિદ્યાર્થીઓના સંગઠન 'સ્ટુડન્ટ ક્રિશ્ચિયન મુવમેન્ટ' (એસસીએમ)માંની મારી ભાગીદારી. વડોદરાની યુનિવર્સિટીમાં માધ્યમ અંગ્રેજી હોવાથી ગુજરાત બહારના અને પરદેશના વિદ્યાર્થીઓ પણ ભણવા આવતા, તેમાં ખ્રિસ્તી વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની સંખ્યા સારી એવી રહેતી. હું ઉપરોક્ત સંગઠનમાં ભાગ લેતો ત્યારે ગુજરાત ઉપરાંત કર્ણાટક, મદ્રાસ, પંજાબ અને શ્રીલંકાના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ તેમાં સભ્ય હતાં. વર્ષમાં એકાદવાર મહાબળેશ્વર કે માથેરાન જેવા હિલ સ્ટેશન પર કેમ્પ યોજાતો જેમાં મુંબઈ અને પુના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ આવતા. આ બધા સાથે ઘણો નજીકનો સંબંધ બંધાતો અને આ રીતે વડોદરા યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે વ્યાપક કક્ષાએ પરપ્રાંત અને પરદેશના વિદ્યાર્થીઓના સંપર્કમાં આવવાનું મળતું.

એમ.એ.ની પરીક્ષાના રિઝલ્ટ બાદ નોકરીની શોધમાં મેં સરકારી કૉલેજોની જાહેરાત જોઈ અરજી કરી. મારે મુંબઈ ઇન્ટરવ્યુ માટે જવાનું થયું. મારા શાળા દરમિયાનના મિત્ર ભૂપેન્દ્ર શાહે મને ઇન્ટરવ્યુ સ્થળે પહોંચવામાં મદદ કરી. હું તો પેન્ટશર્ટ પહેરીને ગયેલો. પણ મારા મુંબઈવાસી મિત્રએ મને જણાવ્યું કે ટાઈ તો પહેરવી જ જોઈએ, એટલે તે ટાઈ ખરીદવા ગયો. દરમિયાન મારે ઇન્ટરવ્યુ પુરો થઈ ગયો. મને જુનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં અધ્યાપકની જગ્યા માટે પસંદ કરવામાં આવ્યો.

કૉલેજ ૧૫મી જૂનથી શરૂ થવાની હતી પણ હું ૨૦ જૂને જુનાગઢ હાજર થયો. કારણ, મને લાગ્યું કે નોકરી તો આખી જીંદગી કરવાની છે તો શા માટે ચારેક દિવસ માટે વડોદરામાં વધારે રોકાઈ ન જાઉં ! જુનાગઢ પહોંચ્યો ત્યારે અગાઉથી ત્યાંના આચાર્ય ભરૂચા સાહેબને જણાવેલું તેથી તેમણે કૉલેજના પટાવાળાને સ્ટેશને મોકલ્યો હતો. મને કૉલેજની હૉસ્ટેલના રૂમમાં કામચલાઉ રહેવાની સગવડ આપવામાં આવી હતી. હૉસ્ટેલ પહોંચતાં પહેલા પટાવાળાએ મને પૂછ્યું, 'સાહેબ, મારાં બેન ક્યારે આવશે ?' મને નવાઈ લાગી એટલે મેં કહ્યું, 'તમારાં બેનની મને શું ખબર ?' જવાબમાં પટાવાળાએ પૂછ્યું, 'સાહેબ, તમે પરણેલા છો ?' મને ત્યારે ખ્યાલ આવ્યો કે અહિં સગપણના સંબંધો અંગે આ રીતે પ્રશ્ન પુછાય છે. આગળ જતાં હૉસ્ટેલનું મકાન આવ્યું જે બે માળનું હતું. પટાવાળાએ મને પૂછ્યું. 'સાહેબ સામાન માથે લઈ લઉં ?' મેં કહ્યું, 'તમને સગવડ પડે તે રીતે લઈ લો.' એટલે તેણે મને પૂછ્યુ, 'સાહેબ, પહેલે માળે જવાનું છે કે ભોંયતળીયે'. મને ત્યારે સમજાયું કે 'માથે' એટલે 'ઉપલા માળે'. કૉલેજમાં પહોંચ્યો ત્યારે સાથી અધ્યાપકોએ મને પૂછ્યુ કે શા માટે ૧૫મી જૂને હાજર ન થયા ? તમારી સિનીયોરીટી ચાર દિવસ ઓછી થઈ. આ રીતે કૉલેજમાં સિનીયોરીટીનું મહત્ત્વ મને પહેલે દિવસે જ સમજાયું.

સૌરાષ્ટ્રની આગવી બોલીની જાણકારી મને ધીમે ધીમે થવા લાગી. બે-એક દિવસ બાદ પટાવાળાએ મને કહ્યું, 'ભરૂચા સાહેબ યાદ કરે છે.' મને કંઈ સમજાયું નહિ તેથી હું સ્ટાફરૂમમાં બેસી રહ્યો, એટલે પટાવાળાએ જણાવ્યું કે સાહેબ તમને મળવા બોલાવે છે.

મૂળ જુનાગઢના નવાબ માટે બાંધેલા મહેલમાં બહાઉદ્દીન કૉલેજ આવેલી હતી. કૉલેજના રૂમો ઘણા મોટા અને વિશાળ હતા. અધ્યાપકો માટેનું સ્ટેજ પણ ઘણું વિશાળ હતું. શરૂઆતમાં એક જગ્યાએ ઊભા રહીને ભણાવવાની ટેક ન હોવાથી હું મારા વર્ગના સ્ટેજ પર ફરતો ફરતો લેક્ચર આપતો હતો. થોડા દિવસ પછી વર્ગના જ વિદ્યાર્થીઓ અમુક સમયે 'ખો' એમ બોલવા લાગ્યા. મને આનું કારણ સમજાયું નહિ. પણ એક વિદ્યાર્થીએ મને જણાવ્યું કે 'સાહેબ તમે સ્ટેજ પર આંટા મારો છો તેથી જ્યારે સ્ટેજના એક છેડેથી બીજા છેડે પહોંચો ત્યારે વિદ્યાર્થીઓ 'ખો' બોલે છે. બીજા દિવસે મેં બધુ સાહજીક રીતે જણાવ્યું કે હવેથી તમારે 'ખો' બોલવાની જરૂર નહિ પડે. કારણકે હું એક જ જગ્યાએ ઊભો રહીને બોલીશ. આ રીતે અધ્યાપક તરીકેની મારી ભૂમિકા વર્ગમાં રમૂજી બનાવો સહિત સ્પષ્ટ બનવા લાગી.

જુનાગઢની કૉલેજમાં સમાજશાસ્ત્રનાં બે પેપર્સમાંથી એક પહેલા વર્ષે અને બીજું બીજા વર્ષે ભણાવવાનું હતું. કાર્યભાર ઘણો ઓછો હોવાથી ભરૂચા સાહેબે મને 'જગતનો ઇતિહાસ' અને 'જગતના ધર્મો' એમ બે પેપર્સ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ભણાવવા આપ્યાં હતાં. બન્ને પેપર્સ મારા માટે નવાં હતાં અને વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા

ઘણી રહેતી, પણ સદ્‌ભાગ્યે કૉલેજની લાયબ્રેરીમાં અંગ્રેજીમાં સારાં પુસ્તકો હતાં. તેને આધારે મેં ભણાવવાનું શરૂ કર્યું. તે વખતે આ બન્ને વિષયો પર ગુજરાતીમાં એક એક પુસ્તક લખાએલું હતું, પણ હું તે પુસ્તકોનો ઉપયોગ કરતો ન હતો. જગતના ધર્મો પરના પુસ્તકના લેખક બહાઉદ્દીન કૉલેજમાં ફીલોસોફી ભણાવતા હતા. મેં તેમનાં પુસ્તકનો સહેજ પણ ઉપયોગ ન કર્યો તેથી તે વર્ષે તેનુ વેચાણ ખાસ થયું નહિ. અંતે તે અધ્યાપકે મને વિનંતી કરી કે થોડા સમય માટે તેમને તે વિષય હું ભણાવવા દઉં. મેં તે માટે મંજુરી આપી, પણ ભરૂચા સાહેબે મને ઠપકો આપ્યો અને જણાવ્યું કે તમારા વર્ગમાં તમારે બીજા અધ્યાપકને આવવાની છૂટ આપવી જોઈએ નહિ.

સમાજશાસ્ત્રનાં પેપર્સ અંગે પણ મેં કોઈ ગુજરાતી પુસ્તકનો ઉપયોગ કર્યો નહિ. આ વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મર્યાદિત હતી તેથી તે વિદ્યાર્થીઓ સાથે નિકટતા વધી અને વિદ્યાર્થીઓને મારા અધ્યાપનથી ઘણો સંતોષ થયો. મારા પ્રથમ વર્ષ દરમિયાન યુનિવર્સિટીની ટીમ કૉલેજમાં ઈન્સ્પેક્શન માટે આવી અને લાયબ્રેરી અને અન્ય સગવડ જોઈ સમાજશાસ્ત્રને મુખ્ય વિષય તરીકે મંજૂરી આપી. પણ હું ત્યાં બે વર્ષ પૂરતો જ રહ્યો, તેથી સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ સાથેના મારા સંબંધનો અંત આવ્યો.

જુનાગઢમાં હું બે વર્ષ રહ્યો. દરમિયાન વેકેશનમાં વડોદરા આવી જતો અને સમાજશાસ્ત્ર વિભાગમાં જઈ ત્યાંના અધ્યાપકોને મળતો. બીજા વર્ષે દેસાઈ સાહેબે મને જણાવ્યું કે વિભાગમાં પ્રોફેસર પંચનદીકર (જેઓ નવા નિમાએલા હતા) દ્વારા એક રિસર્ચ પ્રોજેક્ટ શરૂ થવાનો છે. તેમાં કામ કરવું હોય તો જુનાગઢથી રાજીનામું આપીને આવી જા. પગાર કૉલેજમાં મળતો હતો તેટલો જ મળવાનો હતો. તેથી મેં રાજીનામું આપ્યું અને વડોદરામાં સમાજશાસ્ત્ર વિભાગમાં અન્વેષક તરીકે જોડાયો. મારી સાથે હરીભાઈ પટેલ (જેઓ પછી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અધ્યાપક અને પછી રીડર બન્યા હતા અને ભારતી દેસાઈ જેઓ ત્યાર બાદ એમ.એસ.યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં અધ્યાપક તરીકે જોડાયાં હતાં) પણ પ્રોજેક્ટમાં હતાં. મહુવા પ્રોજેક્ટમાં કામ કરવાની જે મોકળાશ હતી તેની સરખામણીમાં નવા પ્રોજેક્ટમાં કામ કરવાનું ઘણું બંધીયાર હતું. તેથી તેમાંથી ત્રણ મહિના બાદ રાજીનામું આપી દીધું અને બેકાર બની ગયો. જે રીતે મહુવા પ્રોજેક્ટમાં કામ કરવાના ઘણા સુખદ અનુભવો હતા તે રીતે નવા પ્રોજેક્ટમાં થોડા મહિના કામ કરવાના કેટલાક વિપરીત અનુભવો પણ હતા. પણ લખાણની મર્યાદા હોવાથી તેનો ઉલ્લેખ અહીં કરતો નથી. દરમિયાન જુનાગઢની કૉલેજના આચાર્ય ભરૂચા સાહેબ નિવૃત્ત થઈને નવસારી ગાર્ડી કૉલેજમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા. તેમને મારા અંગે જાણ થઈ તેથી તેમણે મને નવસારીની ગાર્ડી કૉલેજમાં ટર્મની મધ્યમાં સમાજશાસ્ત્રના અધ્યાપક તરીકે નિમણુક આપી. દરમિયાનમાં સમાજશાસ્ત્રનો વિષય ત્યાં પણ શરૂ કરવામાં આવ્યો. નવસારી હું બે વર્ષ અને છ મહિના રહ્યો. દરમિયાનમાં ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના અધ્યાપકની જગ્યાની જાહેરાત આવી. મેં તે માટે અરજી કરી અને મારી પસંદગી થઈ. મારી સાથે ઉષાબેન કાન્હરેની પણ પસંદગી થઈ હતી. તારાબેન પટેલ વિભાગનાં અધ્યક્ષ હતાં. આમ, અનુસ્નાતક કક્ષાએ ભણાવવાની તક પાંચથી ઓછા વર્ષોના અનુભવ થયા છતાં મળી તેનુ કારણ સમાજશાસ્ત્ર વિષય ભણાવનાર અધ્યાપકોની અછત હતી.

જુનાગઢની કૉલેજમાં નાગર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની સંખ્યા સારી એવી હતી. તેમાંના ઘણા ઘણુ સારું ગુજરાતી લખતાં. રજપૂતો (જેમને દરબારો તરીકે પણ ઓળખવામાં આવતા)નું વર્ચસ્વ પણ સારું હતું, જો કે વિદ્યાર્થીઓમાં તેમની સંખ્યા ઓછી હતી. શહેરમાં મારી સાથે નવા જોડાયેલા ચારેક અધ્યાપકોને રહેવા માટે મકાન મળવું મુશ્કેલ હતું. નવસારી કૉલેજમાં પારસી વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓની સંખ્યા સારી એવી હતી. તેમાંના ઘણા સારું અંગ્રેજી પણ જાણતા હતા. નવસારીની કૉલેજ પારસી ટ્રસ્ટની હતી અને આચાર્ય ભરૂચા પણ પારસી હતા. અનાવીલ બ્રાહ્મણોનું પણ અહીં વર્ચસ્વ હતું. અહીં ભાડે મકાન મેળવવાની મુશ્કેલી ન હતી. મારું ભાડાનું મકાન એક પારસી બાનુનું હતું. તેમની કામવાળી બાઈ મારા ત્યાં કામ કરવા મોકલતાં. પહેલા દિવસે જ્યારે મેં મારા મકાનમાં બહાર સાથીયા(રંગોળી) પાડેલા જોયા ત્યારે મને નવાઈ લાગેલી. પછી મેં જોયું કે બધા જ પારસી ઘરોની આગળ આ જાતના સાથીયા (રંગોળી) પાડવાનો રિવાજ હતો.

**સમાજવિદ્યા ભવનમાં અધ્યાપનની શરૂઆત**

અનુસ્નાતક કક્ષાએ સમાજસાસ્ત્ર ભણાવતાં પહેલાં જુનાગઢ અને નવસારીમાં સ્નાતક કક્ષાના અધ્યાપન અંગે મારે જણાવવું જોઈએ કે બન્ને કૉલેજોમાં મારે સમાજશાસ્ત્ર સિવાયના વિષયો ભણાવવામાં વધારે સમય આપવો પડ્યો હતો. સમાજશાસ્ત્રમાં 'સામાન્ય સમાજશાસ્ત્ર' અને 'ભારતીય સામાજિક સંસ્થાઓ' ભણાવવાની તક મળી હતી. જુનાગઢ અને નવસારી કૉલેજોમાં ભરૂચા સાહેબ આચાર્ય હોવાથી સમાજશાસ્ત્રનાં પુસ્તકો મંગાવવાનું મુશ્કેલ ન હતું. મારા વડોદરાના અનુભવના આધારે પારસન્સ, મર્ટન કે ડેવીસ જેવા લેખકોનાં પુસ્તકો લાયબ્રેરી માટે વસાવ્યાં હતાં. પણ વડોદરામાં અંગ્રેજીમાં સમાજશાસ્ત્ર ભણ્યો હોવાથી ગુજરાતીમાં ભણાવવાની મઝા આવતી ન હતી. છતાં જુનાગઢના વિદ્યાર્થીઓના સહકારથી ગુજરાતી ભાષામાં ઘણો સુધારો કરી શક્યો હતો. આમ, સ્નાતક કક્ષાના અધ્યાપનથી અનુસ્નાતક કક્ષાએ ભણાવવામાં ખાસ મદદ મળી ન હતી. છતાં સમાજવિદ્યા ભવનમાં ગુજરાતીમાં ભણાવવાનું હોવાથી સ્નાતક કક્ષાનો અનુભવ ઘણો મહત્ત્વનો હતો.

સમાજવિદ્યા ભવનમાં તે વખતે પ્રોફેસર શિનોય ડાયરેક્ટર હતા. અર્થશાસ્ત્રના નિષ્ણાત તરીકે તેમની ખ્યાતી ઘણી હતી. તેઓ દરેક અધ્યાપક પાસેથી તેમણે વર્ગમાં આપેલા લેક્ચર્સની નોંધ રાખવામાં આવે તેવી અપેક્ષા રાખતા. જો કે કદી આવી નોંધ તેમણે જોવા માંગી ન હતી, પણ તેમની અપેક્ષાની જાણકારી બધાને હોવાથી દરેક પોતાની નોંધ કાળજીપૂર્વક તૈયાર કરતા. તે સિવાય તેમના તરફથી કોઈ પ્રકારની દરમિયાનગીરી બીજા વિભાગોમાં થતી નહિ. સમાજવિદ્યા ભવનનો કોમનરૂમ તે વખતે ઘણો જાણીતો હતો. ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીઓ (માધવસિંહ સોલંકી, બાબુભાઈ જશભાઈ પટેલ) પણ કોઈકવાર સમાજવિદ્યા ભવનના કોમનરૂમમાં હાજરી આપતા. કોમનરૂમની ચર્ચાઓ હંમેશાં તાજગી ભરી અને બુદ્ધિવર્ધક રહેતી. સમાજવિદ્યાના વિભાગોમાં કોમનરૂમનો ફાળો ઘણો હતો. કોમનરૂમની બૌદ્ધિક ચર્ચા સાથે તેમાં કેટલીકવાર હળવી કોમેન્ટ્સ પણ થતી. આવી એક કોમેન્ટ અર્થશાસ્ત્રના અધ્યાપક રાજેન્દ્રકુમારે કરેલી જે હું અન્ય વાચકો સાથે શેર કરવાનું ટાળી શકતો નથી. તેમણે અંગ્રેજીમાં જણાવ્યું હતું કે ''શિક્ષણના આ પ્રોફેશન અંગે એક બાબત મને હંમેશાં યાદ રહેશે. અહી પુરુષ અધ્યાપકોને પણ 'પિરિયડ્સ' હોય છે.'' ગુજરાત યુનિવર્સિટીનું ટાવર બિલ્ડિંગ જ્યાં યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બેસતા અને યુનિવર્સિટીની ઑફિસ આવેલી હતી તે પણ મહદ્ અંશે રાજકીય પૂર્વગ્રહથી મુક્ત હતું. શરૂઆતનાં વાઈસ ચાન્સેલરો (ઈશ્વરભાઈ પટેલ, ઉમાશંકર જોષી) સમાજવિદ્યાભવનમાં આવતા અને અધ્યાપકોને મળતા. યુનિવર્સિટીનું ઓફિસતંત્ર પણ ઘણું સહકાર ભર્યું હતું.

યુનિવર્સિટીના ઑફિસતંત્રની જેમ યુનિવર્સિટીની લાયબ્રેરી પણ ઘણી મદદરૂપ હતી. સમાજશાસ્ત્ર વિષયનાં પુસ્તકો બુકસેલર્સ સમાજશાસ્ત્ર વિભાગમાં લાવતા અને પસંદગી માટે આવેલાં પુસ્તકો બધા જ અધ્યાપકો જોતા અને પસંદગી કરતા. તે જ રીતે લાયબ્રેરીમાં સમાજશાસ્ત્રનાં જે સામાયિકો આવતાં તે પણ પ્રથમ સમાજશાસ્ત્ર વિભાગમાં આવતાં. આવાં નવાં સામાયિકો અંગે વિભાગના બધા અધ્યાપકોને જાણ કરવામાં આવતી અને જેમને રસ હોય તેઓ તે સામાયિકો થોડા સમય માટે રાખતા પટાવાળાભાઈઓ પણ પુસ્તકો મેળવી આપવામાં સારી એવી મદદ કરતા. સામાન્ય રીતે મારે દિવસનો એકાદ પિરિયડ રહેતો, તેથી હું ઘણો સમય લાયબ્રેરીમાં પસાર કરતો. આમ, વિષયના અધ્યયન માટેની સગવડ ઘણી સારી હતી. આની સામે વિદ્યાર્થી સમૂહનો પ્રતિભાવ ઘણો નબળો રહેતો. દર વર્ષે એકાદ બે વિદ્યાર્થી સિવાય મોટા ભાગનાનો રસ પાસ થવા પૂરતો જ રહેતો.

સમાજશાસ્ત્રની પરીષદમાં જવા માટે યુનિવર્સિટી તરફથી ભાડુભથ્થુ મળતું. તેનો લાભ લઈ હું તથા ઉષાબેન (પછીના વર્ષોમાં વિભાગના અન્ય અધ્યાપકો પણ) પરીષદોમાં હાજરી આપતા. તથા તેમાં રજૂ કરવા માટેના સંશોધન પેપર્સ પણ તૈયાર કરતા. અમદાવાદના સમાજશાસ્ત્રના અધ્યાપકોનું એક મંડળ ચાલતું. શરૂઆતમાં સારો એવો રસ શિક્ષકો ધરાવતા અને મહિને એકાદવાર મીટીંગ થતી.

સમાજશાસ્ત્ર વિભાગમાં વિભાગીય અધ્યક્ષ તરીકે તારાબેન હતાં. તેઓ ઘણાં નિખાલસ અને પ્રેમાળ હતાં. નવા અધ્યાપક તરીકે નવા વાતાવરણમાં અનુકૂળ થવામાં ઘણાં મદદરૂપ હતાં. મારાં શરૂઆતનાં વર્ષોમાં અમે ત્રણ (તારાબેન, ઉષાબેન અને હું) જ વિભાગમાં હતાં તેથી

પાર્ટ-૧ અને પાર્ટ-૨ ના વિદ્યાર્થીઓ સાથે બેસતા, જેથી ભણાવવાનો બોજ પ્રમાણમાં ઓછો રહેતો. કુલ આઠ પેપર્સમાંથી એક માસ્ટર એસેનું પેપર હતું. જેમાં વિદ્યાર્થીઓએ જાતે માહિતી મેળવીને નિબંધ લખવાનો રહેતો. સામાન્ય રીતે પાર્ટ-૧માંથી જે વિદ્યાર્થીઓએ સમાજશાસ્ત્રનાં ૮ પેપર્સ પસંદ કર્યા હોય તેઓને માસ્ટર એસે માટે ત્રણેય અધ્યાપકો વચ્ચે ફાળવવામાં આવતા. આ ફાળવણી પણ ક્રમબદ્ધ રહેતી. વિદ્યાર્થીઓએ પરીક્ષા પહેલાં પોતાનો નિબંધ તૈયાર કરી રજૂ કરવો પડતો. (૮ પેપરની પરીક્ષા બે વર્ષના અંતે થતી તેથી વિદ્યાર્થીઓને એક સાથે બધાં પેપર્સની તૈયારી કરવી પડતી.)

માસ્ટર એસે સિવાય બાકીનાં પેપર્સમાં ત્રણ પિરિયડ ભણાવવાનું રહેતું તેમાંનો એક પિરિયડ સેમિનાર માટે રાખવામાં આવતો. જેમાં વિદ્યાર્થીઓએ અધ્યાપકે આપેલા વિષય પર પેપર લખવાનું રહેતું, જેની ચર્ચા સેમિનારના પિરિયડમાં થતી. સેમિનારમાં વિદ્યાર્થીઓને લખવાની તાલીમ મળતી. ઉપરાંત વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓની રજૂઆત કરવાની તેમજ અન્ય વિદ્યાર્થીઓ દ્વારા પુછાએલા પ્રશ્નોના જવાબો આપવાની તક મળતી. બધા વિદ્યાર્થીઓ માટે આ પિરિયડ ઘણો અઘરો બનતો, તેમ છતાં ભવિષ્યમાં સમાજશાસ્ત્ર ભણાવવામાં ઘણો ઉપયોગી બનતો.

શરૂઆતના વિદ્યાર્થીઓમાં સમાજશાસ્ત્ર લઈને પાસ થએલા વિદ્યાર્થીઓ મોટેભાગે ભાવનગરથી આવતા. તેમાં છોકરા અને છોકરીઓની સંખ્યા લગભગ સરખી રહેતી. બહારથી આવતા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની હૉસ્ટેલોમાં રહેતા.

થોડા વખત પછી અમદાવાદમાં પણ ખાનગી કૉલેજ શરૂ થઈ હોવાથી તેમાંની કેટલીક કૉલેજો જ્યાં સમાજશાસ્ત્ર વિષય ભણાવાતો ત્યાંના વિદ્યાર્થીઓ પણ ભવનમાં ભણવા આવતા થયા અને તેમાં સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓની બહુમતી ઘટતી ગઈ.

માસ્ટર એસેનું પેપર વિદ્યાર્થીઓ માટે અઘરું રહેતું કારણ કે તેમાં વિદ્યાર્થીઓએ જાતે માહિતી એકત્ર કરવી પડતી. આ સંદર્ભમાં બે કિસ્સાઓ ટાંકવાનું રોકી શકતો નથી. એક વિદ્યાર્થીનાં લગ્ન નક્કી થયેલાં હતાં, પણ તેનાં સાસરીપક્ષ તરફથી એવી શરત હતી કે લગ્ન ત્યારે જ થશે જ્યારે છોકરી એમ.એ.ની પરીક્ષામાં પાસ થશે. આ છોકરી પ્રમાણમાં ઘણી ગભરૂ હતી તેથી તેના ગામના એક પુરુષ મિત્ર તેને માહિતી ભેગી કરવામાં મદદ કરતા હતા. પોતે પાસ થશે કે નહિ એ દ્વિધામાં તે છોકરી સતત ચિંતામાં રહેતી. આનો લાભ લઈ પેલા પુરુષ મિત્રએ આ છોકરીને સમજાવી તેની સાથે લગ્ન કરી લીધાં. (પુરુષમિત્ર પરણેલો હતો તેથી તેના કુટુંબ સાથે પણ તેને ઝગડો થયો હતો.)

બીજા કિસ્સામાં એક વિદ્યાર્થી જેની આર્થિક સ્થિતિ સારી ન હતી તે પોતાના માસ્ટર એસેનું લખાણ યુનિવર્સિટીની ટ્યુબલાઇટના આધારે કરતો હતો અને ઘણી વખત રાતના દસ વાગે યુનિવર્સિટી ક્વાર્ટર્સમાં મારા મકાને આવી તેણે લખેલાં પ્રકરણ આપી જતો. આવી પરિસ્થિતિમાં પણ અંગ્રેજીમાં પોતાનો માસ્ટર એસે લખ્યો હતો જે તે સમયના વિદ્યાર્થીઓમાં સામાન્ય ન હતું.

માસ્ટર એસે અને સેમિનાર સિવાય જે પેપર્સ મારે ભણાવવાનાં હતાં તેમાં પાર્ટ-૧માં હું શરૂઆતમાં ભારતની સમાજવ્યવસ્થા એ શિર્ષકવાળુ પેપર ભણાવતો. પેપરના શિર્ષક પ્રમાણે પેપર ઘણું સામાન્ય (જનરલ) અને અસ્પષ્ટ હતું છતાં તેમાં ઘણા મુદ્દાઓ અંગે બને તેટલી વિવિધતાથી ચર્ચા કરતો. મારા માટે આ પેપર ઘણું વિશાળ હતું પણ યુનિવર્સિટી લાયબ્રેરીમાંથી ઘણાં પુસ્તકો મળી રહેતાં. બ્રિટીશ અમલ દરમિયાન સામાજિક સંસ્થાઓમાં થતા ફેરફારો અંગે ચર્ચા કરતાં મને ધીરૂભાઈ દેસાઈ તરફથી જાણવા મળ્યું કે મારી રજૂઆતમાં બ્રિટીશ અમલની ચર્ચામાં તટસ્થતાનો અભાવ વર્તાતો હતો તેને ધ્યાનમાં રાખી મેં મારી રજુઆત બને તેટલી સમતોલ રાખવાનો પ્રયત્ન કર્યો હતો.

પાર્ટ-૨માં મારે ઔદ્યોગિક સમાજશાસ્ત્રનું પેપર ભણાવવાનું હતું. આ પેપર મારા માટે બિલકુલ નવું હતું અને તેને લગતા પુસ્તકોથી હું લગભગ અજાણ હતો. તેથી મિલર એન્ડ ફોર્મનું ઈન્ડિયસ્ટ્રીયલ સોસિયોલોજી જેનો ઉલ્લેખ અભ્યાસક્રમમાં હતો તેના આધારે ભણાવવાનું શરૂ કર્યું. પણ ઘણી વખતે ઉપરોક્ત પુસ્તકમાંથી પૂરતી માહિતી મળી ન હોવાથી વર્ગમાં હું પૂરો ન્યાય આપી શકતો ન હતો. તે દરમિયાન એક વખત યુનિવર્સિટી હૉસ્ટેલમાં મારા તે વખતના વિદ્યાર્થી એ.જી.શાહના રૂમ પર હું ગયો હતો ત્યારે તેમની રૂમ પર મૂર નું પુસ્તક ઇન્ડિસ્ટ્રીયલ રીલેસન્સ એન્ડ સોસિયલ ઓર્ડર મને જોવા મળ્યું. જે મને ઘણું કામ લાગ્યુ. ધીમે ધીમે અન્ય પુસ્તકો પણ મળતાં ગયાં અને

મારી તે વિષય અંગે જાણકારી સારી એવી વધી. અંતે મારા પીએચ.ડી.ની થીસીસનો ટૉપિક પણ મેં તેમાંથી નક્કી કર્યો. મારા મિત્ર ધીરૂભાઈ દેસાઈએ મારું ધ્યાન દોર્યું હતું કે તમે ટેક્ષટાઈલ એન્જિનિયરીંગમાંથી તમારો પ્રવેશ રદ કરાવ્યો હતો અને અંતે પીએચ.ડી.માં ટેક્ષટાઈલને લગતો વિષય પસંદ કર્યો એ પણ એક અકસ્માત ગણાય !

થોડા સમય બાદ ઉપરોક્ત પેપર્સની જગ્યાએ નવાં પેપર્સ દાખલ કરવામાં આવ્યાં. ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ચાલુ રહ્યું પણ ભારતની સમાજવ્યવસ્થાની જગ્યાએ મારે માર્ટીનડેલનું નેચર એન્ડ ટાઈપસ ઓફ સોસિયોલોજિકલ થિયરી ભણાવવાનું આવ્યું. આ પુસ્તક પ્રમાણમાં અઘરૂ હોવા છતાં સામાજિક સિદ્ધાંતો માટે ઘણુ અગત્યનું હતું.

સમાજશાસ્ત્રના મોટાભાગના વિદ્યાર્થીઓ (એકાદ બે અપવાદ બાદ) અંગ્રેજી વાંચવામાં અને સમજવામાં ઘણા નબળા હતા. વર્ગમાં 'નોટ્સ' આપવાની પ્રથા ન હોવાથી બધા જ વિદ્યાર્થીઓને વર્ગના લેક્ચર્સ પર આધાર રાખવો પડતો. આવી પરિસ્થિતિમાં બજારમાં તૈયાર કરેલી 'નોટ્સ, મળતી થઈ હતી. આવી 'નોટ્સ'ના આધારે ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષા આપતાં જો કે આ પેપરમાં નાપાસ થનારનું પ્રમાણ પણ સારું એવું રહેતું. બહારથી જે 'નોટ્સ' તૈયાર થઈ હતી તેમાં ક્યાંકથી 'ડૉ. પૂજા' નામના સમાજશાસ્ત્રીનો ઉલ્લેખ જોવા મળતો હતો. આ 'ડૉ. પૂજા' કોણ હતા અને કયા સમાજશાસ્ત્રીની જગ્યાએ તેઓ સમાજશાસ્ત્રના સાહિત્યમાં દાખલ થયા હતા તે જાણી શકાયું ન હતું.

વિદ્યાર્થીઓના માસ્ટર એસેના સંદર્ભમાં તેમના સંશોધનના સ્થળે જાત તપાસ માટે જવા યુનિવર્સિટી તરફથી નાણાકીય સહાય મળતી, તેથી શરૂઆતનાં વર્ષોમાં અમદાવાદ બહારથી આવતા વિદ્યાર્થીઓ તેમના રહેઠાણની નજીકના વિસ્તારના વિષયો પસંદ કરતા. તેને લઈને સૌરાષ્ટ્રના સીદીઓ અને છોટાઉદેપુરના આદિવાસીઓ પર સંશોધન કરનાર વિદ્યાર્થી સાથે તે વિસ્તારોમાં જવાની પણ તક મળી હતી.

૧૯૭૦ પછી સમાજશાસ્ત્ર વિભાગમાં મહત્ત્વનો ફેરફાર આવ્યો. તારાબેનના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પરદેશની ડિગ્રી લઇને તૈયાર થયેલા ડૉ. વિમલભાઈ શાહ વિભાગમાં રીડર તરીકે જોડાયા. ત્યારબાદ અરવિંદભાઈ શાહ અને ધીરૂભાઈ દેસાઈ પણ લેક્ચરર તરીકે જોડાયા. આ રીતે વિભાગમાં અમે કુલ પાંચ અધ્યાપકો થયા. વિમલભાઈના આવવાથી સંશોધનક્ષેત્રે વિભાગમાં રીફ્રેશર કોર્સ (આઈસીએસએસઆરની ગ્રાન્ટથી) શરૂ કરવામાં આવ્યો. નવા અભ્યાસક્રમોમાં શિક્ષણનું સમાજશાસ્ત્ર, ગ્રામ્ય અને શહેરી સમાજશાસ્ત્ર, કુટુંબનું સમાજશાસ્ત્ર, સામાજિક સ્તર-રચના અને સામાજિક પરિવર્તનનાં પેપર્સ દાખલ કરવામાં આવ્યાં. અનુસ્નાતક કેન્દ્રોમાં સમાજશાસ્ત્ર શિખવવાનું શરૂ થયું તેથી માસ્ટર એસેનું પેપર ફરજિયાત ન રહ્યું.

થોડા સમય બાદ તારાબેન નિવૃત્ત થયાં. વિમલભાઈ વિભાગના અધ્યક્ષ બન્યા. સનતભાઇ ગઢવી નવા સભ્ય તરીકે વિભાગમાં જોડાયા. વિમલભાઈની મદદથી વિભાગને નવા સંશોધન પ્રોજેક્ટ મળવા લાગ્યા. મેં તથા ધીરૂભાઈ દેસાઈએ નર્મદા યોજનાના ભાગરૂપે નડિયાદ-માતર તાલુકાનો બેન્ચ માર્ક સર્વે કર્યો. ત્યારબાદ પશ્ચિમ વિભાગની યુનિવર્સિટીઓની હૉસ્ટેલોનો એક અભ્યાસ મુંબઈની ટાટાસ્કૂલની મદદથી મેં તથા ધીરૂભાઈ દેસાઈએ પૂરો કર્યો. કેન્દ્ર સરકાર તરફથી અમદાવાદ શહેરમાં નશીલા પદાર્થોના સેવન અને વ્યસનમુક્તિ કેન્દ્રોનો અભ્યાસ પણ અમે સાથે મળીને કર્યો હતો. બધા જ સંશોધન પ્રોજેક્ટમાં વિમલભાઈનું માર્ગદર્શન મળી રહેતું. તેને લઈને આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો અને કોમ્પ્યૂટરનો ઉપયોગ કરવાની તક મળી.

આ સમય દરમિયાન મારા સાથી ધીરૂભાઈ સાથે રીસેસ બાદ મારા રૂમમાં ચર્ચાઓ થતી. સનતભાઈ ગઢવી પણ તેમાં જોડાતા. એક સહાધ્યાયી તરીકે સનતભાઈની કંપની ઘણી ઉચ્ચ કક્ષાની હતી. વિમલભાઈ તેમના વિભાગીય અધ્યક્ષની જવાબદારી લઈને ઓછો સમય આપી શકતા હતા. છતાં જ્યારે આવતા ત્યારે અમારી ચર્ચાના સંદર્ભમાં જરૂરી પુસ્તકો તેમની વ્યક્તિગત લાયબ્રેરીમાંથી કાઢીને ચર્ચાને નવી દિશા આપતા. વિભાગના ઔપચારિક માળખામાં ઉષાબેન કાન્હરે તથા અરવિંદભાઈ શાહ પણ હતા. બધા એકબીજા સાથે ઘણા સહકારથી કામ કરતા હતા.

૧૯૭૦ પછી મેં પીએચ.ડી. કરવા માટે તારાબેનના સુપરવિઝન હેઠળ કામ કરવાનું શરૂ કર્યું. તારાબેન ઉપરાંત વિમલભાઈએ આ કાર્યમાં આંકડાશાસ્ત્રીય ક્ષેત્રે ઘણી મદદ કરી. ધીરૂભાઈ દેસાઈની ચર્ચાઓ પણ ઘણી મદદરૂપ બની.

પીએચ.ડી. બાદ મેં પોતે વિદ્યાર્થીઓને પીએચ.ડી. માટે માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું. મારા કુલ પાંચ વિદ્યાર્થીઓમાંથી ભાષાની દૃષ્ટિએ બે મહારાષ્ટ્રીયન, એક પંજાબી અને બે ગુજરાતી હતા. એક સિવાય ચારેયે અંગ્રેજીમાં પોતાનો થીસીસ લખ્યો હતો અને એક સિવાય ચારેય એમ.ફિલ.ની ડીગ્રી મળ્યા પછી પીએચ.ડી. શરૂ કર્યું હતું. પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે મને વિદ્યાર્થીના સંશોધન ક્ષેત્રને લગતાં પુસ્તકો વાંચવાની જરૂર જણાતી અને તે રીતે મેં વૈદકીય સમાજશાસ્ત્ર, યુવાનોને લગતા અભ્યાસો અને જ્ઞાતિ વિષયક ક્ષેત્ર જેમાં ઉપરોક્ત વિદ્યાર્થીઓએ સંશોધનને લગતા વિષયો પસંદ કર્યા હતા અને તેમાં જરૂરી જાણકારી મેળવી.

પીએચ.ડી. ઉપરાંત સમાજશાસ્ત્ર વિભાગમાં ૧૯૮૦ બાદ અમે એમ.ફિલ.નો કોર્સ દાખલ કર્યો. તેમાં અંગ્રેજીમાં શિખવવાનો આગ્રહ રાખ્યો હતો. પહેલા પાંચ વિદ્યાર્થીઓમાં ચાર કૉલેજમાં અધ્યાપકો હતા અને એક વિદ્યાર્થીની સંશોધન ક્ષેત્રે પીએચ.ડી. કરવા માંગતી હોવાથી તેણે પ્રવેશ મેળવ્યો હતો. અનુસ્નાતક કક્ષા કરતાં એમ.ફિલ.નું અધ્યાપન કાર્ય ઘણુ રસદાયક રહ્યું હતું. શરૂઆતમાં અમે બધા અધ્યાપકો એકબીજાના વર્ગમાં હાજરી આપતા. જોકે આ પ્રયોગ લાંબો ચાલ્યો નહિ.

એમ.ફિલ. સિવાય વિભાગને સ્કૂલ ઓફ આર્કિટેક્ચર અને સ્કૂલ ઓફ પ્લાનિંગમાં સમાજશાસ્ત્ર ભણાવવાનું આમંત્રણ ૧૯૭૦ પછી મળ્યું હતું. આ અધ્યાપન અંગ્રેજીમાં કરવાનું હતું અને સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ કરતાં આ કોર્સના વિદ્યાર્થીઓ ગુણવત્તાની દૃષ્ટિએ ઘણા આગળ પણ હતા. હું તેમને સમાજશાસ્ત્રીય વિભાવનાઓ ભણાવતો અને મને જાણીને આશ્ચર્ય થયું કે મારા એમ.એ.ના વિદ્યાર્થીઓ કરતાં ઘણી વધારે ઝડપ અને ઊંડાણથી આ વિદ્યાર્થીઓ પારસન્સ જેવા અઘરા સમાજશાસ્ત્રીના વિચારો પણ સમજી શકતા હતા.

નિવૃત્તિનાં નજીકનાં વર્ષોમાં મેં બંધ મિલોના કારીગરો અંગેનો એક સંશોધન પ્રોજેક્ટ આઇસીએસએસઆરની નાણાંકીય સહાયથી મેળવ્યો હતો. જેનો રિપોર્ટ મેં નિવૃત્ત થયા પહેલાં રજૂ કર્યો હતો.

નિવૃત્તિ બાદ મેં મારું સંશોધન કાર્ય જાળવી રાખવા સંશોધનને લગતી એક સંસ્થા શરૂ કરી છે. આ સંસ્થા સાથેનો મારો છેલ્લાં ૨૦ વર્ષનો અનુભવ જુદી જ રજૂઆત માંગી લે છે, પણ તેની ચર્ચા અત્રે પ્રસ્તુત નથી.

સમાજશાસ્ત્ર વિષયની મારી પસંદગી આકસ્મિક હતી પણ એમ.એસ. યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં ભણવાની તક, ત્યાંના અધ્યાપકોની ભણાવવાની પદ્ધતિનો લાભ અને ગુજરાત યુનિવર્સિટીના પ્રમાણમાં મુક્ત વાતાવરણમાં સમાજશાસ્ત્ર ભણાવવાનો અને ભણાવવા માટે તૈયારી કરવાની જે સગવડ મળી તેમજ વિભાગમાં તારાબેન, વિમલભાઈ તથા ધીરૂભાઈના સાથ સહકારને લઈને સમાજશાસ્ત્ર અંગેની મારી જાણકારી સારી એવી વધી. તેનો લાભ વિદ્યાર્થીઓને કેટલો મળ્યો તે તો વિદ્યાર્થીઓ જ કહી શકે. પણ ગુજરાતીમાં સમાજશાસ્ત્ર અંગે મેં કોઈ પુસ્તકો લખ્યાં નથી તેટલે અંશે મારું પ્રદાન ઘણુ મર્યાદિત છે તેમ મને લાગે છે.

*(પ્રસ્તુત લખાણનું કૉમ્પ્યૂટર ટાઈપિંગ કરવા માટે હું અરૂણાબહેન પરમારનો આભારી છું.)*

• • •

# ભારતીય સ્વચ્છતા વારસાને સમૃદ્ધ બનાવવાની પ્રક્રિયા અને પદ્ધતિ :

– ડૉ. લક્ષ્મણ યુ. વાઢેર*

**૧. પ્રસ્તાવના :**

ભારતભૂમિમાં પ્રાકૃતિક સંપદા અમાપ છે. ભારતના પ્રાકૃતિક વારસાને સુંદર નદીઓ, સમુદ્રો, પર્વતો, જંગલો, મેદાનો, પશુ-પક્ષીઓ, વૃક્ષો-વનસ્પતિઓએ સુશોભિત કર્યો છે. ભારતીય પ્રાકૃતિક વારસાએ મનુષ્યના શરીર, મન અને આત્માની શારીરિક, માનસિક અને આત્મિક શક્તિનો વિકાસ કર્યો છે. પ્રાચીન કાળમાં ભારતના લોકો વાયુ, જળ, અન્નની સંપૂર્ણ શુદ્ધતાના પ્રયાસ કરતા હતા. ભારતના આ પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસાના શ્રેષ્ઠ તત્ત્વોથી ખુશ થઈને પશ્ચિમના વિદ્વાનો મોનિયર વિલિયમ્સ, કીથ, મેકડોનાલ, વિન્ટરનિટ્સ, હોપકિન્સ, જી.જે.હેરલ્ડે ખૂબ પ્રશંસા કરી છે.

સ્વચ્છતા ભારતીય વારસાનું અભિન્ન અંગ માનવામાં આવ્યું છે. ભારતીય વારસામાં વ્યક્તિ અને સામાજિક જીવનમાં સ્વચ્છતા વિકાસના નિયમો અને પંરપરાઓનું પ્રાધાન્ય રહ્યું છે. દેશના લોકોના સામુહિક હિત અને પ્રગતિને માટે સ્વચ્છતા શ્રેયસ્કર માનવામાં આવે છે. ભારતીય સભ્યતા વિશ્વની પ્રાચીન સભ્યતાઓ મિસર, બેબીલોન, રોમની જેમ ઘણી પ્રાચીન છે. પરંતુ તેનું શ્રેષ્ઠ તત્ત્વ તો સ્વચ્છતા રહ્યું છે. ભારતીય સ્વચ્છતાના વારસાનો મધ્ય એશિયા, અગ્નિ એશિયા, દૂર પૂર્વ એશિયા, તિબેટ, સિલોનમાં પ્રસાર થયો છે. ભારતનો સ્વચ્છતા વારસો વિશ્વગુરુ સમાન હતો. પરંતુ કાલાંતરમાં આપણે સ્વચ્છતાના ગૌરવને ભૂલી ગયા અને અસ્વચ્છતાના નિયમો, પરંપરાઓના ગુલામ બની ગયા. આ અસ્વચ્છતા એ આપણા ભવ્ય વારસાને બદનામ અને વિનાશ કર્યો છે. જે વારસો સ્વચ્છતામાં અવ્વલ હતો. તે આજે કચરા અને ગંદકીથી અસ્વસ્થ થઈને કુટેવમાં સપડાયો છે.

મહાત્મા ગાંધી સ્વચ્છતાને અતિ અવશ્યક માનતા રહ્યા. તેઓએ કહ્યું છે કે, “સ્વતંત્રતાથી પણ સ્વચ્છતાનું ઘણું મહત્ત્વ છે.” શ્રી દર્શકે ગાંધીજીના સ્વચ્છતાના કાર્યને ક્રાંતિકારી ગણાવ્યું છે. તેમના મતે, “માણસ પોતે પોતાનો મળ ઉપાડે તે તો સામાજિક ક્રાંતિનું વાહન છે” (પંચોલી).

વ્યક્તિ પોતાના જાતિ મિથ્થાભિમાનની પીડાથી સ્વચ્છતાના કાર્યમાં સૂગ કરે છે, ત્યારે દેશમાં સ્વચ્છતાનું પવિત્ર કાર્ય કીચડમાં સમાધીરૂપ બને છે. સ્વચ્છતાનું કાર્ય એ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા જેટલું મહત્ત્વપૂર્ણ છે. જે ઘરમાં સ્વચ્છતા નથી એ ઘરમાં અને પરિવારમાં શુદ્ધ હવા નથી, શુદ્ધ પ્રાણ નથી. ભારતમાં સ્વચ્છતા અને સ્વસ્થતા એ પાયાની જરૂરિયાત છે. એટલે જ ઘણી પ્રકૃતિ અને માનવપ્રેમી સંસ્થાઓ સ્વચ્છતાની પ્રવૃત્તિમાં સમર્પિત થવા તૈયાર છે. સુલભ ઈન્ટરનેશનલના અનેક કાર્યકર્તાઓ પૂરી નિષ્ઠાથી સ્વચ્છતાનો પ્રચાર, પ્રસાર અને પ્રવૃત્તિ કરે છે. આપણા દેશમાં નાગરિકોનું પવિત્ર કર્તવ્ય છે કે તેઓ સ્વચ્છતાની પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા અદા કરે.

આ સંશોધનપત્રમાં ભારતીય સ્વચ્છતા વારસાને સમૃદ્ધ બનાવવાની પ્રક્રિયા અને પદ્ધતિઓની ચર્ચા કરી છે.

**૨. ભારતનો સ્વચ્છતાનો વારસો :**

ભારતમાં સ્વચ્છતાનો વારસો ઘણો પ્રાચીન છે. વિશ્વની પ્રાચીન સભ્યતાઓમાં સિન્ધુ ખીણની સભ્યતાનો સ્વચ્છતાનો વારસો ઘણો શ્રેષ્ઠ હતો. પાંચ હજાર વર્ષ પહેલાં પણ ભારતીય સભ્યતામાં સ્વચ્છતાની ઉપયોગિતાનું જ્ઞાન હતું. સિન્ધુખીણની સભ્યતાના મકાન, માર્ગ, ગટર, સ્નાનગૃહ, શૌચગૃહ, સ્નાનકુંડો, કૂવાઓની યોજનામાં સ્વચ્છતાનું સંપૂર્ણ ધ્યાન રહેતું હતું. શરીર સ્વચ્છતા, વસ્ત્રોની સ્વચ્છતામાં સિન્ધુ સભ્યતાના લોકો જાગૃત હતા. મોહેન્જો દડો નગરમાં સ્વચ્છતાની સુવ્યવસ્થા હતી. નગરના ઘરોમાં શૌચગૃહ હતાં. શૌચાલયની સાથે શોષ-ગર્ત પણ હતા. નગરના નિવાસીઓમાં સ્વચ્છતાની નિયોજિત યોજના અને સફાઈ પ્રત્યેની સજાગતા હતી (થપલ્યાલ). શૌચાલય પાકી ઈંટોથી બંધાયેલાં હતાં. મોહેન્જો દડોનાં શૌચાલયોની તુલના પશ્ચિમના દેશોના ટોઈલેટ સાથે કરી શકાય એ પ્રકારે હતી. મોહેન્જો દડો અને મેસોપોટેમિયા સભ્યતાના શૌચગૃહોની બાંધણીમાં સમાનતા હતી. સિન્ધુ સભ્યતાના નગરોમાં ગંદા પાણી અને ગન્દગી નિકાસનો સુંદર પ્રબંધ

* અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, મહારાજા કૃષ્ણકુમાર સિંહજી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

હતો. આ પ્રકારની શ્રેષ્ઠ વ્યવસ્થા વિશ્વની પ્રાચીન સભ્યતાઓમાં ક્યાંય પણ જોવા મળતી નથી. મોહેન્જો દડોનાં કેટલાંક મકાનોમાં ગંદુ પાણી અને શૌચ નિકાસ માટેની નાળીઓ હતી. દરેક ઘરની નાળીઓ સાર્વજનિક નાળીઓ સાથે જોડાયેલી રહેતી. આ જગ્યાએ એક કૂંડી રહેતી હતી. મોટી ગટરોમાં મેન હૉલ રહેતું, તે ઇંટોથી ઢંકાયેલું હતું. ગટરની સફાઈ કરવા માટે આ સુવિધા હતી (થપલ્યાલ).

નાળીઓ પાકી ઈંટોથી બનેલી છે. મોહેન્જો દડો, ચન્હુદડોમાં પાકી માટીના પાઈપ મળ્યા છે. કાલીબંગામાં લાકડાની નાળીઓનો પ્રયોગ થતો હતો. આ નાળીઓને ઢાંકવા માટે ટોડા મહેરાબનો પ્રયોગ થતો હતો. મોહેન્જો દડોના વિશાળ સ્નાનાગારની નાળીઓને ટોડા મહેરાબથી ઢાંકવામાં આવી હતી. આ નાળી ૧.૮૭ થી ૨.૫૯ મીટર સુધી ઊંડી હતી (થપલ્યાલ). નાળીઓની વચ્ચે કૂંડીઓ પણ હતી. નાળીઓની નિયમિત સફાઈ થતી હતી. નાળીઓની સફાઈ માટે ઊંડી કૂંડીઓમાં પગથિયાં હતાં.

મોહેન્જો દડો, હડપ્પાનાં મકાનોમાં નાળીઓના નિર્માણ સમયે એ પણ ધ્યાન રાખવામાં આવતું હતું કે નાળીઓમાં વહેતા પાણીના છાંટાઓ રસ્તા પરથી પસાર થતા લોકોને ન ઊડે. મકાનના બીજા માળ પરથી જે નાળીમાં પાણી વહેતું તેનો વેગ ઓછો કરવા માટે નાળીઓ સીડીદાર બનાવવામાં આવતી હતી. નાળીઓના મુખ ખુલ્લા રહેતા, જાળીદાર હતા તેથી પાણી વહી જતું અને કચરો મુખ પાસે એકઠો થતો, તેની નિયમિત સફાઈ થતી હતી. નાળીઓ ચૂના અને જિપ્સમના ચૂર્ણથી જોડવામાં આવતી હતી. લાંબી નાળીઓ લાંબી લાકડીથી સાફ કરવામાં આવતી હતી. મોહેન્જો દડોના મકાનોમાં કચરાપેટીઓ હતી. નગરના રસ્તાઓના કિનારે જગ્યાએ જગ્યાએ કચરા ટોપલીઓ હતી. મકાનનો કચરો રસ્તાની કચરા ટોપલીમાં ફેંકવામાં આવતો હતો. નગરનું નાગરિક સંગઠન શ્રેષ્ઠ યોજનાબદ્ધ હતું, તેથી કચરાપેટીઓની નિયમિત સફાઈ થતી હતી (કાલા, સતીષચંદ્ર). પુરાતત્ત્વવેતા માર્શલના મતાનુસાર સિન્ધુ સભ્યતામાં જેટલું સ્નાનનું મહત્ત્વ હતું એટલું વિશ્વની કોઈ પણ પ્રાચીન સભ્યતામાં નહોતું. મોહેન્જો દડોના બધા જ ઘરમાં સ્નાનગૃહ હતું. સ્નાનકક્ષ આ સભ્યતાનું આવશ્યક અંગ હતું. સ્નાનકક્ષનું નિર્માણ સ્વચ્છતા અને ધાર્મિક ભાવનાથી પ્રેરિત હતું (થપલ્યાલ). ભારતમાં સ્નાનની પરંપરા સિન્ધુ સભ્યતાથી પ્રચલનમાં રહી છે. શુભ તિથિઓ, પુનિત પ્રસંગોના સમયે સ્નાન કર્મ પુણ્ય અને પવિત્ર માનવામાં આવે છે. મોહેન્જો દડોમાં વિશાળ સ્નાનગૃહ હતું, બાજુમાં સ્નાનાકૂંડ હતો. સ્નાનાગારમાં નવું-સ્વચ્છ પાણીની આયાત અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા હતી. નગરના ધનવાનોના મકાનોમાં હમામ પણ હતા. મોહેન્જો દડોના લોકો પણ હમામથી પરિચિત હતા. હમામમાં પાણીના નળમાં ગરમ પાણી આવે એવી યોજના હતી. મકાનોમાં કપડાં ધોવા માટેની અલગ વ્યવસ્થા હતી. મોહેન્જો દડોનાં કેટલાંક મકાનો અને સાર્વજનિક ભવનોમાં કૂવાઓ હતા. કૂવાઓનો આકાર અંડાકાર હતો. કૂવાઓની નજીક ઊંડી કૂંડીઓ રહેતી, કૂવા પર પાણી ભરનાર સ્ત્રીઓની ભીડ તતી ત્યારે પોતાના ઘડાઓ આ કૂંડીઓમાં મૂકતી હતી. પાણી ભરવાની રાહ જોતી હતી, કૂવાની નજીક પીવાના પાણીની વ્યવસ્થા હતી. આ સભ્યતામાં પણ જળદાનને પવિત્ર માનવામાં આવતું હતું. કૂવાની પાસે બે થી સાત ફૂટ જેટલી દીવાલ રહેતી હતી. કૂવાની સફાઈ માટે સીડી હતી. કૂવામાં કોઈનું મૃત્યુ થયું હોય તો આ કૂવાનું પાણી અશુદ્ધ ગણાતું. કૂવાની ઉપર ઢાંકણું રહેતું હતું. આ કૂવાઓનું બાંધકામ ખૂબ સારી રીતે કરવામાં આવ્યું છે. પાંચ હજાર વર્ષ જૂના કૂવાઓમાંથી આજે પણ લોકો પાણી પીવે છે. કૂવાની નજીક ગંદા પાણીના નિકાલ માટે નાળીઓ હતી. આ નાળીઓમાં કીચડ અને ગંદુ પાણી ભરાઈ જતું, તો તેની સફાઈ થતી હતી.

સિન્ધુ સભ્યતામાં મેસોપોટેમિયાની સભ્યતા જેવી ભવ્ય કબરો નથી. શબમાં મસાલા ભરીને સુરક્ષિત રાખવાની વિધિ પણ નથી. શબની બાજુમાં કિંમતી વસ્તુઓ રાખવાની પ્રથા પણ નથી. પરંતુ મૃતકોની ચીજવસ્તુઓ કોઈ જીવંત વ્યક્તિઓને આપવામાં આવતી હતી. જોકે આજે આપણે મૃતકોની કેટલીક ચીજવસ્તુઓ નદી, નાલા, તળાવ, સમુદ્ર, પાણીના કૂંડ, કૂવાઓમાં ફેંકીએ છીએ. સિન્ધુ સભ્યતાના સ્ત્રી-પુરુષ સ્વચ્છતા પ્રેમી હતા. શરીર અને ઘરની સ્વચ્છતા

જીવનનું અભિન્ન કર્મ હતું. આ સભ્યતાના લોકો આધુનિક યુગના પુરુષની જેમ સ્વચ્છતામાં આગળ નહીં, પરંતુ પાછળ પણ નહોતા. તેઓ શરીર સૌંદર્ય અને સ્વચ્છતાના જ્ઞાનથી પરિચિત હતા. સિન્ધુ સભ્યતાની સ્વચ્છતા વ્યવસ્થા તે લોકોના મસ્તિષ્કની મૌલિક ભેટ હતી. તેની તુલના સમકાલીન સભ્યતાઓ સાથે થઈ શકે નહીં. આ આપણી સભ્યતાનો સ્વચ્છતાનો ભવ્ય વારસો હતો.

ભારતીય પ્રાચીન સાહિત્યમાં સ્વચ્છતાના વારસાનું મહિમા ગાન છે. પ્રાચીન સાહિત્યમાં સ્નાનનું ઘણું માહાત્મય છે. રઘુવંશ અનુસાર સંગમ સ્થળ પર સ્નાનનું વિશેષ મહત્ત્વ છે. તે ફળદાયી ગણાય છે. સ્નાન કરનારને પરબ્રહ્મ જ્ઞાન વિના પણ મોક્ષ મળે છે. કૂર્મ પુરાણ પ્રમાણે સંગમ સ્થળે સ્નાન કરવાથી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. વિષ્ણુ પુરાણ મુજબ શિત અને અશિત નદીઓમાં સ્નાનનો લહાવો જળદેવતાઓને પણ દુર્લભ હોય છે (રાય,ઉદયનારાયણ). વારાણસીમાં ગંગા સ્નાનનું માહાત્મય છે. એટલે નાના મોટા અનેક નગરો નદી કાંઠે વસેલા છે. મહાભારતમાં ઉલ્લેખ છે તે પ્રમાણે નદી કિનારાના નગરોના નાગરિકોનું સ્વાસ્થ્ય ઉત્તમ હોય છે. નદી કાંઠે વધુ વૃક્ષો હોવાથી વાયુમંડલ પણ શુદ્ધ હોય છે. નરસિંહ પુરાણ અનુસાર અયોધ્યામાં સરયૂ તટ પર હજારો લોકો પવિત્ર સ્નાન કરતા હતા. વિક્રમાંક દેવચરિતમાં ઉલ્લેખ છે કે કવિ બિલ્હાણે કાશ્મીરથી અયોધ્યા આવી સરયૂમાં પવિત્ર સ્નાન કર્યું હતું. ગાહડવાલ રાજા ચન્દ્રદેવે ચંદ્રાવતી તામ્રલેખમાં કહ્યું છે કે અયોધ્યામાં સરયૂમાં સ્નાન સ્વર્ગલોક જેવું પવિત્ર છે. પાણી પવિત્ર છે એટલે જળશુદ્ધતા અંગે લોકો સચેત રહેતા હતા. ગુજરાતમાં સોલંકી વંશના શાસકે શિહોરમાં ગૌતમી નદીમાં સ્નાન કરી બ્રહ્મકૂંડની સ્થાપના કર્યાની કથા પ્રચલિત છે. અનેક રાજા, મહારાજાઓ, રાણી, મહારાણીઓ, પ્રધાનો, સોદાગરો, મહાજનોએ સ્નાનની પવિત્રતાના પ્રચાર અર્થે સ્નાનકૂંડો, વાવ-કૂવાઓ, તળાવો બંધાવી જળ પવિત્રતા અને જળ સ્થાપત્યનું સુંદર નિર્માણ કર્યુ હતું. પ્રાચીન ગ્રંથોમાં ઈન્દ્ર અને વરુણને જળશુદ્ધતાના દેવતા ગણયા છે. નદી અને કૂવાના પાણીને પવિત્ર માનવામાં આવ્યું છે. કૂવાનું પાણી પૃથ્વીના ગર્ભમાંથી નીકળે છે એટલે તે પવિત્ર છે.

પ્રાચીન ભારતીય ગ્રંથો પ્રમાણે દૈનિક સ્નાન અનિવાર્ય છે. પહેલા સ્નાન પછી જ શુભ કાર્યનો પ્રારંભ થાય છે. જન્મ પ્રસંગ, વિવિધ સંસ્કાર પ્રસંગ, મૃત્યુ પ્રસંગ, મોક્ષ માટે પણ સ્નાન જરૂરી છે. વિદ્યાભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને સ્નાતક કહેવામાં આવે છે. ગ્રંથોમાં સ્વચ્છતાને આધ્યાત્મિકતા સાથે જોડી દીધી છે. શરીર સ્વસ્થતા માટે પણ સ્વચ્છતાનું મહત્ત્વ છે. સવારમાં મુખ શુદ્ધતા માટે દન્તધાવન ક્રિયા કરવી, દંતમંજનથી મુખની શુદ્ધતા, વાણીની મધુરતા અને મુખનું સૌંદર્ય વધે છે. બૃહત્સંહિતા અનુસાર દાતણને હરડેના ચૂર્ણમાં સાત દિવસ સુધી રાખવું, તેના પર ઈલાયચી, દાલચીની, તેજપત્ર, અંજન, મધુ, કાલી મિર્ચની સાથે સુગંધિત જળમાં રાખવું, તેનો ઉપયોગ કરવાથી સ્વાસ્થ્યને લાભ થાય છે. ચરક પ્રમાણે વાળ અને નખને પાંચ દિવસે કાપવા જોઈએ, તેનાથી સ્વાસ્થ્યને ફાયદો થાય છે. કાદંબરીમાં રાજા તારાપીડના સ્નાનકર્મનું વર્ણન છે (કૃષ્ણકુમાર). મનુસ્મૃતિ મુજબ ભોજન પછી મુખ સાફ કરવું જોઈએ. કોઈ પણ અનુષ્ઠાન કરતા પહેલાં આંખ, કાન, જીભ, ત્વચા, મુખ સાફ કરવું જોઈએ. જળના સ્પર્શ માત્રથી શરીર પવિત્ર થાય છે (મનુસ્મૃતિ, શ્લોક-૬૫). એઠું ભોજન ક્યારેય પણ કોઈને આપવું નહીં, તેનાથી રોગોનું સંક્રમણ થઈ શકે છે (મનુસ્મૃતિ, શ્લોક-૫૯). દરેક ધર્મ અને સંપ્રદાયોમાં તેના ઉપદેશકોએ સ્નાન અને સ્વચ્છતાને નિયમ અને શિસ્તરૂપે સ્વીકાર્યા છે. વિદેશી યાત્રીકોએ ભારતના લોકોની સ્નાન અને સ્વચ્છતાનાં વર્ણનો કર્યાં છે. હયુઆન ચાંગે ભારતના લોકો ભોજન પહેલા મુખ સાફ કરતા હતા એવો ઉલ્લેખ કર્યો છે. ભારતના લોકો માટી અને કાષ્ઠ નિર્મિત પાત્રમાં એક વાર ભોજન કરી ફરીથી આ પાત્રનો ભોજન માટે ઉપયોગ કરતા નહોતા. જોકે ગરીબ લોકોના ભોજન પાત્ર તો માટીના પાત્ર જ હતા. પરંતુ ધનવાન લોકો માટે એ શક્ય હતું. સ્વર્ણ, રજત અને લોહ પાત્રનો ઉપયોગ કરતા, તેની સફાઈ રાખતા, ભોજન પછી મુખ શુદ્ધતા માટે દંતમંજન કરતા હતા.

પ્રાચીન સમયમાં શરીર સ્વચ્છતા અને સ્વાસ્થ્યને નુકસાન કરે એવા પદાર્થો પર પ્રતિબંધ હતો.

પ્રાચીન ભારતમાં શહેરોની સ્વચ્છતા માટે ગટરો

હતી. શુક્રનીતિ અનુસાર નગરના રાજમાર્ગોની બન્ને બાજુએ ગટરો હતી. મદુરામાં રાજમાર્ગની બન્ને તરફ ગટર હતી. તક્ષશિલામાં રાજમાર્ગની બન્ને બાજુએ નાળીઓ હતી. આ ગટર પર પથ્થરના ઢાંકણા હતા. વાત્સ્યાયન પ્રમાણે ભવનની ફર્શ સાફ રાખવી, તેના પર ફૂલથી સુશોભન કરવું, ભવનનું ગંદુ પાણી નાળીઓ દ્વારા બહાર કાઢવું, ભવનમાં પાન થૂંકવા માટે પતદગ્રહ (પાન થૂંકદાની) રહેતી. ફર્શ પર થૂંકવું પ્રતિબંધિત હતું. હસ્તિનાપુર, કૌશાંબીમાં ઉત્ખનનથી જાણવા મળ્યું છે કે, મકાનની અંદર નાળીઓ હતી. જે ઈંટોથી નિર્મિત હતી. એક જ ભવનમાં અનેક નાળીઓ હતી. નાળીઓનું ગંદુ પાણી એક જ મોટી કૂંડીમાં (ડ્રે ઓફ પાઈપ દ્વારા) જમા થતું હતું. આ નાળીઓની બનાવટ એ પ્રકારે હતી કે ગંદકી ફેલાવાનો ભય રહેતો નહીં. કેટલાક મકાનોમાં ગંદકી માટે મોટા ઘડાઓ રહેતા, આ ઘડાઓ એકબીજાઓ ઉપર ગોઠવેલા રહેતા, ઘડાના તળિયે એક કાણું રહેતું, બધા જ ઘડામાં ગંદકી ભરાઈ જતાં ઘડાઓનું મુખ બંધ કરી દેતા. સૌથી નીચેના ઘડાની નીચે ઈંટો રહેતી હતી. આ ઘડાઓમાં ગંદકી શુષ્ક થઈ જતી હતી. ઘડાઓ સોકેજ જાર્સનું કાર્ય કરતા હતા. તક્ષશિલા, હસ્તિનાપુરમાં આ પ્રકારના સોકેજ જાર્સ પ્રાપ્ત થયા છે. માર્ગ અને શેરીઓ પર પણ શાસકોએ આ પ્રકારના સોકેજ જાર્સની વ્યવસ્થા કરી હતી (સર જોન માર્શલ). કુષાણકાલીન મકાનોમાં સ્નાનગૃહ અને નાળીઓની વ્યવસ્થા હતી. પિપરહવામાં સોળ ઓરડાઓ ઉત્ખનનમાં મળ્યા છે. તેમાં એક લાંબી ગટર પણ હતી. ચિરાંદ (ઈ.સ.૩૦૦) માં પાણી નિકાસ માટેની સાળીઓ હતી (શર્મા, રામશરણ).

પ્રાચીન ભારતમાં સ્વચ્છતા અને સ્વાસ્થ્યને નુકસાન કરનારાઓને દંડ આપવામાં આવતો હતો. યાજ્ઞવલ્કય પ્રમાણે મુખ્ય રાજમાર્ગો પર થૂકવું અપરાધ હતો. મુખ્ય રાજમાર્ગો પર પેશાબ કરવો અપરાધ હતો. મુખ્ય રાજમાર્ગો પર શૌચ (મળત્યાગ) કરવો અપરાધ હતો. અર્થશાસ્ત્ર (કૌટિલ્ય) અનુસાર કોઈ વ્યક્તિ રાજમાર્ગ પર ગંદકી કરે તો તેની પાસેથી દંડ વસૂલ કરવો જોઈએ. માર્ગ પર મૃત મનુષ્ય અને પશુઓના શરીરને ફેંકે તો તેને કઠોર દંડ આપવો જોઈએ. મૃત શરીરને નગરની બહાર લઈ જવા માટેનો નિશ્ચિત માર્ગ હતો. મૃત શરીરને સ્મશાનમાં જ અગ્નિદાહ આપવામાં આવતો હતો. બીજી જગ્યા પર અગ્નિદાહ કરવો દંડનીય અપરાધ હતો. સાર્વજનિક સ્થળો પર કૂતરા, બિલાડા, સાપ, ગધેડા, ઊંટ અને મનુષ્યના શબને ફેંકવું અપરાધ હતો. સ્વાસ્થ્યને માટે હાનિકારક વસ્તુઓ વેચવી એ સામાજિક અપરાધ હતા. જળાશય અને જળસ્ત્રોતોની પાસે શૌચાલય અથવા મુત્રાલય બાંધવા અપરાધ હતો. સૌથી મોટો અપરાધ તો તળાવ અને કૂવાના પાણીને ગંદુ (અશુદ્ધ) કરવું એ હતો (ત્રિપાઠી, હરિહરનાથ) અર્થશાસ્ત્ર (કૌટિલ્ય) પ્રમાણે મકાનમાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવી. જે ઘરમાં આ વ્યવસ્થા ન હોય તે મકાન માલિકને ૫૪ પણ દંડ કરવો જોઈએ. વાયુપુરાણ અનુસાર જે વ્યક્તિ પાણીમાં વિષ્ટા, મૂત્ર, અગ્નિ, જળ માર્ગ અને ગૌશાળામાં ફેંકે છે તેને તો નર્ક મળે છે (પુષ્પેન્દ્રસિંહ).

### ૩. ભારતીય સ્વચ્છતા વારસાનું મહત્ત્વ :

પ્રાચીન ભારતીય સમાજમાં સ્વચ્છતા પ્રત્યે સજાગતા હતી. પરિવારમાં બાળપણથી સ્વચ્છતાના વિચારો અને નિયમોનું જ્ઞાન પ્રાપ્ત થતું હતું. સ્વચ્છતા અંગે ભારતીય પરિવાર સાવ અજ્ઞાન કે ઠોઠ નહોતો, પરંતુ કાળાંતરે પરિવારથી સ્વચ્છતા અને સ્વસ્થતા પ્રત્યે સૂગ અને આળસી ટેવો અને આચાર શરૂ થયા. પરિણામે ગામડાં, શહેરોમાં ગંદકીમાં ઢગલાઓ અને રોગોથી સ્વસ્થતાનો વિનાશ થતો રહ્યો છે. સ્વચ્છતાનું શિક્ષણ આપણા શરીર સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે. તેનું ઘણું મહત્ત્વ છે. પૃથ્વી માતાનું અનુપમ સૌંદર્ય સ્વચ્છતાથી રક્ષિત રહે છે. સ્વચ્છતાથી જ આપણી સભ્યતા શ્રેષ્ઠ-સંસ્કારી રહે છે. વિશ્વના લોકોમાં આપણી સંસ્કારિતાનો યશ પ્રાપ્ત થાય છે. સ્વચ્છતાથી જ આપણી આસપાસના રોગજન્ય કિટાણુઓનો વિનાશ થાય છે અને આપણે સૌને સ્વાસ્થ્યપ્રદ પ્રાણતત્ત્વ મળે છે. સ્વચ્છતાથી વ્યક્તિમાં શુદ્ધતાના વિચારોની સમજ આવે છે. સ્વચ્છતામાં ધનવાન વ્યક્તિ બીજી વ્યક્તિ અને સમુહને તંદુરસ્ત જીવનની પ્રેરણા આપે છે. સ્વચ્છતા વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સ્વાસ્થ્યવર્ધક રસાયણ સમાન છે. સ્વચ્છતા રાષ્ટ્ર કલ્યાણનો માર્ગ છે. સ્વચ્છતા થકી રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસમાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

જે વ્યક્તિએ વિચાર અને આચરણમાં સ્વચ્છતાના આદર્શનો સ્વીકાર કર્યો છે, તે જ્ઞાની ન હોવા છતાંય શ્રેષ્ઠ છે. એ જ સાચો જ્ઞાની અને જીવનપ્રેમી છે. વ્યક્તિના સ્વચ્છતા ગુણ, જ્ઞાન, રીતભાત જેવા સ્વચ્છતા ફૂલો અને રંગોથી તેનું જીવન સ્વાસ્થ્ય અને સૌંદર્યમાં શ્રેષ્ઠ છે. જ્ઞાની વ્યક્તિમાં સ્વચ્છતાનો અભાવ હોય તો તે જ્ઞાની હોવા છતાંય અજ્ઞાની અને જીવનદ્રોહી છે.

વ્યક્તિનું પોતાના રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય છે કે તે સ્વચ્છતા નિર્માણમાં યોગદાન આપે. કોઈ પણ વ્યક્તિ રાષ્ટ્રના સ્વચ્છતા વારસાનો સંવાહક અને સંરક્ષક છે. સ્વચ્છતાના રક્ષણ માટે ગંદકીને દૂર રાખવી, સ્વચ્છતાથી જ આદર્શ વ્યક્તિત્વની પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે. સ્વચ્છતા એ આપણી સાંસ્કૃતિક વારસાનું અભિન્ન અંગ છે. આપણી નવી પેઢીમાં સ્વચ્છતાના વિચારો અને આચારોની શ્રેષ્ઠ પરંપરાઓથી જ રાષ્ટ્રની પ્રગતિ થાય છે. દેશના દરેક નાગરિકમાં સ્વચ્છતા વારસાનું સ્વાભિમાન જાગૃત થવાથી રાષ્ટ્રભાવ સુગઠિત થાય છે.

સ્વચ્છતાથી જ કુસંસ્કારોથી મુક્તિ મળે છે. સ્વચ્છતાથી જ રોગમુક્તિ થાય છે. સ્વચ્છતાથી રાષ્ટ્રનિર્માણ થાય છે. સ્વચ્છતાથી જ વિશ્વગુરુનું સન્માન મળે છે. સ્વચ્છતા આપણી સભ્યતાનું મૂલ્યવાન આચરણ છે. આપણી સિન્ધુ સભ્યતા હજારો વર્ષ પહેલા પ્રાચીન સભ્યતાઓમાં સ્વચ્છતાને કારણે વિશ્વ સભ્યતાઓમાં શ્રેષ્ઠ હતી. આ સભ્યતાનું આજે પણ આપણે સૌને ગૌરવ છે. આ સ્વચ્છતા પરંપરાને સમૃદ્ધ કરવી એ આપણા સૌનું મહાન કર્તવ્ય છે.

**૪. સ્વચ્છતા વારસો અને મુશ્કેલીઓ :**

આપણો સ્વચ્છતા વારસો ગૌરવમયી છે, લાભદાયી છે. છતાં આપણા દેશમાં એક આદર્શ મનથી, નિષ્ઠાથી તેનું જતન કરી શકતા નથી. આપણો સ્વચ્છતાનો આદર્શ એક અવશેષરૂપ બની રહ્યો છે. વ્યવહારમાં આપણે સૌ સ્વચ્છતા પ્રત્યે બેકાળજીપૂર્વકનું વર્તન કરી રહ્યા છે. સ્વચ્છતાનું કાર્ય માત્ર સરકારી તંત્રની જવાબદારી ગણાવી આપણા કર્તવ્યથી દૂર ભાગી રહ્યા છે. સ્વચ્છતા એ તો સહિયારું સાહસ છે, તેમાં સરકારના પ્રયત્નો પૂરતા નથી. સમાજમાં સ્વચ્છતા શ્રમ પ્રત્યેની સૂગ, નાનપ એ સ્વચ્છતાના કાર્યને અવરોધે છે. દેશમાં ગંદકી ફેલાવનારો વર્ગ મોટો અને ગંદકી દૂર કરનારો વર્ગ નાનો છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે : ''સ્વચ્છતા પ્રત્યે આપણા વિચારમાં સામુહિક જવાબદારીનો અભાવ રહ્યો છે. આપણે આપણા ઘરનો કચરો બીજાના આંગણામાં ફેંકવામાં લજ્જાના કોઈ ભાવ રાખતા નથી એટલે આપણે રસ્તા પર ખૂલ્લા પગે ચાલી શકતા નથી. રસ્તા ઉપર કચરો અને છાણના ઢગલા હોય છે. ગામડામાં તળાવ, નદીનું પાણી શુદ્ધ નથી'' (ગાંધી, મોહનદાસ).

આપણા દેશમાં શૌચાલયની સુવિધાને અભાવે લોકોએ આપણી પવિત્ર ભૂમિને નર્કાગાર બનાવી દીધી છે. આપણી અજ્ઞાનતા, સુસ્તી, મિથ્યાજાતિ અભિયાનથી આપણે ગંદકી કરી શકીએ છીએ, પરંતુ સાફ કરવામાં અવળચંડાઈ કરીએ છીએ. કેટલાક લોકો શેરી, રસ્તામાં પણ શૌચ કરવામાં શરમાતા નથી. આપણા દેશમાં નદીનું પાણી પવિત્ર અને નિર્મલ ગણાય છે. પરંતુ પવિત્ર ગંગા નદીને પણ ગંદકીથી ભરી રહ્યા છે. કેટલાક યાત્રાળુઓ નદી કિનારે શૌચક્રિયા કરી પોતાના શરીરની ગંદકીનો નિકાલ કરી નાખે છે, પરંતુ આપણી પવિત્ર ગંગા માતાને અશુદ્ધ અને દૂષિત કરી ચાલ્યા જાય છે. કેટલાય નગરોમાં તો નદી અને તળાવ કાંઠે શૌચાલયનું નિર્માણ થયું છે. જે પાણીને અશુદ્ધ કરે છે.

આપણા સાર્વજનિક સંસ્થાનો આપણી રાષ્ટ્રીય સંપત્તિ છે. પ્રાકૃતિક સ્થળો આપણી પ્રાકૃતિક ધરોહર છે. સાર્વજનિક સ્થળોની સુંદરતા અને કલ્યાણ કાર્ય આપણી પ્રગતિ અને વિકાસના વાહક છે. પ્રાકૃતિક સ્થળો આપણી ભૂમિનું અનુપમ સૌંદર્ય છે. આપણા માનસિક સ્વસ્થ્યનું અદ્‌ભૂત અમૃત છે, પરંતુ આપણે સાર્વજનિક સંસ્થાનોની દીવાલો પર થૂંકવું, ભૂંડી ગાળો લખવી, પ્રેમી યુગલનું નામકરણ કરવું, ભવનોના ખૂણાઓમાં મળમૂત્રવિસર્જન કરવું, કચરો ફેંકવામાં સહેજ પણ સંકોચ રાખતા નથી. નફટાઈપૂર્વકના બદઈરાદાઓનું પ્રદર્શન કરી, અસંસ્કારીપણું બતાવી રહ્યા છે.

કેટલાક લોકો નખ, વાળ, વસ્ત્ર, શરીરની સ્વચ્છતા પ્રત્યે જાગૃત નથી. ઘણા દિવસ સુધી નખ ન કાપવાથી

નખમાં કીટાણુયુક્ત ગંદકી જમા થાય છે. જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. કેટલાક લોકો લાંબા વાળ રાખે છે, પરંતુ નિયમિત સાફ ન કરવાથી માથામાં જૂ (જંતુ) નિવાસ કરવા આવે છે. કેટલાકને ચાલતાં ચાલતાં થૂંકવાની ટેવ હોય છે. દ્વિચક્રી વાહન, કાર, બસ, ટ્રક જેવા વાહનોમાંથી થૂંકે છે. છીંકે, અધોવાયુ કાઢે તેમાં આસપાસના લોકોને હાનિ પહોંચે છે. પરંતુ ગંદકી ફેલાવનારાને કોઈ શરમ નથી. આપણી સભ્યતા ધર્મપ્રધાન છે. વર્ષભર પરિવારમાં, સમુહમાં અને સમગ્ર દેશમાં ધાર્મિક સંસ્કાર વિધિ થતી રહે છે. ધાર્મિક વિધિઓમાં અનેક ચીજવસ્તુઓનો ઉપયોગ થાય છે, તેમાંથી કેટલીક વસ્તુઓ જળસ્થળોએ ફેંકી દે છે. કૂવાઓ, તળાવો, જળકુંડ, નદીના નિર્મલ જળમાં ફેંકી ચીજવસ્તુઓ કચરો-સડો થઈને પાણીને અશુદ્ધ કરી નાખે છે. સ્વતંત્રતાનો સૌને અધિકાર છે. એટલે રાજકીય, સામાજિક, ધાર્મિક સમારંભોનાં નાનાં મોટાં શહેરોમાં યોજાતા રહે છે. પરંતુ આ સમારંભોમાં ઉપસ્થિત લોકો માટે મળ-મૂત્ર વિસર્જનની સુવિધાઓનો અભાવ હોવાથી કેટલાક લોકો રસ્તાઓ અને આસપાસના સ્થળોએ શૌચક્રિયા કરે છે.

ગામમાં બાળમંદિર, પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ હોય એ ગામનું સદ્‌ભાગ્ય ગણાય છે. પરંતુ ગામના કેટલાક લોકો એવા પણ હોય છે કે જ્યાં પોતાના સંતાનો વિદ્યા પ્રાપ્ત પ્રાપ્ત કરે છે, એ જ વિદ્યામંદિરની આસપાસ વહેલી સવારે કે રાત્રીના અંધારામાં શૌચક્રિયા કરીને વિદ્યામંદિરમાં દુર્ગંધ ફેલાવે છે. આ તો દુરાચાર છે. આ દુર્ગતિથી સ્વચ્છતાનો વિનાશ થાય છે. ભારત કૃષિપ્રધાન દેશ છે. પશુપાલન ગ્રામીણ લોકોને કૃષિકર્મ અને અર્થોપાજનમાં ઉપયોગી છે. પરંતુ કેટલાંક ગામ એવાં છે કે, પશુઓનું છાણ અને પશુ ખાદ્ય કચરો ગામની ચારે દિશાઓમાં કિલ્લેબંધીરૂપે હોય છે આ ઉકરડાઓ વરસાદની ઋતુઓમાં ખૂબ ગંદકી ફેલાવે છે. કેટલાક લોકો ઊંડા ખાડામાં કચરો નાખી એ ખાડો પાણીથી ભરી દે છે. તેનાથી આકા ગામમાં મચ્છર જેવા કીટાણુઓ ઉત્પન્ન થઈ ગામના લોકોનું સ્વાસ્થ્ય બગાડે છે. ઉદ્યોગો એ આપણા દેશના આર્થિક વિકાસનો પાયો છે. ઉદ્યોગોથી ભારતમાં ખુશી અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ ઉદ્યોગોમાંથી નીકળતો રાસાયણિક ઝેરી કચરો ભૂગર્ભ નદીના જળમાં ભળે છે, ત્યારે પીવાનું પાણી ઝેર થઈ જાય છે. વાતાવરણ પ્રદુષિત થાય છે. મનુષ્ય અને જીવસૃષ્ટિનું જીવ સંકટગ્રસ્ત બને છે.

દેશના નાના મોટા શહેરોમાં ઝૂંપડપટ્ટીઓ છે. આ વસાહતોમાં નાગરિક સુવિધાઓનો અભાવ હોય છે. ગરીબાઈથી પીડિત લોકો ઝૂંપડપટ્ટીઓમાં ગંદકીથી માંદા થઈને મરે છે. ગરીબોની જે વસાહતો છે તેમાં નિયમિત સફાઈ થતી નથી. જેમકે ઉત્તર દિલ્હીમાં સંગમપાર્કમાં સફાઈ કામદારો રહે છે. આ વસાહતમાં ગંદકીનું નર્કાગાર છે. પીવા માટે શુદ્ધ પાણી નથી. દેશની રાજધાનીની સફાઈ આ લોકો કરે છે, પરંતુ પોતાની વસાહતમાં પ્રસાસકો સ્વચ્છતાથી વંચિત રાખે છે. તેઓ આ લોકો પણ ઈન્સાન છે એવું માનવા તૈયાર નથી. દેશના નગરોમાં એવી તો ઘણી વસાહત છે કે, જ્યાં ધર્મ અને જાતિના નામે નાગરિક સુવિધા મળે છે. આપણે એ જોતા નથી કે ગંદકીના ઢગલાઓમાં જે કીટાણુ ઉત્પન્ન થાય છે, તે કોઈ જાતિ, ધર્મ પૂછીને સંક્રમક રોગ ફેલાવતા નથી. તેના માટે બધા જ મહોલ્લાઓ સમાન છે. શહેરના કોઈ પણ ખૂણાની ગંદકી સમગ્ર શહેર માટે નુકસાનદાયી છે. સંપૂર્ણ શહેરની સ્વચ્છતાથી જ સમગ્ર શહેર રોગમુક્ત રહી શકે છે.

દેશમાં ઘણી હોટલોમાં-ભોજનાલયોમાં સ્વચ્છતાનો અભાવ હોય છે. ઘણી વખત ગ્રાહકોને ભેળસેળયુક્ત, વાસી, ખુલ્લો રાખેલ હોય એવું ભોજન પીરસવામાં કોઈ શરમ હોતી નથી. એઠાં વાસણોની સારી રીતે સફાઈ પણ ન કરે, ચા ના કપ કે પાણીના ગ્લાસ પણ સાફ ન હોય, રસોઈઘરમાં ગંદકી રહેતી હોય, એવું ભોજન લોકોના સ્વાસ્થ્યને હાનિ કરે છે.

કેટલાંક નગરો તો એવાં છે કે વરસાદ ન હોય તો પણ આખુ વર્ષ પાણીની ગટરો ઊભરાઈને રસ્તા પર ગંદુ પાણી વહેતું રહે છે. રસ્તાઓ સ્વચ્છ રહે, બંધ ગટરમાં પાણી વહેતું રહે એ કાર્ય નગર પ્રશાસકનું છે, પરંતુ પ્રજાના સ્વાસ્થ્યની તેઓને કોઈ ચિંતા નથી. પ્રજાકલ્યાણ બોધ તેઓને પાચન થતો નથી.

સફાઈ કામદારો નગરોની ગંદી ગટરો, સાફ કરે છે. પરંતુ, તેઓની સુરક્ષાના કોઈ ઉપયોગથી. આ સફાઈ

કામદારો આપણી સ્વચ્છતા સુરક્ષાના વફાદાર સૈનિકો છે. ડ્રેનેજ સાફ કરતા અનેક સફાઈ કામદારો ઝેરી ગેસથી મૃત્યું પામે છે. તેઓના પરિવાર અનાથ બને છે, પરંતુ આપણા દેશના બૌદ્ધિકે તેઓના પ્રત્યે સંવેદના વ્યક્ત કરી ક્યારેય પોતાના પદકો સરકારી તંત્રને પાછા આપ્યા નથી.

શાકભાજી બજાર, ફિશ-મટન માર્કેટોમાં પણ ગંદકીના ઉકરડાઓ હોય છે. કેટલાંક શહેરોમાં ખુલ્લામાં માછલી અને પશુમાંસ વેચાય છે. ગંદકીને રસ્તાઓ પર ફેંકી દે છે. તેની સફાઈ પણ થતી નથી. દુર્ગંધથી આસપાસનું વાતાવરણ દૂષિત થાય છે. આ ગંદકીથી સંક્રામક કીટાણુ ફેલાય છે. શહેરના લોકોનું સ્વાસ્થ્ય બગડે છે.

યુનિસેફ પ્રમાણે ભારતમાં ૬૦ કરોડથી વધારે લોકો ખુલ્લામાં શૌચ કરે છે. દેશમાં શૌચાલયની સુવિધા નથી, તેથી આ ભયંકર સ્થિતિ છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો સ્વચ્છતા અભિયાનની યોજનાઓ બનાવી, ગ્રામ્ય અને નગરીય વહીવટી તંત્રને સોંપી દે છે. તંત્રની બેજવાબદારી અને નાગરિકોમાં જાગૃતિના અભાવને લીધે મહત્ત્વપૂર્ણ યોજનામાં સફળતા મળી નથી. ગામ અને નગરમાં સ્વચ્છતા પ્રત્યે ફૂવડ પરિવારોને સ્વચ્છતા સાક્ષર કરવામાં વહીવટીતંત્ર નિષ્ફળ રહ્યું છે.

સરકાર દ્વારા સ્વચ્છતા માટેનું જે ભંડોળ ફાળવવામાં આવે છે તે સમસ્યાના વિકરાળ સ્વરૂપથી ઘણું ઓછું હોય છે. વળી, આ ભંડોળનો યોગ્ય ઉપયોગ થઈ શકે એવા નિયંત્રણનો પણ અભાવ હોય છે. સાફ-સફાઈ માટેનો માનવશ્રમ, સાધનોનો પુરવઠો પણ મર્યાદિત હોય છે. વળી, સફાઈનું કાર્ય પણ પરંપરાગત પ્રથા પ્રમાણેનું હોય છે. આધુનિક સ્વચ્છતા સાધનો સિમિત હોય છે. કેટલાંક ગામડાંઓ એવાં પણ છે જ્યાં પાણીની સુવિધા પૂરતી નથી. ઘરમાં કે સાર્વજનિક શૌચાલય હોય તો પણ પાણીના અભાવે, વીજળીના અભાવે તેનો ઉપયોગ થઈ શકતો નથી. મોટા ભાગે ગામ અને નગરમાં શૌચાલયોની સંખ્યા ખૂબ જ ઓછી છે. આ શૌચાલયોની ગંદકી નિકાલ માટેની ગટરોનો અભાવ હોય છે. વળી, ગામ અને શહેરોમાં ગરીબ લોકોની વસ્તી પણ વધારે છે અને તેઓની પાસે સ્વચ્છતા માટેની પાયાની સુવિધાઓનો અભાવ છે. હાથ ધોવા માટે, શરીર સાફ રાખવા, વસ્ત્રો ધોવા સાબુ અને પાઉડર ખરીદવાની શક્તિ નથી, તો કેટલાકના ઘરોમાં ગંદા પ્રવાહીનો નિકાલ કરવાની સુવિધા નથી. સ્વચ્છતાના કાર્યમાં લોકોની સામાજિક-આર્થિક અવદશા પણ અવરોધરૂપ છે.

**૫. સ્વચ્છતાના વારસાને સમૃદ્ધ બનાવવાની પ્રક્રિયા અને પદ્ધતિ :**

ભારતમાં ૧૮૬૩માં રોયલ કમિશને સ્વચ્છતા રિપોર્ટ પ્રસ્તુત કર્યો હતો. પછીથી અલગ અલગ પ્રાંતોમાં સેનેટરી બોર્ડની સ્થાપના કરી હતી. એટલું જ નહિ ૧૯૧૧માં મુંબઈમાં ‘ઓલ ઈન્ડિયા સેનેટરી અધિવેશન’ કર્યું હતું. ૧૯૧૨માં મદ્રાસમાં, ૧૯૧૪માં લખનૌમાં અધિવેશન યોજી સ્વચ્છતા જાગૃતતાનો પ્રયાસ કર્યો હતો. બ્રિટીશ સરકારે ૪૩૯૯૪ ગામ અને શહેરોમાં પાણી અને ગટર વ્યવસ્થાની યોજના બનાવી હતી (કાલે, વામન ગોવિંદ), પરંતુ સ્વચ્છતા યોજના એક આંદોલનરૂપે બની શકી નહીં.

મહાત્મા ગાંધી સ્વચ્છતાના કાર્યને સ્વતંત્રતાથી પણ મહત્ત્વપૂર્ણ કાર્ય માનતા હતા. ગાંધીજી કહેતા હતા કે : ‘‘જે વ્યક્તિ સ્વચ્છતા પ્રત્યે જાગૃત નથી, તેને તો જરૂર શરમ લાગવી જોઈએ.’’ ગાંધીજીના સ્વચ્છતા આંદોલનમાં હજારો લોકો જોડાયા હતા. ગાંધીજીએ સ્વચ્છતા કાર્યકરોને સ્વચ્છતા પ્રક્રિયાની તાલીમ આપી હતી. જેમકે : શૌચક્રિયા નિશ્ચિત સ્થળે કરવી, શેરીઓમાં શૌચક્રિયા કરવી નહીં, શૌચને માટીથી ઢાંકી દેવું, ટોઈલેટ સાફ રાખવું, ગંદકી ખેતરોમાં નાખવી, રસ્તામાંથી કચરો દૂર કરવો, કૂવાઓ, તળાવોની સફાઈ કરવી, બજાર, શેરીઓમાંથી કચરો દૂર કરવો, સ્વચ્છતા કાર્યમાં દાક્તર હોય કે વિદ્યાર્થી તે પણ સહકાર આપે. ગામ લોકોએ ગામમાં નિયમિત સફાઈનું કાર્ય કરવું, કચરામાંથી ખાતર બનાવવું, મળમૂત્રને એક ફૂટ ઊંડા ખાડામાં ઢાંકી દેવાથી ઉપયોગી ખાતર બની શકે છે. દુર્ગંધ પણ ફેલાતી નથી. તળાવમાં ગંદા વસ્ત્રો ધોવાથી, સ્નાન કરવાથી, પશુઓથી પાણી અશુદ્ધ થાય છે. તેનાથી પાણીજન્ય રોગો થાય છે. જે લોકો કલમનો ઉપયોગ કરે છે, તે ઝાડુનો પણ ઉપયોગ કરે. રાખ કીટાણુનાશક છે તેનો ઉપયોગ કરવો (ગાંધી, મોહનદાસ). ગાંધીજીએ

બતાવેલા માર્ગ પર અનેક કાર્યકરોએ સ્વચ્છતાના કાર્યમાં સહકાર આપ્યો હતો. આ કાર્યકરોએ શહેર સફાઈનું અભિયાન શરૂ કર્યું. તેઓએ શહેરના જુદાજુદા મહોલ્લાઓ અલગ અલગ સંસ્થાઓને આપી અને સફાઈની જવાબદારી સોંપી દીધી હતી. ૫ સપ્ટેમ્બર, ૧૯૨૫થી ૧૭ એપ્રિલ, ૧૯૨૬ સુધી અમદાવાદમાં સફાઈ અભિયાન શરૂ કર્યું હતું. ૫૩૯૪ ચોરસ એકર ક્ષેત્રફળમાંથી બે લાખ મણ કચરો ભેગો કર્યો હતો. સ્વચ્છતા જાગૃતિ માટે મહોલ્લાઓમાં સભાઓ યોજી હતી. લોકોને સ્વાસ્થ્ય બોધ અને સ્વાસ્થ્ય સિદ્ધાંતોનું જ્ઞાન આપ્યું હતું. જે લોકો સ્વચ્છતા કાર્યમાં સહકાર આપતા હતા, તેઓને ઈનામ અને ભેટ આપી સન્માનતા હતા. સ્વચ્છતા આંદોલનોમાં જોડાયેલા લોકો નાના નાના સમૂહ બનાવીને સ્વચ્છતા કાર્યને સફળ બનાવવા પ્રયત્નશીલ હતા.

ગાંધીજી સ્વચ્છતા અભિયાનને વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્રને માટે આવશ્યક માનતા હતા. એટલે તેઓ કહેતા કે; ''બધા જ ઘરોમાં શૌચાલય હોવું જોઈએ, ઘરના શૌચાલયને ડ્રેનજ સાથે જોડી દેવું જોઈએ, કચરાપેટીને નિયમિત સાફ કરવી, ઝૂંપડપટ્ટીઓ અને ગંદી વસાહતોને દૂર કરીને લોકોને સુવિધાપૂર્ણ મકાનો આપવાં જોઈએ. ઉદ્યોગોની ગંદકી નિયમિત સાફ કરવી. વરસાદના પાણીના નિકાલની વ્યવસ્થા કરવી, ગટર સાફ રાખવી, સફાઈ કામદારો માટે વ્યવસ્થા કરવી. આ રીતે ગાંધીજીએ લોકોમાં સ્વચ્છતાને માટે ભાવનાત્મક જાગૃતિ ઉત્પન્ન કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ જ્યાં સુધી ગાંધીજીની ઉપસ્થિતિ રહી ત્યાં સુધી આ આંદોલન સારી રીતે શરૂ રહ્યું, પરંતુ ગાંધીજીની અનુપસ્થિતિમાં આ કાર્ય એક સપનું બની રહ્યું છે.

ગાંધીજી પછી તેમના સપનાને સાકાર કરવાના પ્રયત્ન ભારત સરકાર અને રાજ્ય સરકારોએ કર્યા છે જેમ કે, નિર્મલ અભિયાન, સ્વચ્છ ભારત મિશન શરૂ કર્યું. ઘર-ઘરમાં શૌચાલયની યોજના તૈયાર કરી છે. પબ્લિક શૌચાલયો માટે કરોડો રૂપિયાનો ખર્ચ પણ કરે છે. આમ, છતાંય સ્વચ્છતાનું કાર્ય આજ પણ પુરું થઈ શક્યું નથી.

સ્વચ્છતાના કાર્યને પૂર્ણ કરવાનું કેટલીક સેવાભાવી સંસ્થાઓ જેવી કે ભારતી ફાઉન્ડેશન, સુલભ ઈન્ટરનેશનલ બીડું ઝડપ્યું છે. સુલભ ઈન્ટરનેશનલે 'સ્વસ્થ બચપન સ્વસ્થ રાષ્ટ્ર'ના સૂત્રનો સ્વીકાર કરી ભારતમાં સ્વચ્છતા આંદોલન શરૂ કર્યું છે (વાઘેલા, અનિલ). આ સંસ્થાએ ભારતમાં 'સુલભ શૌચાલય', 'મુક્તિ કાર્યક્રમ', 'પે એન્ડ યુઝ', 'સુલભ થર્મોફિલિક એરબિક કમ્પોસ્ટિંગ', 'સુલભ ગામડાઓમાં સુલભ એદ્રલુસેટ ટ્રીટમેન્ટ', સુલભ યુનિવર્સિટી, શૌચાલય પરિસંવાદો, એવોર્ડ, 'વર્લ્ડ ટોયલેટ ડે' જેવી પ્રવૃત્તિઓ દ્વારા સ્વચ્છતા આંદોલનોનું નેતૃત્વ કર્યું છે.

આઝાદીનાં ૬૮ વર્ષ થયા હોવા છતાંય આજે પણ ભારતના લોકોના ઘરમાં શૌચાલયની સુવિધા પ્રાપ્ત થઈ નથી. એટલે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ગાંધીજીની ૧૪૫મી જન્મજયંતિ ૨ ઑક્ટોબર, ૨૦૧૪ના પ્રસંગે સ્વચ્છ ભારત અભિયાનની ઘોષણા કરી છે. ૨ ઑક્ટોબર, ૨૦૧૯માં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ થશે ત્યાં સુધી ભારતમાં સ્વચ્છ ભારત અભિયાન શરૂ રહેશે. સરકારે સ્વચ્છ ભારત મિશન દ્વારા લોકોમાં જાગરૂકતા ફેલાવવા નવ સભ્યોની નિયુક્તિ કરી છે. સલમાનખાન, અનિલ અંબાણી, કમલ હસન, કપિલ શર્મા, શશી થરુર, સચિન તેંડુલકર, બાબા રામદેવ, પ્રિયંકા ચોપરા અને તારક મહેતાના ઉલટા ચશ્માની ટીમનો સહયોગ લીધો છે. આ સભ્યો દ્વારા બીજા સભ્યોની નિયુક્તિ કરે અને પ્રચારની પ્રવૃત્તિઓને વેગ આપે. આ અભિયાનમાં શહેરી ક્ષેત્રમાં ૨.૬ લાખ પબ્લિક શૌચાલય, ૨.૫ લાખ સામુદાયિક શૌચાલય, લગભગ ૪૪૦૧ શહેરોમાં શૌચાલય બનાવવાની યોજના તૈયાર કરી છે. ઘર-ઘરમાં શૌચાલય, સ્વચ્છતા જાગરુકતા, સામુદાયિક શૌચાલય અને કચરાની વ્યવસ્થા માટે ૧૪,૦૦૦ કરોડથી વધારે ફંડ ફાળવવામાં આવ્યું છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓને સ્વચ્છતા અભિયાનનું કાર્ય સોંપવામાં આવ્યું છે. લોકો ખૂલ્લામાં શૌચ કરવા મજબૂર ન થાય એ ત્રાસમાંથી મુક્તિ માટે ઘર ઘરમાં શૌચાલયની સુવિધા આપવી. એવા ટોયલેટ બાંધવા જે પાણીથી સાફ થઈ શકે. કચરાનું રિસાઈકીલીંગ કરવું, લોકો સ્વચ્છતાના આચારો અને વિચારોમાં પરિવર્તન કરે, સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહે,

સ્વચ્છ ભારત, તંદુરસ્ત ભારત માટે લોકો શ્રમ, મન, ધનથી આ મહાન અભિયાનમાં સહયોગ આપે.

સ્વચ્છ ભારત તંદુરસ્ત ભારત અભિયાનમાં સૌથી પહેલા સ્વચ્છતા નીતિનું ઘડતર કરવું જરૂરી છે. સ્વચ્છતાનું ભાવી સ્વચ્છતા નીતિ પર નિર્ભર છે. લોકોમાં સ્વચ્છતા પ્રત્યેની સામુહિક જાગૃતિ જરૂરી છે. બાળકોથી શરૂ કરી યુવાનો, વૃદ્ધોને સ્વચ્છતા અને સ્વાસ્થ્યના સંબંધોનું જ્ઞાન મળે, સ્વચ્છતાના પ્રશ્નો અંગે સંવાદ થાય, લોકોમાં સ્વચ્છતા પ્રતિ સન્માન અને આત્મીયતાનો ભાવ જાગે એ માટે પરિવાર પછીનું શ્રેષ્ઠ માધ્યમ શિક્ષણ છે. પ્રાથમિક શાળાઓથી શરૂ કરી યુનિવર્સિટીઓમાં સ્વચ્છતાનું શિક્ષણ આપવું. સ્વચ્છતા વિશેની સંશોધનાત્મક, સર્જનાત્મક પ્રવૃતિઓ કરવી. સ્વચ્છતા પ્રત્યેની સૂગ અને સામાજિક પ્રતિષ્ઠાનું મિથ્યાભિમાન નાબૂદ થાય, સફાઈકર્મીઓ જે પરંપરાગત સાધનોથી સફાઈ કાર્ય કરે છે, તેના વ્યવસાયિક ક્ષેત્રમાં આધુનિક-યંત્રોથી સફાઈનું કાર્ય થાય. દરેક ઘરમાં શૌચાલયની સુવિધા પ્રાપ્ત થાય, દરેક પરિવાર સ્વચ્છતાની જવાબદારી સ્વીકારે. સરકારનું વહીવટીતંત્ર પણ સ્વચ્છતાના કાર્યને અગ્રતા આપી, કર્તવ્યભાવે સક્રિય રહે, એવી નીતિ નિશ્ચિત કરવી.

સ્વચ્છતાના પ્રચાર માટેનાં શ્રેષ્ઠ માધ્યમો શિક્ષણ અને જનસંચાર છે. તેના દ્વારા જનજાગૃતિ કાર્યક્રમો કરવા સ્વચ્છતાના ફાયદાઓનું પ્રદર્શન કરવું. સ્વચ્છતા થકી જ વ્યક્તિમાં માનસિક અને સંતુલન સ્થિતિનું નિર્માણ થઈ શકે છે. દેશમાં દરેક વ્યક્તિને સ્વચ્છતાનો સમાન અવસર મળવો જોઈએ. સ્વચ્છતાને માનવીય મૂળભૂત અધિકાર રૂપે પ્રતિષ્ઠિત કરવી. સ્વચ્છતા વ્યક્તિગત અને સામુદાયિક હિતમાં છે તેથી સ્વચ્છતા વારસાને સમૃદ્ધ કરવો એ આપણા સૌનું કર્તવ્ય છે.

આપણા દેશમાં અલગ અલગ પ્રદેશ, ધર્મ, જાતિના લોકોમાં સ્વચ્છતાની અલગ અલગ રીતો અને વિચારો છે. પરંતુ સ્વચ્છતાના અભ્યાસ અને તુલના થકી આપણે સ્વચ્છતા વારસાને સાંસ્કૃતિક અને રાષ્ટ્રીયમાં પરિવર્તન કરી શકીએ છીએ. સ્વચ્છતા એ આપણી શિક્ષણ સંસ્થાઓમાં અનિવાર્ય અભ્યાસ થવો જોઈએ. જેમ કે, ગુજરાતમાં મહારાજાશ્રી કૃષ્ણકુમારસિંહજી ભાવનગર વિશ્વવિદ્યાલયમાં ''સ્વચ્છતાનું સમાજશાસ્ત્ર'' અભ્યાસક્રમમાં છે. એવી જ રીતે શાળાઓ, હાઈસ્કૂલોમાં પણ એક વિષય તરીકે આપી સ્વચ્છતાનો પ્રચાર કરી શકાય.

સરકાર અને પ્રાઈવેટ આર્થિક સંગઠનોના સહયોગથી સ્વચ્છતાનું કાર્ય ખૂબ સારી રીતે થઈ શકે છે. પ્રજા પાસેથી પણ આર્થિક સહકાર મેળવી શકાય. સ્વચ્છતા માટેની રાષ્ટ્રીય સંસ્થાઓ સ્થાપી, સ્વચ્છતા યોજના તૈયાર કરી સ્વચ્છતામાં સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. સરકારી પ્રયત્નો, કોર્પોરેટ કંપનીઓનો સહયોગ અને રાષ્ટ્રના બધા જ લોકોના સહકારથી સ્વચ્છ ભારતનું અભિયાન સફળ થઈ શકે છે.

સ્વચ્છતા જાગૃતિ માટે સ્વચ્છતા સાહિત્ય પણ આવશ્યક છે. સરકાર અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા આ પ્રકારનું સાહિત્ય પ્રગટ કરી શકાય છે. જેમ કે, સુલભ ઈન્ટરનેશનલ સ્વચ્છતા વિશેના નાનાં મોટાં દરેક કાર્ય, કાર્યકરોની પ્રવૃતિઓને પુસ્તકરૂપે પ્રગટ કરે છે. પત્રિકા, સામાયિકો પ્રકાશિત કરે છે. ગામ, નગરમાં પણ સ્વચ્છતા સાહિત્ય પુસ્તકાલય, સ્વચ્છતા સાહિત્ય પ્રકાશન મંડળો, સ્વચ્છતા સાહિત્ય પ્રચાર ક્લબો, સ્વચ્છતા સાહિત્ય પ્રદર્શનોથી સ્વચ્છતા જાગૃતિનું શ્રેષ્ઠ કાર્ય થઈ શકે છે.

સ્વચ્છતાના પ્રચાર માટે સ્વચ્છતા ફોટોગ્રાફી સ્પર્ધા, સ્વચ્છતા ચિત્ર સ્પર્ધા, સ્વચ્છતા પોસ્ટર સ્પર્ધા, સ્વચ્છતા સ્લોગન સ્પર્ધા, સ્વચ્છતા નિબંધ સ્પર્ધા, સ્વચ્છતા વકૃત્વ સ્પર્ધા, સ્વચ્છતા ફેશન શો, સ્વચ્છતા સુશોભન સ્પર્ધા, સ્વચ્છતા ફિલ્મ, સ્વચ્છતા ડોક્યુમેન્ટરી બતાવી લોકોમાં જાગૃતતા ઉત્પન્ન કરી શકાય છે.

જે વ્યક્તિ અને સંસ્થા સ્વચ્છતા કાર્યમાં સમર્પિત છે તેને સન્માનિત કરવા. આપણા દેશમાં કેટલાક લોકો એવા પણ છે જેઓએ પોતાનું જીવન સ્વચ્છતા કાર્યમાં બલિદાન આપ્યું છે. પરંતુ તેઓના આ લોકહિતકારી કાર્યની પ્રશંસા થતી નથી. જેમ કે ગુજરાતમાં ગીર સોમનાથના પીપળી ગામમાં એક મહિલાએ પચ્ચાસ વર્ષ સુધી શેરીઓનો કચરો અને ગંદકી સાફ કરી સ્વચ્છતાને સમર્પિત થયા. પરંતુ લોકોએ તેને મૂર્ખ કરી તેની બેઈજ્જતી

કરતા રહ્યા. આવી નિઃસ્વાર્થી વ્યક્તિને સન્માન મળવું જોઈએ. આ ગામના મોહલ્લા કે શેરીનું નામકરણ તેમના નામે થવું જોઈએ, તેના ઘરને સ્વચ્છતા સ્મારકની પ્રતિષ્ઠા આપવી જોઈએ.

સાર્વજનિક આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સ્વચ્છતાને પણ લોકહિતમાં સ્થાન આપી શકાય. જુદા જુદા સંપ્રદાય અને ધર્મના ધાર્મિક નેતાઓ આ કાર્ય ખૂબ સારી રીતે સમજાવી શકે છે. સ્વચ્છતા કથા, સ્વચ્છતા કીર્તન, ભજન, આખ્યાન, વ્યાખ્યાન દ્વારા આ પ્રવૃત્તિ થઈ શકે છે. ગુજરાતના શ્રીરામ કથાકાર પૂ.મોરારીદાસ હરિયાણીએ કથાઓમાં પ્રાપ્ત થયેલા દાનમાંથી ૩૦૦૦ શૌચાલયો બાંધવાની પ્રતિજ્ઞા કરી છે. એવી જ રીતે બીજા ધાર્મિક નેતાઓ પણ સ્વચ્છતા જાગૃતિમાં ભૂમિકા અદા કરી શકે છે.

આજે આપણા દેશમાં સ્વચ્છતા દાનની જરૂર છે. શ્રેષ્ઠ દાન સ્વચ્છતા દાન છે. સ્વચ્છતા કાર્યથી વ્યક્તિને પુણ્ય પ્રાપ્ત થઈ શકે છે. સ્વચ્છતાના નામે ધર્મપ્રવૃત્તિ રાષ્ટ્રહિતમાં છે. ટી.વી. ચેનલોમાં ધર્મનેતાઓ ધાર્મિક ઉપદેશ આપે છે, તેઓ પોતાના ઉપદેશમાં સ્વચ્છતા કથા ઉપદેશ આપે એ વધુ જરૂરી છે. સ્વચ્છતા નીતિના પ્રચારમાં ધર્મ પણ એક ઉત્તમ માધ્યમ બની શકે છે. ધાર્મિક વ્રતોની સાથે સ્વચ્છતા વ્રતો પણ રાખી શકાય.

સ્વચ્છતા અભિયાનને વ્યક્તિ, સમુદાય અને સમગ્ર રાષ્ટ્રમાં ફેલાવવાનું સૌથી શ્રેષ્ઠ માધ્યમ પ્રચાર માધ્યમ છે. વર્તમાનપત્ર, રેડિયો, ટી.વી. કોમ્પ્યુટર, મોબાઈલથી સ્વચ્છતામાં સફળતા મળી શકે છે. કેટલીક ચેનલો અને વર્તમાનપત્રો સ્વચ્છતાના કાર્યક્રમો આયોજિત કરે છે. જેમ કે, એન.ડી.ટી.વી., 'ક્લીન ઈન્ડિયાનો પ્રસાર કરે છે. દિવ્યભાસ્કર ક્લીન સીટીના કાર્યક્રમને પ્રોત્સાહન આપે છે.

ગામ, નગર, સાર્વજનિક સ્થળો, માર્ગો પર પોસ્ટર અને સૂત્રોથી સ્વચ્છતાનો પ્રચાર થઈ શકે. ગ્રામ સ્વચ્છતા, નગર સ્વચ્થતા, સાર્વજનિક ભવનોની સ્વચ્છતાને માટે સ્વચ્છતા સુશોભન કાર્યક્રમ, સ્પર્ધાઓ દ્વારા જાગૃતિ લાવી શકાય છે. ગામ અને નગરોમાં સ્વચ્છતા સમિતિ, સાર્વજનિક ભવનોમાં સ્વચ્છતા સમિતિ, સ્કૂલ મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલયોમાં, બજારોમાં સ્વચ્છતા સમિતિઓ સ્વચ્છતાનું કાર્ય કરી શકે છે. સ્વચ્છતા પ્રેમી વ્યક્તિઓ અને સંસ્થાઓ ગામ, નગરની સોસાયટીઓ, માર્ગો, સાર્વજનિક ભવન દત્તક લઈને સ્વચ્છતાનું પુણ્ય કાર્ય કરી શકે છે.

દેશમાં રાષ્ટ્રીય ઉત્સવોના પ્રસંગે સમગ્ર દેશમાં સ્વચ્છતા સપ્તાહની ઉજવણી કરવી. દેશના બધા જ લોકોની સ્વચ્છતા ભક્તિથી જ રાષ્ટ્રભક્તિ શ્રેષ્ઠ ગણાય છે. પરિવાર, જ્ઞાતિ, ગામ, નગર, શાળા, કૉલેજ, સાર્વજનિક સંસ્થાઓના વિવિધ ઉત્સવ પ્રસંગોમાં સ્વચ્છતાનાં પ્રદર્શનો, પ્રતિજ્ઞાઓથી સ્વચ્છતાની જાગૃતિ આવે છે. સ્વચ્છતા સંગ્રહાલયો, સ્વચ્છતા લેબોરેટરીઓ, સ્વચ્છતા પદયાત્રાઓથી પણ લોકોમાં સ્વચ્છતાના વિચારો અને ટેવો દૃઢ થાય છે. ગામમાં એક વર્ગ સાબુનો સ્વચ્છતા માટે ખૂબ ઉપયોગ કરે છે, તો ગરીબવર્ગ સાબુના ઉપયોગથી વંચિત છે. ગામ અને નગરમાં વ્યક્તિઓ, સંસ્થાઓ 'સાબુ બેન્ક' સ્થાપી ગરીબોને ન્હાવા, ધોવાના સાબુ અને પાવડરનું વિતરણ કરી, ગરીબો અને તેના સંતોનોને સ્વચ્છતા અને સ્વસ્થતાનો અધિકાર આપી શકે છે. શાળા અને કૉલેજોમાં એન.એન.એસ.ના વિદ્યાર્થીઓ ધનવાન લોકો પાસેથી સાબુ અને ડિટરજન્ટ પાવડરનું દાન પ્રાપ્ત કરી સ્વચ્છતાનું મોટું કાર્ય કરી શકે છે.

જે રીતે પરિવારમાં માતા બાળકોમાં સ્વચ્છતા ટેવોની સમજણ આપે છે, એમ શાળામાં શિક્ષકો પણ સ્વચ્છતાના માર્ગદર્શક થઈ શકે છે. બાળકને મળમૂત્રથી થતા નુકસાનની સમજ આપી, ટોઈલેટના ઉપયોગથી થતા ફાયદાનું જ્ઞાન, બાળકોના શરીરની સ્વચ્છતા જેમ કે, વસ્ત્રોની સફાઈ, શરીરની સફાઈ, વાળ, નખ નિયમિત કાપવા, શાળામાં ટોયલેટ સાફ રાખવાની રીતોથી બાળકોને સભાન કરવા, શિક્ષકો બાળકોના વાલીઓ સાથે સ્વચ્છતા સંવાદ, બાળકોના ઘરની સ્વચ્છતાની તપાસ અને સૂચનો કરી, સ્વચ્છતા જાગૃતિ લાવી શકે છે. બાળકોના વાલીઓની સભામાં ડૉક્ટર, નર્સમાં વ્યાખ્યાનો, સારવાર કેમ્પ યોજી જાગૃતિ લાવી શકાય છે. બાળકો અને બાળકોના વાલીઓમાં સ્વચ્છતાની આદતો સમૃદ્ધ કરવાનું શ્રેષ્ઠ કાર્ય શિક્ષક કરી શકે છે. સ્વચ્છતાનું શ્રેષ્ઠ કાર્ય કરનારા શિક્ષકોને, વાલીઓને, બાળકોને સન્માનિત કરીને સ્વચ્છતાનો પ્રચાર કરવો.

દેશમાં કેટલાક લોકોની માનસિકતા બીજાને હાનિ કરવાની હોય છે. આ લોકો ઇરાદાપૂર્વક સ્વચ્છતાને નુકસાન કરે છે. એવા લોકોએ પોતાના વિકૃત વિચારો અને ગંદી ટેવોમાં પરિવર્તન કરવું જોઈએ. જો ન કરે તો એવા લોકો કે સમૂહોનો આર્થિક દંડ કરવો, તેમ છતાંય ન સુધરે તો સ્વચ્છતાનો કાયદો ઘડી, અપરાધ કરનારાને સજા કરવી.

દેશમાં નાના મોટા નગરોમાં ગંદા વસવાટો કરે છે. જો કે સરકારે ગંદા વસવાટ નાબૂદી અને સુધારણા કાયદાઓ કરે છે. છતાંય ગંદા વસવાટોની સમસ્યાઓ દૂર થતી નથી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોઓ વસાહતીઓ માટે મફત અને સસ્તા મકાનોની યોજના બનાવી, મકાનોમાં ટોઈલેટ, બાથરૂમ, ડ્રેનેજ, પાણી, વિજળી, રસ્તાની સુવિધા આપે. જે સ્થળે વરસાદથી પાણી ભરાયેલું રહે, નગરના વરસાદના પાણીનો, ગંદા પાણીનો નિકાલ થતો હોય એવી જગ્યાએ વસાહતોને સ્થાપે. આ વસાહતના લોકોને શુદ્ધ પીવાનું પાણી મળે, આરોગ્યની સુવિધા મળે એવી યોજના બનાવે. આપણા દેશમાં મોટાં મોટાં લોકપ્રિય કાર્યો અને સૂત્રો ગૂંજતા રહે છે. તેમાં ગંદી વસાહતો નાબૂદી પણ દેશનું એક લોકપ્રિય કાર્ય છે. માનવીય અધિકાર રૂપે ગરીબવર્ગોને સ્વચ્છ મકાન મળવું જોઈએ. તો જે 'હર ઘર મેં શૌચાલય મોદી કા સપના' પુરા સૂત્ર સાર્થક ગણાશે.

સ્વચ્છતા કાર્યની જવાબદારી દેશના બધા જ ધર્મ અને જાતિના લોકોની છે. પરંતુ આપણા દેશમાં માત્ર અનુસૂચિત જાતિના લોકોને જ આ કાર્યનો ભાર અને અપમાન સહન કરવો પડે છે. આ લોકો આપણા સ્વાસ્થ્યના સંરક્ષક છે. છતાંય આપણા દેશના મિથ્યાભિમાની લોકો તેઓને અછૂત, બહિષ્કૃત અને અપમાનિત કરીને સૌથી મોટું પાપ કરે છે. આઝાદીનાં ૬૮ વર્ષ પછી પણ આપણી માનવભેદની માનસિકતા જીવંત છે. ધર્મ અને શાસ્ત્રોના અપ્રાકૃતિક, અમાનવીય નર્કાગાર જેવી મેલું ઉપાડવાની પ્રથા આજે પણ દેશના કેટલાક ભાગોમાં છે. જો કે સરકારે ૨૦૧૩ માં મેલું ઉપાડવા નિષેધ અને મેલું ઉપાડનારાના પુનર્વાસ વિધેયક બિલ પસાર કર્યું છે. આ અધિનિયમ પ્રમાણે થતો અપરાધ સંજ્ઞેય અને ગેરજમાનતી છે. તેમાં પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. છતાંય દેશમાં શુષ્ક શૌચાલય રહેશે ત્યાં સુધી કોઈને કોઈ તો શુષ્ક શૌચાલય સાફ કરાવવાનો પ્રયત્ન કરશે. મજબૂરી અને ગરીબીથી પીડિત લોકો આ નર્કાગારમાં ફસાયેલ રહેશે. એટલે શુષ્ક શૌચાલય નિષેધ કાનૂન પણ હોવો જોઈએ.

સફાઈ કામદારોના પુનરવાસને માટે પેકેજ યોજના બનાવવી, રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના સૂચનોનો સ્વીકાર કરવો. જે સફાઈ કામદારો સીવર સફાઈનું કામ કરે છે, તેને ઑક્સિજન માસ્ક અને જીવન સુરક્ષાનાં સાધનો વડે તેનો જીવ બચાવવો, દેશના લોકોની સ્વાસ્થ્ય સેવામાં સફાઈકામદાર પોતાનો પ્રાણ ગુમાવે છે, ત્યારે તેના પરિવારને સરકારી નોકરી અને દસ લાખથી વધારે રૂપિયા સહાય કરવી જોઈએ. જે વ્યક્તિએ પરોપકારમાં પ્રાણ દીધો છે તેના પ્રત્યે સહાનુભૂતિ ભાવ રાખવો, અછૂતભાવ ન રાખવો, તેને હલકા અને અસ્પૃશ્ય લોકો ન ગણે. જે રીતે તથાગતબુદ્ધે શ્રાવસ્તીની સુનિતાને આદરપૂર્વક સ્વીકારી, માનવ અધિકાર આપ્યો એવું સન્માન અને સ્વાભિમાન સફાઈ કામદારોને આપવું.

યુરોપ અને અમેરિકાના દેશોમાં માનવ મળમૂત્રનું શુદ્ધિકરણ કરીને કિંમતી ધાતુઓ, સોનું શોધવાની યુક્તિ કરી છે. કચરાનું રિસાઈક્લીંગ કરી વેસ્ટમાંથી બેસ્ટ બનાવી, ગંદકીમાંથી મૂડી પ્રાપ્ત કરવાની યોજનાઓ બનાવી છે. એવું ભારતમાં પણ થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય સહયોગથી આ શક્ય પણ છે.

માનવ મળમૂત્રની ગંદકી દૂર કરવાના ઉપાયો નહીં થાય. તો કરોડો લોકોની વસ્તી ધરાવતા દેશમાં ગંદકીજનક રોગોનો ભયંકર ત્રાસ ફેલાઈ જશે. યુનિસેફે તો ચેતવણી પણ આપી દીધી છે કે, માનવ મળમૂત્રથી જે રોગો ફેલાઈ છે, તેને લીધે વિશેષ તો બાળમૃત્યુ થઈ રહ્યાં છે. લોકોએ આ ગંદકીથી સાવચેત થવાની જરૂરી છે. જે રીતે તમાકુ ખાવી શરીર માટે હાનિકારક છે, કેન્સર જેવો ભયંકર અસાધ્ય રોગ થાય છે, એવી જ રીતે ખૂલ્લામાં માનવ મળમૂત્ર કરવું, ફેંકવું. સમગ્ર રાષ્ટ્રના માનવજીવન માટે નુકસાનકારક છે.

## ૯. સમાપન :

આપણા દેશમાં સ્વચ્છતાનું કાર્ય ભારતભૂમિની પૂજા-ભક્તિ સમાન છે. પરંતુ આ કાર્ય કોણ કરે ? મોટાભાગે આપણા દેશમાં લોકોના વિચારો અને આચારોમાં પોતાના ઘરની ગંદકી બીજાના આંગણામાં ફેંકી દેવાની છે. આપણા દેશમાં સ્વચ્છતા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવી પૃથ્વી આકાશનું અંતર છે, છતાંય ભારતમાં સ્વચ્છતા કાર્ય અતિ આવશ્યક છે. સ્વચ્છતા કાર્ય કરવું જ જોઈએ. તે માટે યોગ્ય યોજનાનું નિર્માણ કરવું જ જોઈએ.

રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે, ''પ્રયોજન ખૂબ મોટું હોય તો પણ પ્રશસ્ત માર્ગોથી તેને સફળ કરવાના પ્રયત્નો કરવા જોઈએ.'' સ્વચ્છતા એ સહિયારું સાહસ છે, માત્ર સરકારના પ્રયત્નો પૂરતા નથી. સરકાર સ્વચ્છતાની યોજના બનાવે, પ્રચાર કરે, ફંડ આપે, નિયંત્રણ રાખે તો પણ તેની સફળતાનો આધાર તો લોકોની નિયત પર છે. લોકો સ્વચ્છતા પ્રત્યે નિષ્ઠાવાન નહીં હોય તો તે સ્વાસ્થ્યમાં પોતાના પરિવારને તો નુકસાન કરશે, પરંતુ પોતાની આસપાસના બીજા પરિવારોને પણ ભયંકર હાનિ કરશે.

સ્વચ્છતામાં ઉત્સાહમાં મોટો વિજય પ્રાપ્ત કરી યશ મેળવી લેવાના ઉતાવળિયા માર્ગોને બદલે નાના નાના વિજયોની યોજના મોટા વિજયમાં સુસંગઠિત કરવી જોઈએ.

ગામનો ખેડૂત રસ્તામાંથી કોઈ ગાય-ભેંસના છાણને ઉપાડી ખેતરમાં નાખે, કોઈ માનવ મળ ઉપર રાખ કે ધૂળ નાંખી દે અને આ દૃશ્ય જોનાર વ્યક્તિ થૂ થૂ કરીને નાક-મોં મચકોડી દે તો આ વ્યક્તિ સ્વચ્છતામાં મોટો ગમાર અને ફૂવડ છે. જો કોઈ વ્યક્તિ, સંસ્થા કે સરકાર સ્વચ્છતા અભિયાનમાં જોડાય છે તેને આવકારવા તત્પર રહેવું જોઈએ. આપણા દેશમાં સ્વચ્છતા અભિયાન એ કોઈ ફેશનેબલ ઈવેન્ટ નથી. આપણા સૌ માટે સ્વચ્છતા અભિયાન એ પ્રાયશ્ચિતનો કાર્યક્રમ છે.

દેશના બધા જ લોકોને જીવન પર્યન્ત સ્વચ્છતાની ગેરંટી આપવી જોઈએ. દેશમાં સ્વચ્છતાની એટલી મહત્તા છે કે તેને માત્ર સરકારના ભરોસે રાખી શકાય નહીં. દેશના દેશભક્ત નાગરિકોનું કર્તવ્ય છે કે, પોતે તન, મન, ધનથી સ્વચ્છતા સેવા કરે. આપણી પ્રકૃતિમાં સ્વચ્છતાને આત્મસાત કરવી જ પડશે. સ્વચ્છતા જ આપણું રાષ્ટ્રીય લક્ષ્ય છે. સ્વચ્છતા વારસાને રાજનીતિના સંદર્ભમાં જોતાં પહેલાં સ્વચ્છતા ભારતીય વારસો છે. આ વારસાના સંરક્ષક બનવાનો પ્રયાસ કરવો.

સ્વચ્છતા આપણા માટે તપસ્યા જેવી છે. નિષ્કામ કષ્ઠ સહન કરીને આપણા વારસાને સમૃદ્ધ બનાવવો જોઈએ. ત્યારે આપણા દેશની સ્વચ્છ ભૂમિ, તીર્થ ભૂમિ, સૌંદર્ય ભૂમિ, સૌંદર્ય ભૂમિ અને સ્વાસ્થ્યભૂમિ ગૌરવાન્વિત રહેશે. આપણે સ્વચ્છતા સાથે દોસ્તી કરીશું ત્યારે ગૌરવાન્વિત થઈશું. જે વ્યક્તિ સ્વચ્છતા સાથે પ્રેમ કરે છે, એ જ સાચો દેશભક્ત છે. સ્વચ્છ ભારત અભિયાનનો એક માત્ર ઉદ્દેશ ગંદકી સફાઈનો જ હોવો જોઈએ. કોઈ રાજકીય પક્ષ માટે વોટ પ્રાપ્ત કરવાનો નહીં.

સ્વચ્છતા આપણા દેશની આવશ્યકતા છે. પરંતુ સ્વચ્છતાનું કાર્ય માત્ર ગરીબ અને અનુસૂચિત જાતિના લોકો જ કરે એવો ઉદ્દેશ્ય હોવો જોઈએ નહીં. ગાંધીજીએ કહ્યું છે કે, પોતાના મળમૂત્રની સફાઈ પોતે જ કરે, બીજાને સોંપવું જોઈએ નહીં. જેની પાસે ધન છે, શક્તિ છે, સત્તા છે, એનો મતલબ એ નથી કે તે મળમૂત્ર સાફ કરવા ગરીબોને મજબૂર કરે. સહાનુભૂમિ અને પ્રેમ બતાવીને પણ ગરીબોને મળમૂત્ર સાફ કરવા મજબૂર કરવા જોઈએ નહીં. પોતાની ગંદકી પોતે જ સાફ કરે, ગંદકી જેવું મહાયુદ્ધ માત્ર ગરીબ લોકો જ લડતા રહેશે તો વિજય પ્રાપ્ત થશે નહીં.

ભગવાનદાસે પોતાની આત્મકથામાં કહ્યું છે કે, ''હું ગંદકી વિરુદ્ધ લડતો રહ્યો છું, એટલા માટે કે મારા દેશના બધા જ વ્યક્તિ સ્વસ્થ રહે અને જીવિત રહે.'' પરંતુ આપણા દેશના જાતિ મિથ્યાભિમાનીઓએ આપણા દેશના સ્વચ્છતા સૈનિકોને અનેક યુક્તિઓથી બહિષ્કૃત કર્યા છે. દેશના બધા જ લોકો સ્વચ્છતા કાર્ય કરશે, ત્યારે સફાઈ કામદારોને શોષણ-પીડા અને અપમાનોમાંથી મુક્તિ મળશે, ગંદકીમાંથી મુક્તિ મળશે, સ્વચ્છતાથી સ્વસ્થતા મળશે.

**સંદર્ભગ્રંથ :**


૧. આચાર્ય, પ્રા. કુ. (સંપા) માનસાર, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ.
૨. કાલા સતીશચંદ્ર, સિન્ધુ સભ્યતા, હિન્દુસ્તાની એકેડેમી ઈલાહાબાદ, ૧૯૫૫
૩. કાલે, વામન ગોવિન્દ, ઈન્ડિયન એડમિનિસ્ટ્રેશન, આર્યભૂષણ પ્રેસ, પૂણે, ૧૯૯૫
૪. કૃષ્ણકુમાર, પ્રાચીન ભારત કા સાંસ્કૃતિક ઈતિહાસ, શ્રી સરસ્વતી સદન, નવી દિલ્હી, ૨૦૦૧.
૫. ગાંધીજી, યંગ ઈન્ડિયા, ૧૭-૧૨-૧૯૨૪, હરિજન, ૮-૨-૧૯૩૪.
૬. ત્રિપાઠી, હરિહરનાથ, પ્રાચીન ભારત મેં રાજ્ય ઔર ન્યાયપાલિકા, મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ૧૯૬૫.
૭. થપલ્યાલ, કિરણકુમાર, સિન્ધુ સભ્યતા, ઉત્તરપ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉ, ૨૦૦૩.
૮. પુષ્પેન્દ્રસિંહ, ધર્મગ્રંથોને કહા પર્યાવરણ કે બારે મેં, આદિત્ય પબ્લિશર્સ, બીના (મધ્યપ્રદેશ)
૯. પંચોલી, મનુભાઈ, સર્વોદય અને શિક્ષણ, ભાગ-૧, લોકભારતી, સણોસરા, ૧૯૭૪.
૧૦. ફુહરર (સંપા) હર્ષચરિત, ગવર્નમેન્ટ સેન્ટ્રલ પ્રેસ, મુંબઈ.
૧૧. બુલર (સંપા) વિક્રમાંકદેવ ચરિતમ, ગવર્નમેન્ટ સેન્ટ્રલ બૂક ડિપો, મુંબઈ, ૧૮૧૫.
૧૨. રાય, ઉદયનારાયણ, પ્રાચીન ભારત મેં નગર તથા નગરજીવન, લોકભારતી પ્રકાશન, ઈલાહાબાદ, ૧૯૯૮.
૧૩. વાઘેલા, અનિલ, સ્વચ્છતા કા સમાજશાસ્ત્ર, કાલ્પોઝ પબ્લિકેશન્સ, નવી દિલ્હી, ૨૦૧૫.
૧૪. શર્મા, રામશરણ, ભારત કે પ્રાચીન નગરોના પતન, રાજકમલ પ્રકાશન, નવી દિલ્હી, ૨૦૦૦
૧૫. શાસ્ત્રી, ગણપત (સંપા), સમરાંગણસૂત્ર, બરોડા સેન્ટ્રલ લાયબ્રેરી, ૧૯૨૪.
૧૬. શાસ્ત્રી, નારાયણ (સંપા), યાજ્ઞવલ્કતયસ્મૃતિ, ચૌખમ્બા સંસ્કૃતિ સિરિજ, બનારસ.
૧૭. સરકાર, વિનયકુમાર (અનુ) શુક્રનીતિસાર, દીપાણિની ઑફિસ, પ્રયાગ, ૧૯૨૪.
૧૮. જ્ઞાની, શિવદત્ત, ભારતીય સંસ્કૃતિ, રાજકમલ પ્રકાશન, દિલ્હી, ૨૦૦૩.


• • •

- કોઈનું પ્રલોભન, કોઈની સમૃદ્ધિ, કોઈની પ્રતિષ્ઠા, કોઈની સત્તા આપણને તારે નહિ, આપણે આપણી મેળે તરીએ; આપણે કોઈને તારી ન શકીએ તો કંઈ નહિ, તણાઈએ તો નહિ; તરીએ.

• • •

- આ દેશે લાંબુ જીવવાની વાત નથી કરી, સારું જીવવાની વાત કરી છે.

• • •

- બીજાને તોડવાની, બીજાને મારવાની કોશિશ ન કરો; તમારો પોતાનો વિકાસ કરો. તમારા વ્યક્તિત્વને વધારો. બીજા આપમેળે નાના થઈ જશે.

• • •

# ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક અને માળખાકીય સુવિધાની પરિસ્થિતિ : (નેત્રંગના ગામો સંદર્ભે)

– ડૉ. દામિની શાહ*

**પ્રસ્તાવના :**

ભારતના રાષ્ટ્રપતિ દ્વારા આર્ટિકલ્સ ૩૪૨ હેઠળ સૂચિત કરાયેલા લોકો આદિવાસી ગણાય છે. અનુસૂચિત જનજાતિ તરીકે નિર્દેશ આપણા માટે રાષ્ટ્રપતિ એક જાહેરાત બહાર પાડીને જે જાતિઓને અનુસૂચિત જનજાતિની યાદીમાં સામાવેશ કરે તેને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે. બંધારણમાં પાંચમી અને છઠ્ઠી અનુસૂચિમાં આદિવાસીનું વર્ણન છે. તેમાં પાંચ માપદંડ છે.

૧. આદિમાનવ જેવું જીવન જીવતો હોય.

૨. અલગ સંસ્કૃતિ ધરાવતા હોય.

૩. બહોળા સમૂહ સાથે ભળવામાં શરમ અનુભવાતા હોય.

૪. ભૌગોલિક રીતે દુર્ગમ-જંગલ કે અંતરિયાળ વિસ્તારમાં રહેતા હોય.

૫. આર્થિક રીતે પછાત હોય.

આફ્રિકાને બાદ કરતાં દુનિયામાં આદિવાસી લોકોની વસ્તી સૌથી વધારે ભારતમાં છે. અત્યારે ભારતમાં કુલ નાના-મોટા ૬૯૮ જૂથો છે, જેમાં ૭૫ અતિપછાત જાતિઓ છે.

ગુજરાતમાં પાંચ જૂથો અતિપછાત છે. ગુજરાતની મોટાભાગની આદિવાસી વસ્તી પરંપરાગત રીતે જ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોને અડીને વસે છે. આ વિસ્તારો મુખ્યત્વે જંગલો, પર્વતીય પ્રદેશો અને ઊંચા-નીચા ઢોળાવવાળા પ્રદેશો છે. તેને કારણે ત્યાં વિકાસની ગતિ ધીમી છે. સામાજિક અને આર્થિક વિકાસ અસમાન છે.

**ગુજરાતનાં આદિવાસીઓ :**

ગુજરાતમાં મુખ્ય ૨૯ જેટલા આદિજાતિ સમુદાયોની પ્રણાલિકાગત ભૂમિ છે અને તેઓ ગુજરાતના ૧૧ જિલ્લાઓમાં વસ્યા છે. આ આદિજાતિ વસ્તી રાજ્યના ૧૫% ભૌગોલિક વિસ્તારોમાં વસે છે. જે પૈકી ૫૬.૮૬% જંગલ વિસ્તાર છે. ગુજરાતના સમગ્ર આદિવાસી પરાને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. ઉત્તર, મધ્ય અને દક્ષિણ વિભાગ. ઉત્તર વિભાગમાં રાજ્યની કુલ આદિજાતિ વસ્તીના ૮% લોકો વસે છે. મધ્ય વિભાગમાં રાજ્યની કુલ આદિજાતિ વસ્તીના ૩૬% લોકો વસે છે અને દક્ષિણ વિભાગમાં રાજ્યના કુલ આદિજાતિ વસ્તીના કુલ ૫૩% લોકો વસે છે. બાકીના ૩% આદિવાસી લોકો રાજ્યના અન્ય જિલ્લાઓમાં ફેલાયેલા છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની કુલ વસ્તીના ૮.૬૩% લોકો અનુસૂચિત જનજાતિના છે. ગુજરાતમાં આ પ્રમાણ જોઈએ તો રાજ્યની કુલ વસ્તીના ૧૪.૭૫% લોકો અનુસૂચિત જનજાતિના છે. ૧૯૫૧થી ૨૦૦૧ સુધી આ વસ્તીમાં સતત વધારો થયો છે. જ્યારે ૨૦૦૧ થી ૨૦૧૧ના દાયકામાં આદીવાસી વસ્તી વૃદ્ધિદરમાં ૨.૨૧%નો ઘટાડો થયો છે. ગુજરાતમાં કુલ આદિવાસી પૈકી ૮૦,૨૧,૮૪૮ ગ્રામ્ય વસ્તી છે અને ૮,૯૫,૩૨૬ શહેરી વસ્તી છે. ભરુચ જિલ્લામાં કુલ આદિવાસી વસ્તી ૪,૮૮,૧૯૪ છે, જે પૈકી ૨,૫૦,૩૯૮ પુરુષ અને ૨,૩૭,૭૯૬ સ્ત્રીઓ છે. કુલ વસ્તીના ૩૨.૪૦% આદિવાસી ભરુચ જિલ્લામાં છે. જે પૈકી ભીલ આદિવાસી ૩,૮૫,૨૩૯ છે. કુલ આદિજાતિ સમુદાયોમાં સૌથી વધુ વસ્તી ભીલોની છે. જે આદિવાસી વસ્તીમાં ૪૭.૨૮% થાય છે. હળપતિ બીજા ક્રમે ૭.૨૧% રાઠવા ત્રીજા ક્રમે ૭.૨૦% છે (વસ્તી ગણતરી, ૨૦૧૧).

ભીલ જાતિમાં, ભીલ ગરાસિયા, ઢોલી ભીલ, રાવલ ભીલ, ડુંગરી ગરાસિયા, મેવાસી ભીલ, ભીલાલા, ભાગલિયા, વસાવા, તડવી ભીલ વગેરેનો સમાવેશ થાય છે. વસાવા પોતાને ભીલમાં સમાવિષ્ટ બીજા જૂથ કરતાં વધુ ઊંચા માને છે કારણ કે વડોદરા જિલ્લાના સાગબારામાં ૨૦મી સદીની શરૂઆત સુધી તેમના રાજા રાજ કરતા હતા. તેમની વસાવી ભાષા ઇન્ડો-આર્યન ભાષા-બોલીનો ભાગ છે. તેઓ ભીલી ભાષા બોલે છે. પરંપરાગત રીતે તેઓ પહેલા શિકાર કરતા. આજે તેમાંના મોટાભાગના ખેત મજૂરી કરે છે. ૪૮% આદિવાસી પાસે થોડીઘણી જમીન છે.

* આસિ. પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં કુલ વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ ૬૭.૯૯% છે. જેમાં પુરુષોમાં ૭૪.૫૪% અને સ્ત્રીઓમાં ૬૦.૮૬% સાક્ષરતાનું પ્રમાણ છે. આદિવાસીમાં તે દર ૫૨.૧૮% છે. જેમાં પુરુષોમાં આ પ્રમાણ ૬૦.૧૬% અને સ્ત્રીઓમાં ૪૪.૮૫% સાક્ષરતા છે. ભારતમાં સાક્ષરતા દર ૬૩.૦૭% છે. જ્યારે ભારતના આદિવાસીમાં ૪૯.૫૧% દર છે. ગુજરાતમાં નિરક્ષરતાનું પ્રમાણ ૩૨.૦૧% છે જે ગુજરાતના આદિવાસીમાં ૪૭.૪૨% છે અને તેમાંય આદિવાસી સ્ત્રીઓમાં ૫૫.૧૫% નિરક્ષરતાનું પ્રમાણ છે.

શહેરી વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસી સમાજમાં સાક્ષરતાનું પ્રમાણ ૬૩.૫૯% છે. જ્યારે ગ્રામ્ય વસ્તીમાં ૫૧.૩૪% સાક્ષરતા ધરાવે છે. ગ્રામ્ય સ્ત્રીઓમાં ૪૩.૫૧% અને પુરુષોમાં ૫૯.૦૬% સાક્ષરતા દર છે.

**પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા અંગે સરકારની પહેલ :**

ગુજરાત રાજ્યમાં આવાં ૪૦૧ સરહદી ગામો આવેલાં છે. સરકાર દ્વારા આ ગામોની મોજણી કરવામાં આવી હતી.

સરકારે તા. ૩૦-૪-૨૦૧૦ ના ઠરાવથી આવાં સરહદી ગામોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે સરકારી ઠરાવ જારી કર્યો. આ યોજના અંતર્ગત આ સરહદી ગામોને આવાસ, વીજળી રસ્તા, પીવાનું શુદ્ધ પાણી, શિક્ષણ, આરોગ્ય અને આર્થિક વિકાસની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું નક્કી થયું. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- **આવાસ :** નવા આવાસના બાંધકામ માટે તેમજ હાલના ઘરની સુધારણા કરવા માટે સહાયની જોગવાઈ.
- **વીજ જોડાણ :** ઘેર ઘેર વીજ જોડાણ ઉપલબ્ધ કરાશે.
- **માર્ગ :** આંતરિક રસ્તાઓ, એપ્રોચ રોડ અને મુખ્ય રસ્તાઓને જોડતા જોડાણ માર્ગોનું બાંધકામ કરાશે.
- **પીવાનું પાણી :** શુદ્ધ સલામત પીવાનું પાણી અને શક્ય બની શકે ત્યાં પાઈપ દ્વારા તેવા પાણીની ઉપલબ્ધિ.
- **શિક્ષણ :** ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપર અને ઉચ્ચતર શિક્ષણ પર ઝોક.
- **આર્થિક વિકાસ :** આજીવિકા વિષયક યોજનાઓ દ્વારા વિકાસ.
- **માળખાકીય સુવિધા :** પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા કેન્દ્રો, કોટેજ હૉસ્પિટલ, દવાખાના માટે માળખાકીય વ્યવસ્થા (http://tribal.gujarat.gov.in/border-villages-amenities).

આ સુવિધાઓ પૈકીની કેટલીક સુવિધાઓની સ્થિતિ તપાસવાની કોશિશ સપ્ટેમ્બર ૨૦૧૪ની પદયાત્રા દરમિયાન કરી છે.

**અભ્યાસનો હેતુ :**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ પદયાત્રા દરમિયાન આદિવાસી વિસ્તારની સ્થિતિ જાણવાનો હતો. જેમાં મુખ્યત્વે–

૧. પદયાત્રા ગામોમાં પ્રાથમિક સુવિધાની સ્થિતિ જાણવી.

૨. પદયાત્રા ગામોમાં માળખાકીય સુવિધાની સ્થિતિ જાણવી.

**માહિતીનો સ્રોત :**

સમાજકાર્ય વિભાગના અધ્યાપકોની ટીમ ૮૦ વિદ્યાર્થીઓને લઈને ભરુચ જિલ્લાના વાલિઆ તાલુકાના નેત્રંગની આસપાસના ગામોમાં ગૂજરાત વિદ્યાપીઠની પદયાત્રા દરમિયાન ગઈ હતી. એક ટુકડીમાં ૧૨ થી ૧૫ વિદ્યાર્થીઓ હતા. કુલ ૨૦ ગામોમાંથી પદયાત્રા દરમિયાન પ્રાથમિક તેમજ માળખાકીય સુવિધાઓ સંદર્ભે તમામ પંચાયતોમાંથી માહિતી એકત્રિત કરી હતી. પંચાયતમાંથી મળેલી માહિતીને ગામના કુટુંબોને મળ્યા ત્યારે ફરી ચકાસી હતી. પ્રત્યેક ગામમાંથી ૬ અનુસૂચિ પણ ભરી હતી. જેમાં ગામના વિવિધ સ્તરના લોકો - જેમ કે શિક્ષિત, આર્થિક સ્થિતિ, સ્ત્રી/પુરુષ. ગામના આગેવાન, વગેરે પરિબળોને ધ્યાનમાં રાખીને ઉ.દા. પસંદ કર્યા હતા. અલબત્ત પ્રાથમિક અને માળખાકીય સ્થિતિનો લાભ ગામમાં બધાને એક સરખો મળે છે અથવા તો મળતો નથી. વળી, ગામની શાળાની રુબરુ મુલાકાતો તેમજ ગામના અનેક કુટુંબોની પણ મુલાકાતો લીધી હોવાથી નિરીક્ષણ દ્વારા પણ ઘણી બાબતોની માહિતી મેળવી હતી.


**પ્રાથમિક તેમજ માળખાકીય સ્થિતિ :**

પદયાત્રા દરમિયાન પંચાયતમાંથી, ગ્રામજનોની રૂબરૂ મુલાકાતો થકી તેમજ, પ્રત્યક્ષ નિરીક્ષણો થકી જે માહિતી મેળવી તેને રજૂ કરવાનો પ્રયાસ અહીં કર્યો છે. સરપંચ કે ઉપસરપંચની મદદથી ગ્રામપત્રક (Village Profile) દ્વારા પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ સંદર્ભે માહિતી એકઠી કરી હતી.

ભરુચ જિલ્લામાં આદિવાસીમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુલ ૨,૭૯,૧૭૧ લોકો શિક્ષિત છે. ૨,૦૯,૦૨૩ અશિક્ષિત છે અને ૬૨,૮૪૯ બાળકો ૦ થી ૬ વર્ષની વયના છે. ભીલ જાતિમાં ૩૫.૬૦% શિક્ષિત અને ૬૪.૪૦% અશિક્ષિત છે.

આદિજાતિ વિસ્તારોની માત્ર ૧૪% જમીન ખેડાણપાત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો આદિજાતિ વિસ્તારોમાં માથાદીઠ ખેડવાલાયક જમીન ૦.૧૫% છે. ખેતીવાડી માટે ઊંચાઈ એક અગત્યનો સ્રોત ગણાય, પરંતુ આદિવાસી વિસ્તારો માટે આ અંગેની સ્થિતિ ઘણી સંતોષકારક છે, કેમકે ત્યાં માત્ર ૧૦.૮૯% ખેડવાલાયક જમીનમાં સિંચાઈની સગવડ છે. રાજ્યના ૫,૮૮૪ આદિવાસી ગામડા પૈકી માત્ર ૭૩૨ ગામડાઓમાં પીવાના પાણી અને પાઈપલાઈન છે. કુલ મળીને ૪૧.૦૩% આદિવાસી ગામડાઓમાં પીવાના પાણીની સુવિધા છે. સંડાસ - બાથરૂમની સુવિધા અંગેની સ્થિતિ તો અત્યંત દયનીય છે. માત્ર ૫.૪૨% આદિજાતિ વસ્તીવાળા ગામડાઓમાં આ સુવિધા છે, ૨૩ ટકા આદિજાતિ ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા છે.


**પ્રાથમિક તથા માળખાકીય સુવિધા :**




ગ્રામપત્રક ભરતી વખતે મેળવેલ માહિતી મુજબ પીવાના પાણી માટે ૬૭% ગામોમાં બોરની વ્યવસ્થા છે. ૨૮% કુટુંબોમાં પોતાનો હેન્ડપંપ છે. તેમાંથી પાણી ભરે છે. માત્ર ૫% કુટુંબોમાં જ ઘરે નળ જોવા મળ્યા. બાકીનાં ૯૫% કુટુંબો બોરમાંથી અથવા હેન્ડપમ્પ દ્વારા પાણી મેળવે છે. રસોઈ માટે, નહાવા-ધોવા કે વાપરવાનું બધું પાણી હેન્ડપમ્પમાંથી કે સામુદાયિક નળમાંથી ભરીને લાવવું પડે છે. એટલેકે ઘરથી દૂર જવું પડે છે જેમાં તેમનો ખાસ કરીને બહેનોનો વધુ સમય જાય છે. વળી, જ્યારે ઘરના જુવાનિયા સ્થળાંતર કરીને બીજે જાય છે ત્યારે ઘરના વડીલોને માટે આ કામ અઘરું બની જાય છે.

ભારતમાં ૧૪.૬% આદિવાસી કુટુંબો ચોખ્ખા પાણીનું જોડાણ ધરાવે છે. તે પૈકી ૩૫.૧% આદિવાસી ઘરની નજીકમાં અને ૧૧.૩% કુટુંબોનું પાણીનું જોડાણ દૂર છે આ પ્રમાણ સામાન્ય કેટેગરીમાં ૬૮.૪ અને ૨૫.૧% છે. (G.O.I. ૨૦૧૩).


ગટર :




અમે મુલાકાત લીધેલ ગામો પૈકી ૯૪% ગામોમાં ગટરની સુવિધા ન હતી. માત્ર ૬% ગામો એવાં હતાં જ્યાં ગટરની સુવિધા જોવા મળી. પાણીના નિકાલની યોગ્ય સુવિધા ન હોવાને કારણે ગંદકી અને રોગચાળાના પ્રશ્નો ઊભા થાય તે આપણે જાણીએ છીએ. વળી, આરોગ્યની સગવડ પણ નજીકમાં ઉપલબ્ધ નથી તે આપણે આગળ જોયું. આ સંજોગોમાં બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓની સ્થિતિ વધુ કફોડી બનતી હશે તે આપણને સમજાઈ શકે છે. આ આદિવાસી ગ્રામીણ વિસ્તારોમાં ૯૪% કુટુંબો ગટરની સુવિધાથી વંચિત છે.

ભારતમાં ગટરની સુવિધા ધરાવનાર આદિવાસી કુટુંબો ૬.૧% છે. જે સામાન્ય કેટેગરીમાં ૧૮.૧% છે. (G.O.I. ૨૦૧૩) અહીં ગુજરાતમાં પણ ભારતમાં છે તેવી જ સ્થિતિ ગટરના જોડાણ બાબતે જોવા મળે છે.


**શૌચાલયની સુવિધા :**




ગુજરાતનાં ગામડાં અને તેમાંય આદિવાસી વિસ્તારોમાં હજુ આજે પણ શૌચાલયની સુવિધા ઘણા ઓછા કુટુંબોમાં જોવા મળે છે. અહીં ગામનાં ૭૮% કુટુંબો ખુલ્લામાં શૌચક્રિયા માટે જાય છે. માત્ર ૨૨% ઘરમાં જ શૌચાલયની સુવિધા છે તેમ ગામના સરપંચોનું કહેવું હતું. જે કુટુંબોમાં પાણીની અને ખાળકૂવાની વ્યવસ્થા છે તેવાં કુટુંબોમાં જ શૌચાલયની સુવિધા શક્ય બને. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આ દિશામાં હજુ ઘણું કામ કરવાની જરૂર છે. ઘરમાં શૌચાલય નહિ હોવાને કારણે સ્ત્રીઓ, વૃદ્ધો અને ખાસ કરીને યુવતીઓને ઘણી તકલીફ પડે છે તેમ તેઓનું કહેવું હતું.

ઘરમાં શૌચાલયની સુવિધા છે તેવાં ભારતમાં ૨૨.૬% કુટુંબો છે. એટલેકે ૭૭.૪% પાસે આ સુવિધા નથી. જેનું પ્રમાણ સામાન્ય કેટેગરીમાં ૪૬.૯% છે. બાથરૂમની સુવિધા ધરાવનાર ૧૭.૩% આદિવાસી છે. જેનું પ્રમાણ સામાન્ય કેટેગરીમાં ૪૨% છે. (G.O.I. ૨૦૧૩) ગુજરાતની સ્થિતિ ભારતના આંકડાને મળતી આવે છે.


**વીજળી :**




૬૭% ગામોના ઘરમાં વીજળીની સગવડ જોવા મળી. ગામમાં-શેરીમાં-ફળિયામાં વીજળીની વ્યવસ્થા હોય તેવાં માત્ર ૩૩% જ ગામો જોવા મળ્યાં. જેમાં ઘર અને શેરી બન્નેમાં વીજળીની સુવિધા હોય. તેથી રાત્રે બહાર જવા-આવવામાં ઘણી મુશ્કેલી પડે છે તેમ તેમનું કહેવું હતું. વારેવારે વીજળી જતી રહેવાની ફરિયાદ પણ તેઓ કરતા હતા અને અમે પણ પદયાત્રા દરમિયાન આ અનુભવ કર્યો. પરંતુ અન્ય પ્રાથમિક સુવિધાની સરખામણીમાં વીજળીની સુવિધાનું પ્રમાણ થોડું સારું જોવા મળ્યું.


ભારતમાં આદિવાસી વિસ્તારમાં વીજળીની સુવિધા ધરાવનાર ૫૧.૭% અને ૪૫.૬% કેરોસીન દ્વારા પ્રકાશ મેળવે છે. ગુજરાતમાં ભારત કરતાં થોડી સારી સ્થિતિ છે.

**વાહનવ્યવહાર :**



ગામમાં વાહનવ્યવહારની સગવડ હોય તેવાં ૬૧% ગામો જોવા મળ્યા. અલબત્ત તેમાં દિવસમાં માત્ર એકાદ બસ જ આવતી હોય તેવું જોવા મળ્યું. તેનો સમય સવારનો હોય અને તેમને બહાર જવાની જરૂર બપોર પછી હોય તેવી સ્થિતિમાં તેમને ફરજિયાતપણે ખાનગી વાહનો પર જ આધાર રાખવો પડે છે. ૩૯% ગામોના લોકોને બહાર જવા આવવા માટે ગામમાંથી વાહનની સગવડ ઉપલબ્ધ ન હતી. તેમણે ચાલીને મુખ્ય રસ્તા સુધી જવું પડે પછી જ તેમણે સરકારી કે ખાનગી વાહન ક્યાંક જવા માટે મળી શકે. બધાં ગામોમાં વાહનવ્યવહારની સગવડ હજુ આજે પણ નથી. ખાનગી જીપો તેની ક્ષમતા કરતાં વધારે માણસોને ભરે છે જેના કારણે તેમના જીવ જોખમમાં મુકાય છે અને અકસ્માતના ભોગ પણ તેઓ બને છે.


**ઉચ્ચતર માધ્યમિક શાળાનું અંતર :**




અમે મુલાકાત લીધેલ ગામોમાં બાળકોને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવા વધુ દૂર સુધી જવું પડે છે. જેને કારણે ઘણા ભણવાનું છોડી દે છે. ખાસ કરીને છોકરીઓ પર આની વિશેષ અસર પડે છે. ૩૯% ગામોમાં ૬ થી ૧૦ કિ.મી.નું અંતર કાપીને જનારાં અને ૨૮% ગામોમાં ૧૫ કિ.મી. વધુ દૂર જનારાં બાળકો જોવા મળ્યાં. માત્ર ૨૮% ગામોનાં બાળકોને ૫ કિ.મી. કે તેથી ઓછું અંતર ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવા કાપવું પડે છે. બાકીના ૭૨% બાળકોને ૬ કિ.મી.થી લઈને ૧૫-૨૦ કિ.મી. દૂર જવું પડે છે. વાહનવ્યવહારની સુવિધાનો અભાવ. એક જીપ કે શટલમાં તેની કેપેસિટી કરતાં ત્રણ ઘણા લોકોને ભરવા, જેમાંથી બેહનો માટે સલામતીના પ્રશ્નો પણ ઊભા થતા હશે. આ ઉપરાંત તેમનો સમય અને ખર્ચ બંને ઘણો વધી જાય છે. તેથી પણ તેમનું ભણવાનું બંધ થતું હશે.

**કૉલેજ :**

ઘરથી કૉલેજનું અંતર કિ.મી.માં




કૉલેજનું શિક્ષણ મેળવવા માટે પણ ૮૯% ગામોના વિદ્યાર્થીઓને ૬ કિ.મી. કે તેથી વધુ દૂર જવું પડે છે. ૫૬% ગામોના વિદ્યાર્થીઓને ૧૧ કિ.મી.થી લઈને ૨૦% કિ.મી. સુધી દૂર જવું પડે છે. ત્યારે તેઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે. માત્ર ૧૧% ગામોના વિદ્યાર્થીઓને જ ૫ કિ.મી.થી ઓછું અંતર ઉચ્ચ શિક્ષણ માટે કાપવું પડે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી પણ ભણવાનો ખર્ચ તેમના વાલી ઉઠાવી શકતા નથી. આ વિસ્તારોમાં વાહનવ્યવહારની પણ ઘણી અગવડ છે. તેથી જીપ-શટલ જેવાં ખાનગી વાહનો પર આધાર રાખવો પડે છે. જેમાં ઘણીવાર જીવનું જોખમ પણ રહેલું જોવા મળે છે અને તેમનો સમય અને ખર્ચ બંને ઘણો વધી જાય છે.

ભારતમાં શિક્ષણ અને માળખાકીય સુવિધાઓ સંદર્ભે સ્થિતિ નીચેના કોઠા દ્વારા જોઈ શકાય છે.

**જ્યાં ચોક્કસ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ નથી એવાં ગામડાઓ :**

| ક્રમ નં. | સુવિધાઓ | પ્રાથમિક સુવિધાઓનું ઘરથી અંતર (કિ.મી.માં) | | | |
|---|---|---|---|---|---|
| | | **૫ થી ઓછું** | **૫ થી ૧૦** | **૧૦ થી વધુ** | **કુલ (કોલમ ૩ થી ૫)** |
| ૧ | શિક્ષણ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૧.૧ | પ્રાથમિક | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧.૨ | માધ્યમિક | ૨ | ૨ | ૨૮ | |
| ૧.૩ | કૉલેજ | ૨ | ૩ | ૫ | |
| ૨ | દવાખાનું | ૨ | ૧૩ | ૨૯૪ | ૩૦૯ |
| | હૉસ્પિટલ-PHCs | ૭૩ | ૭૧ | ૧૫૮ | ૩૦૨ |
| ૩ | પોસ્ટ ઑફિસ | ૨૦૪ | ૧૯ | ૧૭ | ૨૪૦ |
| ૪ | બૅન્ક : વ્યાપારી | ૩૫ | ૪૨ | ૨૨૭ | ૩૦૪ |
| | સહકારી | ૧૩ | ૧૮ | ૨૭૮ | ૩૦૯ |

સ્ત્રોત : Census of India : District census handbook, 2001.


**ગુજરાતમાં છેલ્લા છ દાયકામાં શિક્ષણ અસરકારક દર, સામાન્ય અને આદિવાસી શિક્ષણ :**

| ક્રમ | દસકો | કુલ વસ્તી (લાખમાં) | કુલ આદિવાસી વસ્તી (લાખમાં) | કુલ વસ્તીમાં આદિવાસી વસ્તી% | શિક્ષણ સામાન્ય % | આદિવાસીમાં શિક્ષણ % | સામાન્ય અને S.T. શિક્ષણમાં તફાવત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૧ | ૨૦૬.૩૩ | ૨૭.૫૪ | ૧૩.૩૫ | ૩૦.૪૫ | ૧૧.૬૯ | ૧૮.૭૬ |
| ૨ | ૧૯૭૧ | ૨૬૬.૯૭ | ૩૭.૩૪ | ૧૩.૯૯ | ૩૫.૭૯ | ૧૪.૨૨ | ૨૧.૬૭ |
| ૩ | ૧૯૮૧ | ૩૪૦.૮૬ | ૪૮.૪૯ | ૧૪.૨૩ | ૪૩.૭૦ | ૨૧.૧૦ | ૨૨.૫૪ |
| ૪ | ૧૯૯૧ | ૪૧૩.૧૦ | ૬૧.૬૨ | ૧૪.૯૨ | ૫૧.૧૫ | ૨૯.૬૭ | ૨૧.૪૮ |
| ૫ | ૨૦૦૧ | ૫૦૬.૭૧ | ૭૪.૮૧ | ૧૪.૭૬ | ૬૯.૪૦ | ૪૭.૭૪ | ૨૧.૪૦ |
| ૬ | ૨૦૧૧ | ૬૦૩.૮૩ | ૮૯.૧૭ | ૧૪.૭૫ | ૭૮.૦૦ | ૬૨.૪૮ | ૧૫.૫૨ |

સંદર્ભ : આદિવાસીઓ : એક દૃષ્ટિક્ષેપ (૨૦૧૧)

ઉપરોક્ત વિગતોના આધારે કહી શકાય કે, સામાન્ય અને અનુસુચિત જાતિના શિક્ષણ વચ્ચેનો તફાવત ૧૯૬૧માં ૧૮.૭૬% હતો જે ૫૦ વર્ષમાં ઘટીને ૧૫.૫૨% લાવી શક્યા છીએ. એટલેકે ૫૦ વર્ષમાં ૩.૨૪% તફાવત ઘટાડી શક્યા. ૨૦૦૧થી ૨૦૧૧માં દસકામાં સામાન્ય અને અનુસુચિત જાતિના શિક્ષણ વચ્ચે ૫.૮૮% નો નોંધપાત્ર રીતે તફાવત (ઘટાડો) જોવા મળ્યો. જે છેલ્લાં પચાસ વર્ષમાં સૌથી વધુ છે. સામાન્ય અને આદિવાસી શિક્ષણના દર વચ્ચેનો ૧૫.૫૨% નો ગેપ ઓછાં કરવા આપણે ઘણાં લાંબાગાળાનાં પગલાં વિચારવાં પડશે.

**ઘરથી દવાખાનાનું અંતર કિ.મી.માં.**




માળખાકીય સુવિધાઓના સંદર્ભમાં આ વિસ્તારમાં હજુ સ્થિતિ બહુ સારી નથી. કુલ ૨૦ ગામો પૈકીનાં ૯૪% ગામોમાં કુટુંબોને સરકારી દવાખાનાનો લાભ મેળવવા ૬ કિ.મી. થી લઈને ૧૫-૨૦ કિ.મી. દૂર સુધી જવું પડે છે. ઉપરોક્ત ચાર્ટ પરથી સ્પષ્ટ થાય છે કે ૪૪% ગ્રામજનોને ૬ થી ૧૦ કિ.મી. ૧૭% ગ્રામજનોને ૧૧ થી ૧૫ કિ.મી. અને ૩૩% ગ્રામજનોને ૧૫ કિ.મી. કરતાં વધુ અંતર કાપે ત્યારે સરકારી દવાખાના સુધી પહોંચી શકે છે. અલબત્ત ત્યાં પહોંચ્યા પછી પણ ડૉક્ટર દવા કે સારવાર મળશે જ તેની ૧૦૦% ખાતરી નથી તેમ પણ તેમનું કહેવાનું હતું.

ભારતમાં બાળકોને તમામ પ્રકારની મુખ્ય રસી નહિ અપાવનાર ૧૨ થી ૨૩ મહિનાનાં બાળકો S.T. માં ૧૧.૫%, S.C. માં ૫.૪% અને O.B.C. માં આ પ્રમાણ ૩.૯% છે. સાધારણ એનિમિયા (૭.૦-૯.૯) ધરાવનાર S.T. માં ૨૧.૩% છે. જે S.C. માં ૧૬.૮% છે. (N.F.H.S.-3 2005-06) આદિવાસી વિસ્તારોમાં આવેલા CHCsમાં નિષ્ણાત તબીબોની અછત મોટા પ્રમાણમાં છે. માર્ચ ૨૦૧૨ના અહેવાલ મુજબ ભારતમાં આદિવાસી વિસ્તારોમાં ૮૪.૬% સર્જન, ૮૬.૩% ફિઝિશિયન, ૮૧.૫% પીડિયાટ્રીશિયન અને ૭૨.૨% કુલ નિષ્ણાત ડૉક્ટરોની તેમજ ૨૨.૮% નર્સિંગ સ્ટાફ, ૩૦.૯% લેબ. ટેકનિશિયન, ૩૧.૪% ફાર્માસિસ્ટની અછત છે. એક તો સરકારી દવાખાનાં ઘરથી દૂર હોવા અને જાવ ત્યારે ડૉક્ટર હાજર ન હોવા આવી પરિસ્થિતિમાં તેઓ જાય તો ક્યાં જાય ?

આ સ્થિતિમાં ખાનગી દવાખાનાં કે પછી કહેવાતા (!) ડૉક્ટરોના સહારે તેમને સારવાર લેવી પડે છે. ભગત ભૂવાનું પ્રમાણ પણ આ વિસ્તારોમાં ઘણું છે તેમ જાણવા મળ્યું.


**પોસ્ટ ઑફિસ તથા બેંકનું અંતર :**




આ ગામોમાં પોસ્ટ ઑફિસોની સગવડ ઘણી જગ્યાએ જોવા મળી. કુલ ૨૦ ગોમ પૈકીના ૫૫% લોકોને ચાર કિ.મી. કે તેથી ઓછા અંતરે પોસ્ટ-ઑફિસની સગવડ મળી રહે છે. જેથી પત્રવ્યવહારની આપ-લે તેમજ તેને આનુસંગિક સામગ્રી નજીકમાંથી મળી રહે છે. બચત રોકાણ પણ કરી શકે છે.

બેંકની સગવડ મેળવવા તેમણે વધુ દૂર જવું પડે છે. ૮૩% ગ્રામજનોને બેંકની સુવિધાઓનો લાભ મેળવવા ૫ કિ.મી. કે તેથી વધુ અંતર કાપવું પડે છે. બેંક એ આજકાલ આવશ્યક સુવિધાનો ભાગ છે. વિકાસની પ્રક્રિયામાં સામેલ થવા માટે આવી માળખાકીય સુવિધાઓ જરૂરી છે. પરંતુ ગુજરાતના આ વિસ્તારોમાં હજુ આજે પણ મોટાભાગના અંતરિયાળ વિસ્તારોમાં આના માટે દૂર સુધી જવુ પડે છે.

ગામમાં સ્થળાંતર :




આદિવાસી વિસ્તારમાં આજિવિકાના પ્રશ્નો બહુ વિકટ છે. મોટાભાગે તેઓ ખેતી, ખેતમજૂરી જેવા કામોમાં જોડાયેલા છે. ખેતી પણ વરસાદ આધારિત છે, મૂડી નથી. જમીનો ઘણી ઓછી છે. આધુનિક ખેતી પદ્ધતિ નથી. ઉદ્યોગો કે અન્ય વ્યવસાયોની ઉપલબ્ધતા નથી અને તેની કુશળતા મેળવવાની તક પણ નથી. ખેતીનું કામ વરસાદ આધારિત હોવાથી અને એકથી વધુ પાક નહિ લઈ શકવાને લીધે આદિવાસીને ચોમાસા પછી દાણા-પાણી ખૂટે ત્યારે સ્થળાંતર કરવું પડે છે. આ ત્યાંની વાસ્તવિકતા છે. ફેબ્રુઆરી કે માર્ચ મહિનો આવતા સુધીમાં તેઓ મજૂરી કામ કરવા નીકળી જાય છે. સ્થળાંતર થઈને આ આદિવાસીઓ નજીકનાં શહેરોમાં અથવા દૂરના મોટા શહેરોમાં પણ કામની શોધમાં જાય છે.

૨૦૧૧ મુજબ B.P.L.હેઠળ જીવતા આદિવાસી ૪૧% અને સામાન્ય કેટેગરીમાં આ પ્રમાણ ૨૧% જોવા મળે છે. (G.O.I. 2013) આ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે આદિવાસીમાં ગરીબીનું પ્રમાણ ઘણું વધારે છે. તેથી તેમને સ્થળાંતર કરવું પડે છે.

**તારણ અને નિષ્કર્ષ :**

આમ, ઉપરોક્ત વિગતો જોતાં સમજાય છે કે, વિકસિત અને ગતિશીલ ગુજરાતના આ વિસ્તારોમાં પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓના સંદર્ભે આપણે ઘણી લાંબી મંઝિલ કાપવાની છે. ૨૦૧૦માં ગુજરાત સરકારે કરેલા ઠરાવ પછી કોઈ મોટો ફરક પડ્યો નથી. તેથી આ ઠરાવના ઝડપી અને સઘન અમલની અત્યંત આવશ્યકતા છે. ભારતના અન્ય આદિવાસી વિસ્તાર અને ગુજરાતના આદિવાસીની પરિસ્થિતિ લગભગ સરખી છે. પીવાનું પાણી, શૌચાલય, બાથરૂમ, વીજળી રસ્તા, શાળા-કૉલેજ, બેંક વગેરે સુવિધાઓ તેમને સહેલાઈથી મળી રહે, શિક્ષણ વધે, આજીવિકા વધે તો જ વિકાસના લાભો તેમને મળી શકે અને તેમનો સર્વાંગી વિકાસ થાય. સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર અન્ય પ્રજાની સરખામણીએ આ જૂથો માટે હજુ લાંબી મંઝીલ કાપવાની છે.

ભારતના બંધારણમાં આદિજાતિ લોકોના લાભ અને કલ્યાણ માટે અનેક જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓમાં તેમની કાયદાકીય સ્વીકૃતિ, સંસદ તેમજ વિધાનસભા ગૃહોમાં તેમને માટે પ્રમાણસર પ્રતિનિધિત્વ, શિક્ષણમાં અને અન્ય હેતુઓ માટે તેમને પોતાની ભાષાનો ઉપયોગ કરવાનો અધિકાર, પોતાનો ધર્મ પાળવાનો અધિકાર અને પોતાની બુદ્ધિશક્તિ અનુસાર વિકાસ માટેનો અધિકાર વગેરે સામેલ છે. બંધારણમાં એવી પણ કલમ છે જે જેનાથી રાજ્ય નોકરીઓમાં અને નિમણૂકમાં આદિજાતિ લોકોની

તરફેણમાં અનામત દાખલ કરી શકે. બંધારણમાં એવી પણ જોગવાઈ છે કે રાજ્ય આદિવાસી વિસ્તારોને પાંચમી અને છઠ્ઠી અનુસૂચિ હેઠળ આવરી લઈને આવા વિસ્તારોમાં ખાસ પ્રકારનું વહીવટી માળખું અમલમાં મૂકી શકે (V, xaxa, 2003). તેમ છતાં, વ્યવહારમાં ભારતમાં કોઈપણ જગાએ પાંચમી અનુસિચિનો સાચા અર્થમાં અમલ થતો નથી. એક સરેરાશ આદિવાસી માટે કદાચ પરિસ્થિતિ વધારે બગડી નથી તો તેમાં કોઈ સુધારો પણ થયો નથી, તફાવત પડ્યો હોય તો એટલો જ કે આ બધું હવે આધુનિક, સ્વતંત્ર, લોકશાહી દેશના અંચળા હેઠળ થઈ રહ્યું છે. ઔપચારિક રીતે ઉચ્ચસ્તરીય માળખામાં લોકશાહીનું સંસ્થાકીયકરણ નોંધનીય રીતે વ્યક્ત થયું છે. પરંતુ ઐતિહાસિકપણે શોષિત અથવા શાસિત લોકો માટે બીજાને તબદીલ ન કરી શકાય તેવા હક અપાવવામાં આ માળખું નબળું અથવા બિનઅસરકારક જણાયું છે. (કોઠારી, એસ ૨૦૦૭) સૈકાઓથી અન્યાય સહન કરતા આવેલા આદિવાસી લોકો માટે પરિસ્થિતિમાં ઝડપી અને તત્કાલ પરિવર્તન લાવવાની જરૂર છે.

આ સંદર્ભે અને ભારતના આદિવાસીની પરિસ્થિતિ અંગે ૨૦૧૪ માં ઉચ્ચ કક્ષાની સમિતિએ જે હેવાલ આપ્યો છે તે ઘણો મહત્ત્વનો છે અને દેશના આદિવાસીઓની વર્તમાન સ્થિતિ સમજવામાં ઉપયોગી છે, જેમાંની કેટલીક વિગતો નીચે મુજબ છે.

આદિવાસીઓમાં જે લોકો ગરીબી રેખાની નીચે જીવન જીવી રહ્યા છે તેઓ નિરક્ષર છે અને અત્યંત નબળું શારીરિક આરોગ્ય ધરાવે છે. દેશના વિકાસની પ્રક્રિયામાં શહેરીકરણના ભાગરૂપે વિશાળ ઔદ્યોગિક વિકાસ, ખનન, રસ્તા રેલવેને લગતા માળખાકીય પ્રોજેક્ટ, મોટો ડેમ અને સિંચાઈને લગતી મોટી યોજનાઓને કારણે આદિવાસીઓની આજિવિકા, સ્થળાંતર અને વિસ્થાપન પર તેની મોટી અસર જોવા મળી છે.

ભારતમાં ૪૦% આદિવાસી લોકોનું વિસ્થાપન વિકાસને લગતી પ્રવૃત્તિઓને કારણે છે. એમની વસ્તી ૧૦% છે. જ્યારે વિસ્થાપન ૪૦% છે જે પૈકીના ૨૧.૧૬% લોકોનું જ પુનર્વસન થયું છે.

રાજ્યના વિકાસની વ્યૂહરચનાના ભાગરૂપે જમીન સંપાદનનો અનેક આદિવાસીઓએ વિરોધ કર્યો, જેમના પર અપરાધના કાયદા હેઠળના આરોપો લગાવવામાં આવ્યા, આદિવાસીઓના રક્ષણ અને કાયદા અને નિમયોને કોર્પોરેટના હિતમાં અર્થઘટન (Manipulate) કરવામાં આવે છે. કોર્પોરેટના ખાનગી સિક્યુરીટી સ્ટાફ અને રાજ્યના પેરા-મીલીટરી ફોર્સનો આદિવાસીઓના વિરોધને કચડી નાંખવા માટે ઉપયોગ કરવામાં આવે છે.

પેનલ આદિવાસીઓ જમીનથી વંચિત ન થાય તે માટે કાયદા અને નીતિ-નિયમોમાં આમૂલ બદલાવ લાવવાની ભલામણ કરે છે અને સંસાધનો પરના તેમના અધિકારો તેમને પાછા મળે અને તેનું રક્ષણ થાય તે માટેની ખાતરી આપવાની વાત કરે છે.

આદિવાસીની ગ્રામસભાની મંજૂરી વિના કોઈપણ જમીન તેમની પાસેથી છીનવી ન લેવાય તે જોવાનું કહે છે. આદિવાસીઓની સહકારી મંડળી દ્વારા ખનન પ્રવૃત્તિનું તેમના થકી જ થાય તે માટે પેનલ ભલામણ કરે છે.

તેમની જમીન સંપાદન દરમિયાન આદિવાસીઓને 'ના' કહેવાનો અધિકાર આપવો જરૂરી છે અને જંગલ વ્યવસ્થાપન અને સામુદાયિક સંસાધનો અને સંપત્તિ સુધીની તેમની પહોંચ વધારવી જરૂરી છે. આદિવાસીમાં શિક્ષણ આરોગ્ય અને તકો વધે તે માટે વધુ ખર્ચ અને તે માટેનો યોગ્ય ઢાંચો તૈયાર કરવો જોઈએ.

કમિટીએ એ પણ કહ્યું કે સંસદ અને વિધાનસભા દ્વારા ઘડાયેલ કાયદાઓ અને નીતિઓ કાંઈ આપોઆપ પાંચમી અનુસૂચિમાં અમલમાં આવવાના નથી.

કમિટીની એ પણ સલાહ છે કે, ખાસ કરીને જંગલ, જમીન સંપાદન, સંરક્ષણ, ખાણ-ખનીજ, આરોગ્ય અને શિક્ષણને લગતા કાયદાકીય માળખામાં ફેરફાર કરતા પહેલાં Tribe Advisory Council ની સલાહ લેવી જોઈએ. આ સલાહકાર સમિતિ વધુ અસરકારક રીતે કામ કરી શકે તે માટે તેનું સમગ્ર માળખું અને સમિતિને વધુ સત્તા આપવી જોઈએ જેથી તેમના સમુદાયના લોકોના કલ્યાણ અને વિકાસ માટે કામ કરી શકે.

**સંદર્ભ :**

૧. આદિવાસી ગામોની રુબરૂ મુલાકાત.

૨. XAXA Virginius 2003. 'Tribes in India' In veena Das (ed.) The Oxford India Companion to Society and Social Anthropology, Delhi : Oxford University Press.

૩. Kothari, smity, 2007. Challenging Centralize Governance : 'The struggle for self Rule.' In Satyajit Singh and Pradip Sharma (edited). Decentralization Institution and politics in Rarual India. New Delhi : Oxford University Press.

૪. આદિવાસીઓ : એક દષ્ટિક્ષેપ (૨૦૧૧) સંકલન : પટેલ ભીખાભાઈ, પ્રવીણ. (સંપાદક) ચંદ્રકાંત ઉપાધ્યાય, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર. ગૂ.વિ. અમદાવાદ.

૫. Statistical Profile of Scheduled Tribe in India. 2013. Ministry of Tribal Affaires. G.O.I. http://tribal.nic.in/WriteReadData/userfiles/file/Statistics/StatisticalProfileofSTs2013.pdf www.tribal.nic.in accessed on Feb. 2016.

૬. http://tribal.gujarat.gov.in/border-villages-amentities?lang-Gujarati#sthash.RVYdOeKe.dpuf

૭. Government of Gujarat. 2000 Human Development vision 2010. Gandhinagar. Government of Gujarat

૮. Socio, Economic, Health and Educational Status of Tribal Communities in India. 2014. http://ww.indiaenvironmentportal.org.in/files/file/Tribal%20Committee%20Report.%20May-June%202014.pdf accessed on Feb. 2016.

• • •

## શિક્ષણ

- જ્યાં સુધી શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સાચા દિલનો સદ્‌ભાવ નહિ સ્થપાય ત્યાં સુધી શિક્ષણમાં ગમે એટલા સુધારા થાય તોય ઠેર-ના-ઠેર જેવી હાલત જ રહેશે.
- ભણવાની વેળા હોય ત્યારે પૂરી કાળજી રાખીને નિષ્ઠાપૂર્વક ખૂબ ભણો, તમે સ્વીકારેલા વિષયમાં પારંગત પણ બનો. સારું ભણીને જીવનના ક્ષેત્રમાં સફળતા પણ ખૂબ મેળવો. પરંતુ એ બધાયનું લક્ષ્ય છેવટે તો માનવતાને દિપાવવાનું છે, સારા માણસ બનવાનું છે, એ ન ભૂલશો.
- ઊંચી ડિગ્રીનો અભ્યાસ કરતાં કરતાં સાચા માણસ બનવા માટેના લક્ષ્યને નજર સામે ત્યારે જ રાખી શકશો જ્યારે તમારી શાળા કે કૉલેજના મકાનને મા સરસ્વતીનું મંદિર માની ભક્તિભાવ સેવશો, તમારા શિક્ષકને દેવ ગણી પૂજ્યભાવ સેવશો, જીભ ઉપર સતત હરિનામ રાખશો ને હાથમાં સેવાનું કામ રાખશો.
- મોટી ડિગ્રી મેળવીને ખૂબ કમાવાનું જ લક્ષ્ય રાખશો તો કદાચ પૈસા તો ઘણા ભેગા કરી શકશો, પણ માણસાઈની બાબતમાં દેવાળિયા બની જશો.

# વિચરતા - વિમુક્ત સમુદાયોમાં ડફેર સમુદાયનું સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક જીવન, સ્થિતિ, સમસ્યા અને પડકારો

– ભલુ શેખ*

**ટૂંક સાર :**

ભારતીય સમાજમાં વિવિધ સમુદાયો અને તેમની વિવિધ સામાજિક લાક્ષણિકતાઓ ભારતીય સમાજની વિશેષતા બની રહે છે. ભારતમાં મોટા પાયે જ્ઞાતિઓનું વૈવિધ્ય જોવા મળે છે. જેમાં હિંદુઓ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન વગેરે ધર્મોમાં જ્ઞાતિઓનું અસ્તિત્વ છે. જ્ઞાતિઓની આ વિશાળ સંખ્યા ભારતીય સમાજને વૈવિધ્યસભર અને બહુમુખી સ્વરૂપ પ્રદાન કરે છે. કેટલીક જ્ઞાતિઓ આદિવાસી જાતિઓ કે બીજી માનવ જાતિઓમાંથી ઉદ્ભવી છે. કેટલીક જ્ઞાતિઓ કારીગરોના બનેલા મહાજનોમાંથી વ્યવસાયિક ધોરણે ઉદ્ભવી છે. કેટલીક પ્રાદેશિક છે. કેટલીક જ્ઞાતિઓ ધાર્મિક કે સાંપ્રદાયિક છે. ભારતમાં અને ગુજરાતમાં વિકાસની દૃષ્ટિએ પછાત સમુદાયોમાં આદિજાતિઓ (અનુસૂચિત જનજાતિ), દલિતો (અનુસુચિત જાતિ), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ (એસઈબીસી) તેમજ વિચરતા વિમુક્ત સમુદાયો મુખ્ય છે.

વિચરતી-વિમુક્ત જાતિઓની સ્થિતિ અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગો કરતાં પણ વધુ કફોડી છે, કારણ કે આજદિન સુધી તેમના પ્રત્યે ખાસ કોઈનું ધ્યાન ગયું નથી. વિચરતી જાતિઓ હંમેશા ધંધા-રોજગાર અર્થે વિચરણ કરતી હતી. જ્યારે વિમુક્ત જાતિઓએ પોતાની ભૂતકાળની ખરડાયેલી છાપને કારણે, તો ક્યાંક સમાજના તિરસ્કારના કારણે હંમેશા સામાન્ય સમાજના સંસર્ગમાં આવવાનું ટાળ્યું છે. આધુનિક સમાજવ્યવસ્થામાં વિકાસના બદલાયેલા ખ્યાલોએ આજે તેમને અતિ પછાત સમુદાયોની હરોળમાં ધકેલી દીધા છે. ગુજરાતના ૪૦ જેટલા વિચરતા - વિમુક્ત સમુદાયોમાં વિમુક્ત જાતિઓ તેઓની ભૂતકાળની ખરાબ છાપને કારણે વધારે અવગણના અને અન્યાયનો ભોગ બનતી રહી છે, વિમુક્ત જાતિઓમાં પણ ડફેર સમુદાયની હાલત સૌથી વધુ દયાજનક બનવા પામી છે, કારણ કે ડફેર સમુદાયની ચોર, ડાકુ કે ગુન્હેગાર તરીકેની ભૂતકાળની ઓળખને કારણે તેઓને કોઈ પણ ગામના લોકો પોતાના ગામમાં વસવાટ કરવા દેવા માટે રાજી નથી. આથી તેઓ હંમેશા સમાજની શંકા-કુશંકાભરી દૃષ્ટિ અને તિરસ્કારવૃત્તિને કારણે સામાન્ય જનસમુદાયથી દૂર જંગલ, ખીણો કે કોતરોમાં અમાનવિય રીતે રખડતા-ભટકતા રહ્યા છે.

આજે તેઓ પોતાની ખરડાયેલી જૂની છાપ ભૂંસવા માંગે છે અને બદલાતા સમયના વેહણ સાથે તેઓ પણ પરિવર્તન ઝંખે છે. તેઓ રઝળપાટ વિનાનું જીવન છોડીને સારા ધંધા-રોજગાર કરીને સ્થિર અને શાંતિમય જીવન જીવવા માગે છે. ત્યારે સમાજે તેઓને અપમાનિત કે તિરસ્કૃત કરવાને બદલે સહાનુભૂતિ અને સહાયરૂપ થવું જોઈએ. સમાજકાર્યના ક્ષેત્રોમાં ગુજરાતના પછાત વર્ગોમાં આજે વિચરતી વિમુક્ત જાતિઓ પર સૌનું ધ્યાન કેન્દ્રિત થયું છે.

**ચાવીરૂપ શબ્દો : વિચરતી જાતિ, વિમુક્ત જાતિ, ડફેર જાતિ, ગુન્હેગાર જાતિઓ.**

**૧. પ્રસ્તાવના :**

પ્રસ્તુત સંશોધન લેખ M.Philના અભ્યાસક્રમના ભાગરૂપે કરવામાં આવેલ સંશોધન પર આધારિત છે. આ અભ્યાસ ૨૦૧૦માં સુરેન્દ્રનગર જિલ્લામાં વસતા ડફેર સમુદાયના જીવનની સ્થિતિ અને સમસ્યાઓ અંગે કરવામાં આવેલ છે. ગુજરાતમાં વસતા ૪૦ જેટલા વિચરતા-વિમુક્ત સમુદાયોમાં ડફેર સમુદાયનો વિમુક્ત જાતિઓમાં સમાવેશ થયેલ છે. વર્ષો અગાઉ વિચરતા-વિમુક્ત સમુદાયોની સમાજમાં ભારે બોલબાલા હતી. સમાજમાં તેમનું સ્થાન સન્માનજનક અને ગૌરવપૂર્ણ હતું. ટેલિવિઝન, સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારની સગવડ નહોતી ત્યારે સમાજને જરૂરી ચીજવસ્તુઓ, સેવાઓ અને મનોરંજન પૂરું પાડવાનું કામ સમાજમાં વિચરતા-વિમુક્ત સમુદાયોએ કર્યું છે.

* પીએચ.ડી. વિદ્યાર્થી. સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને સંશોધન મદદનિશ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

વિજ્ઞાનની નવીનવી શોધો અને ટૅક્નોલોજી તથા વિકાસના નૂતનખ્યાલોએ પરંપરાગત સમાજના માળખાઓને ધરમૂળથી બદલી નાંખ્યા છે. આધુનિક યુગના મૂડીવાદ અને ભૌતિકવાદે માનવજાતની સૈકાઓ જૂની સામાજિક વ્યવસ્થા અને સમાજજીવનનાં મૂલ્યોને પાયામાંથી ઉખેડી નાંખ્યા છે. સતત પરિભ્રમણ કરનારા આ સમુદાયો બદલાતા સમયમાં વિકાસના વહેણની સાથે ચાલી શક્યા નહીં. સમાજના વિવિધ બદલાવો સાથે આ સમુદાયોના પરંપરાગત વ્યવસાયો વેર વિખેર થઈ ગયા છે. સમાજની બદલાયેલી વ્યવસ્થાઓ અને વિકાસની આંટાઘૂંટીઓમાં આ સમુદાયો સતત અટવાતા રહ્યા છે. એટલું જ નહિ તેઓ શોષણ, તિરસ્કાર અને અવગણના, અન્યાય, અપમાન અને જુલમ દમનનો ભોગ બનતા રહ્યા છે. સમાજમાં આજે વિચરતા સમુદાયોની સ્થિતિ તમામ પછાત સમુદાયોમાં સૌથી વધુ ખરાબ અને દયાજનક બનવા પામી છે.

પહેલાના સમયમાં સમાજ રચનામાં ફેલાયેલા તેમના પરંપરાગત કલા-કસબ આધારિત વ્યવસાયો બદલાતા સમયની સાથે આજે લગભગ ઉજ્જડ થઈ ગયા છે. વિજ્ઞાન અને ટૅક્નોલોજી સાથે મનોરંજનનાં આધુનિક સાધનો આવતાં મનોરંજન પૂરું પાડનારા કલાકારો આજે લોકોને જોવા પણ ગમતા નથી. સમાજના વિકાસ સાથે આ સમુદાયો પ્રત્યેનો સમાજનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો છે. લોકોનો તેમના પ્રત્યેનો અણગમો, તિરસ્કાર, શંકા તો ક્યારેક દયાનો ભાવ વ્યક્ત કરે છે. બીજી બાજુ સમાજને જરૂરી સેવાઓ પૂરી પાડનારી જાતિઓની પણ આવી જ હાલત થઈ છે. જેમાં વાંસફોડા, કાંગસિયા, સરાણિયા, ગાડલિયા, ઘંટિયા, સલાટઘેરા, ચામઠા, રાવળ, વણઝારા, ઓડ વગેરે મુખ્ય છે. મોટી-મોટી કંપનીઓનાં ઢગલાબંધ ઉત્પાદનો અને રૂપકડા-લોભામણા મોલ કલ્ચરે લાખોની સંખ્યામાં આજીવિકા મેળવતા પરંપરાગત વ્યવસાયિકોના ધંધા-રોજગાર આંચકી લીધા છે.

આ સમુદાયો આજે કોઈ નવા ધંધા-રોજગાર અને નવા જીવન માટે સ્થાઈ થવા ઇચ્છે છે, તો લોકો તેમને કોઈ ગામમાં સ્વીકારવા તૈયાર નથી. ગામ કે શહેરની ભાગોળે કે થોડે દૂર ઝાડી-ઝાંખરાવાળી વેરાન જગ્યા પર ઘાસ-પાનના વેરવિખેર ઝૂંપડામાં ધોધમાર વરસાદ, વાવાઝોડા, કડકડતી ઠંડી કે ઉનાળાના ધોમધખતા તાપમાં વૃદ્ધો અને તેમનાં નવજાત કુમળાં બાળકો કેમ જીવી શકતાં હશે ? ત્યાં નથી પાકુ મકાન, રસ્તા, વીજળી, પાણી, શાળા કે આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ. આવી અગવડતા, અભાવ અને અલિપ્તતા વચ્ચે તેઓ ૨૧મી સદીના ભારતે હાંસલ કરેલા સુખ, શાંતિ અને સગવડતાઓને માણી શકતા હશે ? ના બિલકુલ નહીં, માણવાનું તો દૂર રહ્યું. જાણવાનું પણ મુશ્કેલ છે.

મૂળ તેઓનું કોઈ સરનામું નિશ્ચિત નથી. સરકારના વિકાસલક્ષી કાર્યક્રમોનો લાભ લેવા માટે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, જન્મતારીખનો દાખલો વગેરે આધારોની જરૂર પડે છે. જેમાંથી આ સમુદાયો પાસે કશું જ નથી. કોઈ સમાજ કાર્યકરોની સલાહથી જો કોઈ પરિવાર કોઈ ગામમાં સ્થાયી થવા પ્રયાસો કરે કે રેશનકાર્ડ માટે અરજી કરે તો ગામ લોકો તેમને ગામમાંથી હાંકી કાઢે છે. તેઓને સ્થાયી થવા કે ચૂંટણીકાર્ડ આપવાની ચોખ્ખી મનાઈ કરવામાં આવે છે. લોકોને એવો ડર છે કે જો તેઓ ગામના નાગરિક બની જશે તો કાયમી ઘર કરી જશે ને ગામની વ્યવસ્થા અને સુખ-શાંતિ ખોરવી નાખશે. પોતાના ગામનું મતદાર કાર્ડ ન આપવું પડે એટલે સુરેન્દ્રનગર જિલ્લાના કેટલાય ગામોમાંથી ડફેર, વાઘરી(દેવીપૂજક) તથા વાદી પરિવારોને ગામ લોકોએ કાઢી મૂક્યા. ક્યાંક ગામ લોકોએ મતદાર કાર્ડ માટે શાળાઓમાં દાખલ થવા ન દીધા.

આવા અત્યાચારો, અપમાનો, તિરસ્કાર, ભેદભાવ અને અલગાવભરી વૃત્તિ ક્યાં સુધી ? શું આ સમુદાયો સાથેના અમાનવીય વર્તન-વ્યવહારથી સમાજ શાંતિથી રહી શકશે ? ભૂતકાળની છાપ તો ક્યાંક વ્યવસાયિક અને સામાજિક નીચા દરજ્જાને ધ્યાનમાં રાખી લોકોનું તેમની નવી પેઢી સાથેનું શંકા-કુશંકા, ભેદભાવ અને તિરસ્કારભર્યું વર્તન બિલકુલ યોગ્ય નથી. આજે તેઓ પોતાની ખરડાયેલી જૂની છાપ ભૂંસવા માંગે છે. બદલાતા સમયના વહેણ સાથે તેઓ પણ પરિવર્તન ઝંખે છે. તેઓ પણ પોતાનાં બાળકોને ભણાવી ગણાવીને સારા નાગરિક બનાવવા માગે છે. આજે તેઓ રઝળપાટ વિનાનું જીવન છોડીને સારા ધંધા-રોજગાર કરીને સ્થિર અને શાંતિમય જીવન જીવવા માંગે છે, ત્યારે સમાજે તેઓને અપમાનિત કે તિરસ્કૃત કરવાને બદલે સહાનુભૂતિ

અને સહાયરૂપ થવું જોઈએ. કારણ કે આપણી જ તેમના પ્રત્યેની અલગતાવાદી, ભેદભાવયુક્ત, અત્યાચાર અને તિરસ્કારભરી વૃત્તિ તેમને ફરી અસામાજિક અને ગુન્હાહિત પ્રવૃત્તિઓમાં ધકેલી ન દે તે અંગે પણ આપણે સૌએ વિચારવું જોઈએ.

**૨. અભ્યાસના હેતુઓ :**

(૧) ડફેર સમુદાયનું સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવન તપાસવું.

(૨) ડફેર સમુદાયની શૈક્ષણિક અને આરોગ્યલક્ષી સ્થિતિ તપાસવી.

(૩) ડફેર સમુદાયના લોકોને પડતી મુશ્કેલીઓ તપાસવી.

(૪) ડફેર સમુદાયના લોકોએ બદલાવ માટે કરેલા પ્રયાસો તપાસવા.

(૫) ડફેર સમુદાયના પુનઃસ્થાપન માટેના સરકારી-બિનસરકારી પ્રયત્નો જાણવા.

**૩. સંશોધન પદ્ધતિ / પ્રવિધિ :**

આ અભ્યાસનું વ્યાપવિશ્વ સુરેન્દ્રનગર જિલ્લામાં વસતા ડફેર સમુદાયના દરેક કુટુંબના વડાઓ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ મળીને ૮૧ કુટુંબો વસવાટ કરે છે. કુટુંબોની આ સંખ્યામાં ફેરફાર થતો રહે છે, કારણ કે કેટલાંક કુટુંબો ઇચ્છા કે અનિચ્છાથી ધંધાર્થે સુરેન્દ્રનગર જિલ્લામાંથી અમદાવાદમાં અને અમદાવાદ જિલ્લામાંથી સુરેન્દ્રનગરમાં આવ-જા કરતા રહે છે. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ ક્ષેત્રમાં સમાવિષ્ટ તમામ ૮૧ એકમોને એટલે કે કુટુંબના વડાઓને ઉત્તરદાતા તરીકે આવરી લેવામાં આવ્યા છે. જેને સંશોધનમાં સમષ્ટિ કે પૂર્ણગણતરી કહેવામાં આવે છે. આમ, પ્રસ્તુત અભ્યાસમાં પૂર્ણગણતરી દ્વારા તમામ એકમો પાસેથી માહિતી મેળવવામાં આવી છે. અહીં થોડા અંશે ઉત્તરદાતાઓની શોધ માટે 'સ્નોબોલ' પદ્ધતિનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિથી આવેલ છે. માહિતી એકત્રીકરણ માટે ઉત્તરદાતાની રહેઠાણ પર રુબરુ મુલાકાત લઈને સંશોધક દ્વારા મુલાકાત અનુસૂચિ ભરવામાં આવી છે. જ્ઞાતિના આગેવાનો સાથે કેન્દ્રિત જૂથચર્ચા (FGD) અને નિરીક્ષણ પ્રવિધિ દ્વારા પણ માહિતી એકત્ર કરવામાં આવી છે, જે માહિતીના પ્રાથમિક સ્ત્રોતો છે. આ ઉપરાંત દ્વિતીયક સ્ત્રોત તરીકે ગ્રંથાલયમાંથી પુસ્તકો, સામયિકો, અહેવાલો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ અને સંબંધિત સરકારી વિભાગોના કાર્ય અહેવાલો, ઉપલબ્ધ માહિતી, આંકડાઓ તેમ જ વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી વગેરેનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**૪. વિચરતી જાતિ (સમુદાય) :**

રોજી રોટી માટે એક ગામથી બીજા ગામ અને બીજેથી ત્રીજે ગામ સતત પરિભ્રમણ કરનારી જાતિના જનસમૂહોને 'વિચરતી જાતિઓ' તરીકે ઓળખવામાં આવે છે. આપણે ત્યાં કેટલાક જનસમુદાયો એવા છે કે તેઓ પોતાના પરિભ્રમણયુક્ત પરંપરાગત વ્યવસાયને કારણે કોઈ એક ગામ કે સ્થળે સ્થિર થઈ શક્યા નથી, પણ પોતાનું કહી શકાય એવું, મોટા ભાગના સમુદાયોને ઘર તો નથી. એકેય ગામ પણ નથી, આથી તેઓને પોતાનું સરનામું પણ નથી. તેઓ સૌ ગામની ભાગોળે તંબુ કે કાચાં ઝુંપડાં બાંધીને રહેતા હોય છે. કેટલીક જાતિઓ ગામથી થોડે દૂર સીમ વગડે વસવાટ કરે છે. અહીં પણ તેઓ સ્થાઈ તો રહેતા જ નથી. ચોમાસા દરમિયાન જ્યાં તેમનો કાયમી પડાવ હોય તેમાં રહે છે. બાકીના આઠ મહિના તેઓ ગામો ગામ ધંધાર્થે સતત પરિભ્રમણ કરતા રહે છે. અરવિંદ આચાર્યએ વિચરતા વિમુક્ત સમુદાયો પર 'સરનામાં વગરના માનવી' નામનું પુસ્તક પ્રકાશિત કરીને તેઓને સરનામા વગરના માનવી તરીકેની ઓળખ આપી છે. તો ગુજરાતમાં આ સમુદાયો મોટા પાયાનું કામ કરનાર સુશ્રી મિત્તલ પટેલ તેઓને 'વંચિતોથીયે વંચિત' ગણાવે છે.

**વિમુક્ત-વિચરતી-અર્ધવિચરતી જનજાતિ જૂથની ભલામણો (TAG), ૨૦૦૬ મુજબ વિચરતી અને અર્ધ વિચરતી જાતિઓની વ્યાખ્યા :** ''૧૯૩૧ની વસતિ ગણતરીમાં જે કોઈ નીતિઓ કે સમુદાયોનો સમાવેશ વિચરતી કે અર્ધવિચરતી (Nomadic Or Semi-nomadic) જાતિઓ તરીકે કરવામાં આવતો હોય તે તમામ જાતિઓને ભારત સરકારના હેતુ માટે વિચરતી જાતિ (Nomadic Tribes) તરીકે ગણવામાં આવશે. ભારતના કોઈ પણ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં જે કોઈ વિચરતી અર્ધવિચરતી જાતિઓને માન્યતા અપાઈ હોય તે તમામ જાતિઓને ભારતના હેતુ માટે સમગ્ર ભારતમાં તે પ્રમાણે

જ એક સમાનરૂપે માન્યતા આપવાની રહેશે. ભવિષ્યની કોઈ વસતિ ગણતરી દરમિયાન કોઈ એવા સમુદાયોની આજીવિકાની તરાહ વિચરતી કે અર્ધ વિચરતી જાતિ જેવી હોવા અંગે ધ્યાન દોરવામાં આવે તો તેવા સમુદાયોને યોગ્ય ચકાસણી કરીને તેમને વિચરતી જાતિઓમાં સમાવેશ કરવામાં માટે વિચારણા કરવાની રહેશે.''

સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના દફતર મુજબ ગુજરાતમાં કુલ ૨૮ વિચરતી જાતિઓ છે. સરકાર દ્વારા વિચરતી જાતિઓનો સમાવેશ એસ.સી., એસ.ટી. કે ઓ.બી.સી. કેટેગરીમાં કરવામાં આવ્યો છે. ગુજરાતમાં આવેલી કુલ ૨૮ વિચરતી જાતિઓ આ મુજબ છે.

| **ક્રમ** | **જાતિનું નામ** | **સા.શૈ.પ.વ.નોક્રમાંક** |
|---|---|---|
| ૧. | બજાણિયા - નટ | ૫૩ |
| ૨. | ભાંડ | ૮૪ |
| ૩. | ગારૂડી | (એસ.સી.) |
| ૪. | કાથોડી | (એસ.ટી.) |
| ૫. | મદારી | ૪૪ |
| ૬. | કોટવાળિયા | (એસ.ટી.) |
| ૭. | તુરી | (એસ.સી.) |
| ૮. | વિટોળિયા | (એસ.ટી.) |
| ૯. | વાદી | ૭૪ |
| ૧૦. | વાંસફોડા | ૭૮ |
| ૧૧. | બાવા-વૈરાગી | ૭ |
| ૧૨. | ભવૈયા | ૭૧ |
| ૧૩. | ગરો | (એસ.ટી.) |
| ૧૪. | મારવાડા વાઘરી | ૮૦ |
| ૧૫. | ઓડ | ૫૪ |
| ૧૬. | પારધી | - - |
| ૧૭. | રાવળ | ૬૦ |
| ૧૮. | શિકલીગર | ૬૬ |
| ૧૯. | સરાણિયા | ૬૩ |
| ૨૦. | વણઝારા | ૭૯ |
| ૨૧. | જોગી | ૧૨૬ |
| ૨૨. | ભોપા | ૫૮ |
| ૨૩. | ગાડલિયા | ૨૩ |
| ૨૪. | કાંગસિયા | ૩૩ |
| ૨૫. | ઘંટિયા | ૯૧ |
| ૨૬. | ચામઠા | ૮૮ |
| ૨૭. | ચારણ-ગઢવી (ફક્ત વડોદરા પ્રદેશ) | ૧૩ |
| ૨૮. | સલાટ | ૬૧ |

**સ્રોત : ગુજરાતના વિચરતા વિમુક્ત સમુદાયો, ૨૦૦૬, પટેલ મિત્તલ, જનપથ, અમદાવાદ.**

વિચરતી જાતિઓ એ કોઈ એક પ્રકારના લોકોનો વર્ગ નથી, પરંતુ તેઓ દરેક સામાજિક, સાંસ્કૃતિક તેમજ ધંધાકીય રીતે એકબીજાથી અલગ અલગ ખાસિયતો ધરાવતી વિવિધ જાતિઓ છે. વિચરતી જાતિઓ ભૂતકાળમાં સમાજનું એક અનોખું અને વિશિષ્ટ અંગ સમાન હતી. સમાજમાં તેઓના મહત્ત્વની દૃષ્ટિએ તેમને મુખ્ય બે વર્ગોમાં વહેંચી શકાય. જેમાં એક સમાજનું મનોરંજન કરનારો વર્ગ અને બીજો સમાજને સેવા પૂરી પાડવાનું કામ કરતો હતો. આ દરેક સમુદાયો પોતાનાં અલગ અલગ કૌશલ્યો આધારિત વ્યવસાયો માટે જીવનપર્યંત રઝળપાટ કરતા રહેતા હતા. મનોરંજન કરનારા દરેક સમુદાયો જૂથોમાં વહેંચાઈને અલગ અલગ વિસ્તારો વહેંચી લેતા હતા. તેથી બધા જૂથોને રોજી-રોટી અને લોકોને મનોરંજન મળી રહેતા હતા. સમાજને મનોરંજન પૂરું પાડનારા સમુદાયોમાં ભવૈયા, નટ, બજાણીયા, ભાંડ, વાદી, મદારી, નાથ, ભરથરી, તુરી અને કેટલાક કાંગસિયાનો સમાવેશ થાય છે.

વિચરતા સમુદાયોનો બીજો વર્ગ સમાજને વિવિધ સેવાઓ પૂરી પાડવાના કામોમાં જોડાયેલો હતો. જેમાં વાંસફોડા, કાંગસિયા, સરાણિયા, ગાડલિયા, દેવીપૂજક(વાઘરી), ઘંટીયા, સલાટઘેરા, ચામઠા, રાવળ મુખ્ય છે. ગાડલિયા, દેવીપૂજક(વાઘરી) તથા કેટલાક સરાણિયા ખેડૂતોને ખેતી કામમાં જોઈતા બળદ તથા લોખંડનાં ઓજારો પૂરું પાડવાનું કામ કરતા હતા. સરાણિયા ઘરકામમાં વપરાતા છરી-ચપ્પાની ધાર કાઢવાનું કામ પણ કરતા હતા. કાગસિયા સીસમમાંથી કાંસકી બનાવીને ગામે ગામ ફરીને વેચતા હતા.

વણઝારા અને રાવળ ગધેડા પર મીઠું ભરીને ગામે ગામ પહોંચાડતા હતા. લુહાર ગામે ગામ જઈને લોખંડનાં ઓજારો અને વાસણો રિપેર કરતા હતા. વાંસફોડા વાંસમાંથી સૂંડલા, ટોપલા બનાવવાનું કામ કરતા, જ્યારે ઘંટીયા તથા ચામઠા ઘંટી ટાંકવાનું તથા વેચવાનું કામ કરતા હતા (પટેલ મિત્તલ ૨૦૧૦).

**૫. વિમુક્ત જાતિ (સમુદાય) :**

ગુજરાતમાં વિમુક્ત જાતિની યાદીમાં ૧૨ જેટલા સમુદાયોનો સમાવેશ થાય છે. વિમુક્ત જાતિના સમુદાયોએ હંમેશા સામાન્ય જનસમુદાયો સાથે સંપર્કમાં આવવાનું ટાળ્યું છે.

આ સમુદાયો પ્રત્યે સમાજ સદા આશંકાની નજરે જોતો રહ્યો છે. જ્યારે કોઈ પણ સ્થળે ચોરી, લૂંટફાટ અથવા ગુન્હાહિત કાર્ય થાય ત્યારે સમાજ અને પોલીસની નજર સૌપ્રથમ આ સમુદાયો તરફ જાય. આમ, થવાનું કારણ એ પણ છે કે ઈ.સ. ૧૮૭૧માં અંગ્રેજ સરકારે દેશમાં વસતા કેટલાક સમુદાયોને તેમની વર્તણૂકના આધારે જન્મજાત ગુનેગાર જાહેર કર્યા. આ સમુદાયો પર કડક નિયંત્રણ અને ભારે દબાણ લાવવાના હેતુસર પોલીસતંત્રને એકતરફી અધિકારોને તેમજ સ્વાયતતા આપવામાં આવી.

મૂળ હકીકત મુજબ રાજાશાહી વખતે નાનાં રજવાડાંઓ મોટાં રજવાડાંને પોતાની તાકાતથી જીતવાની ક્ષમતા ધરાવતા ન હતા. આથી તેઓ ડફેર, મિયાણા, સંધી, વાઘેર જેવા સમુદાયોનો કેટલીક લાલચો આપીને ઉપયોગ કરતા હતા. તેઓ આ સમુદાયો થકી મોટા રજવાડામાં ચોરી, લૂંટફાટ દ્વારા પ્રજામાં આતંક તથા અસંતોષનું વાતાવરણ ઊભું કરતા. આ સમયે તકનો લાભ ઉઠાવી નાના રજવાડાનું સૈન્ય હુમલો કરી કંટાળેલી પ્રજાનો સાથ-સહકાર મેળવી મોટા રજવાડાને હરાવતું અથવા કેટલોક વિસ્તાર જીતી લેતું હતું (પટેલ મિત્તલ : ૨૦૦૬).

આ ઉપરાંત રાજાશાહીમાં કાયમી સેના સાથે ભાડાથી કામ ચલાઉ કેટલીક લડાયક ટોળકીઓ રાખવાની પ્રથા હતી. કાયમી સેનાને રાજ્ય દ્વારા નિયમિત વેતન અને અન્ય લાભો આપવામાં આવતા હતા.

જ્યારે કામચલાઉ સેનાને વેતન કે અન્ય લાભો અપાતા ન હતા, પરંતુ તેઓને દુશ્મન દેશમાં લૂંટ ચલાવી જે મળે તે કબજે કરી લેવાની મંજૂરી આપવામાં આવી હતી, જેના દ્વારા તેમનું ગુજરાન ચાલતું હતું. આવા પ્રકારની ટોળકીઓને જરૂરિયાતના આધારે રાખીને તેઓનો પુરો ફાયદો ઉઠાવવામાં આવતો. યુદ્ધમાં તેમના બલીદાનની કોઈ કિંમત ન હતી કે તેમના પરિવારજનોને કોઈ વળતર અપાતું નહીં. અરૂણા જોષી નામના સંશોધકે પોતાના લેખમાં જણાવ્યું છે કે ૧૭૬૧માં થયેલા પાણીપતના યુદ્ધમાં મરાઠાઓ સાથે કામ ચલાઉ સેનાની સંખ્યા ઘણી મોટી હતી. આ યુદ્ધમાં મરાઠાઓ હાર્યા. મોટી સંખ્યામાં માર્યા ગયેલા કામચલાઉ સેનાના સૈનિકોની કોઈ ગણતરી થઈ નહોતી.

પાણીપતના ત્રીજા યુદ્ધ પછી ઈ.સ. ૧૮૧૮માં ભારતનું છેલ્લું સ્વતંત્ર પેશવાનું રાજ્ય પણ અંગ્રેજોએ તાબે કરી લીધું. ત્યારે સમગ્ર ભારત દેશ અંગ્રેજોની ગુલામી હેઠળ આવી ગયો. તમારા રાજાઓ અંગ્રેજોના ખંડિયા (ખંડણી કે ગુલામી વેરો ભરે તે) રાજા બની ગયા. આ સાથે સમગ્ર દેશમાં અંગ્રેજ હકુમતના રાજ્ય વહીવટ અંગેના કેટલાક એક સરખા નિયમો આવ્યા. અંગ્રેજોના તાબા નીચે રહેવાથી રાજાઓએ મોટાં સૈન્યો ઘટાડી દીધાં.

કેટલાક વફાદાર અને જરૂર પૂરતા સૈનિકોને રાખી બાકીનાનું યોગ્ય ધંધામાં પુનઃર્વસન કર્યું. પરંતુ જે સૈન્ય કામ-ચલાઉ હતું તેના માટે કશું જ વિચારાયુ નહીં.

આ સ્થિતિમાં સૈનિક પ્રવૃત્તિ વડે પેટ ગુજારો કરાવવાવાળા સમુદાયો રઝળી પડ્યા. તેમના કોઈ માલિક ન રહ્યા. આથી તેઓ રોજી-રોટીની શોધમાં વિખેરાઈ ગયાં.

વિચરતા સમુદાય સમર્થન મંચના સ્થાપક સુશ્રી મિત્તલ પટેલ પોતાના લેખમાં જણાવે છે કે રજવાડાઓએ આ સમુદાયોની ચોરી-લૂંટફાટ કરવાની પ્રવૃત્તિને અસ્થાઈ સેનાના રૂપમાં પોષી હતી.

તેમણે પોતાના સ્વાર્થ માટે આ સમુદાયોનો ઉપયોગ કર્યો, પરંતુ રજવાડાનો યુગ ખતમ થતા અસ્થાઈ જીવન અને કુશળ પરંપરાગત વ્યવસ્થાના અભાવે ભારતભરમાંથી કેટલાક સમુદાયોની કેટલીક વ્યક્તિઓએ પેટ ગુજારા માટે ગુનાનો માર્ગ અપનાવ્યો. આ ગુનાહિત પ્રવૃતિને ડામવાનું કામ અંગ્રેજોએ કર્યું. રાજાઓને પણ આ સમુદાયોથી ભય લાગ્યો.

આથી તેમણે પણ અંગ્રેજોને મદદ કરી. આમ, જે સમુદાયની આવશ્યકતા ન રહી તેનો રાજાઓ તથા સમાજના દરેક લોકોએ અસ્વીકાર કર્યો. તેઓ સમાજ માટે ભારરૂપ બની ગયા. અંતે સરકાર, પોલીસ અને સમાજ સૌએ મળીને તેમને જન્મજાત ગુનેગાર સાબિત કરી દીધા. અંગ્રેજ સરકારે સમગ્ર દેશમાંથી ૨૦૦ જેટલા સમુદાયોને ૧૮૭૧માં જન્મજાત ગુનેગાર જાતિ તરીકે જાહેર કર્યા હતા.

આ માટે અંગ્રેજ સરકારે ૧૮૭૧માં અપરાધી જનજાતિ અધિનિયમ (Criminal Tribes Act, 1871) કાયદો અમલમાં મૂક્યો. જે અંતર્ગત આ સમુદાયમાં જન્મનાર નાનું બાળક પણ જન્મજાત ગુનેગાર ગણાતું. આ સમુદાયના દરેક પુખ્ત વયના વ્યક્તિઓએ દરરોજ દિવસના ચોક્કસ સમયે નજીકની પોલીસ ચોકીમાં હાજરી પુરાવવા જવું પડતું.

ક્યારેક તેમના પર સતત દેખરેખ માટે તેમને નજર કેદ એટલે કે પશુની માફક બંધ વાડામાં પૂરી રાખવામાં આવતા હતા (આચાર્ય : ૨૦૦૬).

આ કાયદાનો એ સમયે પણ વિરોધ થયો હતો. કારણકે ગુનો આચરનાર વ્યક્તિ અપરાધી હોઈ શકે. પરંતુ અમુક વ્યક્તિઓને આધારે સમગ્ર જાતિને અપરાધી જાતિ જાહેર કરવાનું કાર્ય માનવતાની વિરુદ્ધ ગણાય. આ પરિસ્થિતિ છેક ૧૯૬૨ સુધી ચાલતી રહી.

આ સમુદાયોને સુધારાલક્ષી વાતાવરણ ઊભુ કરવા તેમજ તેઓનો સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવાના હેતુથી ૧૯૫૨માં ભારત સરકાર દ્વારા હેબીચ્યુઅલ ઓફેન્ડર્સ એક્ટ અમલમાં આવતાં અપરાધી જનજાતિ કાયદો રદ કરીને તેઓને મુક્ત કરવામાં આવ્યા. તેઓને સરકારી દફતરમાંથી જન્મજાત ગુનેગાર તરીકે મુક્તક નિર્દોષ જાહેર કરવામાં આવ્યા.

તે સમુદાયો આજે વિમુક્ત (Denotified) સમુદાયો તરીકે ઓળખાય છે.

**વિમુક્ત - વિચરતી - અર્ધવિચરતી જનજાતિ સલાહકાર જૂથની ભલામણો (TAG), ૨૦૦૬ મુજબ વિમુક્ત જાતિઓની વ્યાખ્યા :** ''ભારતની તમામ વિમુક્ત જાતિઓ, તમામ સમુદાયો અથવા તેવા સમુદાયના અંશો-જેમને ક્રિમિનલ ટ્રાઈબ્સ અધિનિયમ, ૧૮૭૧ લાગુ કરીને ભારતના કોઈ પણ સંસ્થાનમાં બનાવેલ ગુનાહિત જાતિઓ સંબંધિત કાનૂનોમાં ૧૯૫૦ના દસકા સુધી જેમને વિમુક્ત જાતિઓ તરીકે નિર્દિષ્ટ કરેલ છે. તેમના માટે સ્પષ્ટ વ્યાખ્યા ઘડી કાઢવાના હેતુથી તેમને તેમનું હાલનું ભૌગોલિક સ્થાન જે કોઈ હોય તેને ધ્યાનમાં લીધા વિના સમગ્ર ભારતભરમાં તેમને વિમુક્ત જાતિ તરીકે ગણવાની છે. વિમુક્ત જાતિઓની સૌથી અધિકૃત યાદી ભારત સરકારના ઠરાવને ૨૨-૧-૪૯ પોલિસના તા. ૨૮-૯-૪૯ થી નિમાયેલી આયંગાર સમિતિના અહેવાલના પાના નંબર ૨૫૭ થી ૨૬૨ પર ભારત સરકાર માટે તૈયાર કરવામાં આવી હતી. આયંગાર સમિતિના અહેવાલની અંદરની યાદીમાં જે સમુદાયો અથવા જાતિઓના નામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો તે સિવાયની તમામ જાતિઓ કે સમુદાયો જેમને આયંગાર સમિતિની નિયુક્તિ પહેલા વિમુક્ત જાતિ તરીકે નિર્દિષ્ટ કરવામાં આવેલ હોઈ તે તમામને વિમુક્ત જાતિ તરીકે ગણવાની છે.''

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગર, ગુજરાત રાજ્યના દફતર મુજબ ગુજરાતમાં કુલ ૧૨ વિમુક્ત જાતિઓ છે. સરકાર દ્વારા વિમુક્ત જાતિઓનો સમાવેશ ઓ.બી.સી. કેટેગરીમાં કરવામાં આવ્યો છે. ગુજરાતમાં આવેલી કુલ ૧૨ વિમુક્ત જાતિઓ આ મુજબ છે.

| ક્રમ | જાતિનું નામ | સા.શૈ.પ.વ.નોક્રમાંક |
|---|---|---|
| ૧. | બાફણ (મુસ્લિમ) | ૩ |
| ૨. | છારા, આડોડિયા, સાસી | ૧૪ |
| ૩. | ડફેર (હિન્દુ અને મુસ્લિમ) | ૨ |
| ૪. | હિંગોરા (મુસ્લિમ)<br>હિંગોરા (હિન્દુ) | ૨૮<br>૨૮-અ |
| ૫. | મે. મેતા | ૪૮ |
| ૬. | મિયાણા (મુસ્લિમ)<br>મિયાણા (હિન્દુ) | ૫૧<br>૫૧-અ |
| ૭. | સંધી (મુસ્લિમ)<br>સંધી (હિન્દુ) | ૬૨<br>૬૨-અ |
| ૮. | ઠેબા (મુસ્લિમ) | ૭૩ |

| | | |
|---|---|---|
| ૯. | વાઘેર (હિન્દુ અને મુસ્લિમ) | ૮૧ |
| ૧૦. | વાઘરી, દાતણિયા વાઘરી, વેડુ વાઘરી, તળપદા વાઘરી, ગામચિયા વાઘરી, ગોદડિયા વાઘરી, ચીભડિયા વાઘરી, મારવાડા અથવા મારવાડી વાઘરી<br>વાઘરી-ગામીચા,વેડવા, ચુરાલીયા, જખુડીયા વેડવા વાઘરી અથવા વેળવા વાઘરી | ૮૦<br>૮૦-અ<br>૮૦-બ |
| ૧૧. | ચુંવાળીયા કોળી | ૧૬ |
| ૧૨. | કોળી (ફક્ત કચ્છ જિલ્લાના રાપર અને ભચાઉ તાલુકામાં) | — |

**સ્રોત :** ગુજરાતના વિચરતા વિમુક્ત સમુદાયો, ૨૦૦૬, પટેલ મિત્તલ, જનપથ, અમદાવાદ.

**૬. ક્ષેત્રકાર્ય આધારિત માહિતીનું વિશ્લેષણ :**

અગાઉ જોયું તે મુજબ ડફેરો ગુજરાતમાં સુરેન્દ્રનગર, ભાવનગર, જૂનાગઢ, કચ્છ, અમદાવાદ. મહેસાણા વગેરે જિલ્લાઓમાં વેર-વિખેર રીતે પથરાયેલા છે. ડફેર સમુદાય જે - જે જિલ્લાઓમાં વસે છે તે જિલ્લાઓમાં તેમનાં કેટલાં કુટુંબો છે, તેનો અંદાજ લગાવવામાં આવ્યો. આ મુજબ સુરેન્દ્રનગર જિલ્લામાં ડફેર સમુદાયનાં ૮૦ થી ૧૦૦ કુટુંબો વસવાટ કરે છે તેવું જાણ્યું. આ બધાં જ કુટુંબોની યાદી અને તેઓ ક્યાં રહે છે તેની માહિતી ભેગી કરી. આ ભેગી કરેલ માહિતી ઉપરથી એવું સાબિત થયું કે કુલ ૮૧ જેટલાં કુટુંબો સુરેન્દ્રનગર જિલ્લામાં રહે છે. આ બધાં જ કુટુંબોને મળીને સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક જીવનને જાણવા માટે એક અનુસૂચિ બનાવવામાં આવી. અનુસૂચિ તૈયાર થયા બાદ ડફેર સમુદાયનાં તમામ ૮૧ કુટુંબના વડાઓને મળીને તેમની પાસેથી જવાબો મેળવીને ભરવામાં આવી. આ ભરાયેલ અનુસૂચિ બાદ જે માહિતી પ્રાપ્ત થઈ તેનું આંકડાશાસ્ત્રીય વર્ગીકરણ, કોષ્ટકીકરણ અને પૃથક્કરણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસ આધારિત સંશોધન પત્રમાં અહીં પસંદગીયુક્ત કેટલીક માહિતીનું સંક્ષિપ્ત વિશ્લેષણ રજૂ કરવામાં આવેલ છે.

**૬.૧ પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ :**

**કોષ્ટક - ૧**

**ઉત્તરદાતાની જાતિ, ધર્મ, ઉંમર, શિક્ષણ અને વતન**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧.૧ | જાતિ | પુરુષ | ૭૭ | ૯૫.૦૬ |
| | | સ્ત્રી | ૦૪ | ૦૪.૯૪ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |
| ૧.૨ | ધર્મ | મુસ્લિમ | ૮૧ | ૧૦૦ |
| | | હિન્દુ | ૦૦ | ૦૦ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |
| ૧.૩ | ઉંમર | ૨૧ થી ૩૫ વર્ષ | ૪૪ | ૫૪.૩૨ |
| | | ૩૬ થી ૫૦ વર્ષ | ૨૭ | ૩૩.૩૩ |
| | | ૫૧ થી ૬૫ વર્ષ | ૦૭ | ૦૮.૬૪ |
| | | ૬૬ થી વધુ | ૦૩ | ૦૩.૭૧ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |
| ૧.૪ | શિક્ષણ | નિરક્ષર | ૭૬ | ૯૩.૮૨ |
| | | ૧ ધોરણ | ૦૧ | ૦૧.૨૪ |
| | | ૨ ધોરણ | ૦૦ | ૦૦.૦૦ |
| | | ૩ ધોરણ | ૦૨ | ૦૨.૨૭ |
| | | ૪ ધોરણ | ૦૨ | ૦૨.૨૭ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |
| ૧.૫ | વતન | કોઈ વતન નથી | ૮૧ | ૧૦૦ |
| | | વતન છે | ૦૦ | ૦૦ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકમાં જાતિ અંગેની માહિતી પરથી જણાય છે કે કુલ ઉત્તરદાતાઓ પૈકી ૯૫.૦૬% પુરુષો છે. જ્યારે ૪.૯૪% ઉત્તરદાતા સ્ત્રીઓ છે. બીજા બધા સમુદાયોની જેમ ડફેર જાતિમાં પણ પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા જોવા મળે છે. વિધવા, ત્યક્તા કે જેમના પતિ જેલમાં છે તેવી ૪.૯૪% મહિલા ઉત્તરદાતાઓને બાદ કરતા બાકીના તમામ કુટુંબના વડા તરીકે પુરુષ ઉત્તરદાતાઓએ જવાબો આપેલ છે. ધર્મ અંગે જણાય છે કે તમામ ૧૦૦% ઉત્તરદાતાઓ મુસ્લિમ

ધર્મ પાળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતમાં સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વસતા ડફેરો મુસ્લિમ ધર્મ પાળે છે. જ્યારે કચ્છમાં કેટલાક ડફેરો હિન્દુ ધર્મ પાળે છે.

ઉત્તરદાતાઓની ઉંમર અંગે જોતાં જણાય છે કે ૫૪.૩૨% ઉત્તરદાતા ૨૧ થી ૩૫ વર્ષની વય ધરાવે છે. ૩૩.૩૩% ઉત્તરદાતા ૩૬ થી ૫૦ વર્ષની વય ધરાવે છે, એટલે કે મોટા ભાગના ઉત્તરદાતાઓ ૨૧ થી ૫૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે. ૫૦ વર્ષથી વધુ ઉંમરના ઉત્તરદાતા માત્ર ૧૦ છે. ક્ષેત્રકાર્ય દરમિયાન સમુદાયમાં વૃદ્ધ લોકો ખૂબ ઓછા જોવા મળ્યા હતા. મુખ્યત્વે કુપોષણ અને તદ્દન પ્રાથમિક સુવિધાઓથી વંચિત રઝળપાટભર્યા જીવનને કારણે તેઓનું સરેરાશ આયુષ્ય ખૂબ ઓછું જણાય છે. શિક્ષણ અંગે જોતાં જણાય છે કે મોટા ભાગના ૯૩.૮૩% ઉત્તરદાતાઓ નિરક્ષર છે, જ્યારે બાકીના માત્ર ૬.૧૮% ઉત્તરદાતાઓ ૧ થી ૪ ધોરણ સુધીનું શિક્ષણ મેળવી શક્યા છે, જેનું મુખ્ય કારણ એ છે કે ડફેર સમુદાયનું કોઈ નિશ્ચિત ગામ ન હોવાથી રોજગારી માટે રખડતું-ભટકતું જીવન જીવવું પડે છે. જે ગામમાં સીમ રખોપાનો ધંધો કરતા હોય તો પણ તેઓને ભૂતકાળની ખરાબ છાપને કારણે ગામથી દૂર સીમમાં ખુલ્લામાં કે ઘાસ-પાનના છાપરામાં રહેવું પડે છે. આવી અસુરક્ષિત તથા સ્થળાંતરિત સ્થિતિને કારણે ડફેર સમુદાય શિક્ષણથી હંમેશા વંચિત રહી જવા પામ્યો છે.

વતન અંગેની માહિતી પરથી જણાય છે કે કુલ ઉત્તરદાતા પૈકી તમામ ૧૦૦% ઉત્તરદાતાનું કોઈ મૂળ વતન કે ગામ નથી, કારણકે તેઓની ભૂતકાળની ખરાબ છાપને કારણે તેઓને કોઈ ગામમાં ગામ લોકોએ વસવા દીધા નથી. આથી તેઓ છેક અંગ્રેજ કાળથી સામાન્ય જનસમુદાયથી દૂર જંગલોમાં જ્યાં શિકાર મળી રહે તથા ઊંટ, ઘોડા માટે પાણી-ચારો મળી રહે તેવા એકાંતવાળાં સ્થળો પર રહેતા આવ્યા છે. છેલ્લાં ૩૦-૪૦ વર્ષથી લોકોને તેઓની સીમ રખેવાળ તરીકેની જરૂરતના કારણે અને જંગલો ઘટી જતાં થોડા અંશે સામાન્ય જનસમુદાયના સંપર્કમાં આવ્યા છે.

### ૬.૨ આર્થિક સ્થિતિનું વિશ્લેષણ :

**કોષ્ટક-૨**

**ઉત્તરદાતાનો વ્યવસાય, વાર્ષિક આવક અને વ્યવસાયમાં ઉપયોગી સાધનો / પશુઓ**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૨.૧ | વ્યવસાય | સીમ રખોપુ | ૭૦ | ૮૬.૪૧ |
| | | છૂટક મજૂરી | ૩૮ | ૪૬.૯૧ |
| | | લાકડુ (બળતણ) વેચવું | ૦૭ | ૦૮.૩૪ |
| | | કોલસો બનાવીને વેચવો | ૦૪ | ૦૪.૯૩ |
| | | માલ વહન (ઊંટલારી) | ૦૨ | ૦૨.૪૬ |
| | | સંતાનો પર નિર્ભર | ૦૩ | ૦૩.૭૦ |
| નોંધ : એકથી વધુ જવાબો | | કુલ | - | - |
| ૨.૨ | વાર્ષિક આવક | ૧૧ થી ૨૦ હજાર રૂપિયા | ૫૩ | ૬૫.૪૪ |
| | | ૨૧ થી ૩૦ હજાર રૂપિયા | ૨૧ | ૨૫.૯૩ |
| | | ૩૧ થી ૪૦ હજાર રૂપિયા | ૦૨ | ૦૨.૪૬ |
| | | ૪૧ થી ૫૦ હજાર રૂપિયા | ૦૧ | ૦૧.૨૩ |
| | | ૫૧ થી ૬૦ હજાર રૂપિયા | ૦૦ | ૦૦.૦૦ |
| | | ૬૧ હજારથી વધુ | ૦૧ | ૦૧.૨૩ |
| | | નિવૃત્ત જીવન | ૦૩ | ૦૩.૭૧ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |
| ૨.૩ | વ્યવસાયમાં ઉપયોગી સાધનો/પશુઓ | ઊંટ | ૦૪ | ૪.૯૩ |
| | | ઊંટગાડી | ૦૭ | ૮.૬૪ |
| | | ઘોડો | ૦૪ | ૪.૯૩ |
| | | એક પણ નહીં | ૬૮ | ૮૩.૯૫ |
| નોંધ : એકથી વધુ જવાબો | | કુલ | - | - |

ઉપરોક્ત કોષ્ટકમાં વ્યવસાય અંગેની માહિતી પરથી જણાય છે કે કુલ ઉત્તરદાતાઓ પૈકી મોટા ભાગના ૮૬.૪૧% ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય સીમ રખોપાનો છે. મોટા ભાગે ડફેર સમુદાય રખોપા-ચોકિયાત માટે પંકાયેલ છે. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને સુરેન્દ્રનગર અને ભાલ પંથકમાં ખેતીમાં જ્યાં માલધારીઓની રંજાડ વધુ હોય ત્યાં ગામલોકો ડફેર પરિવારોને સામેથી બોલાવી ગામની સીમનું રખોપું આપે છે. માલધારી ડફેરોથી દૂર ભાગે છે. બીજું ડફેરો જીવના જોખમે પણ સીમનું રક્ષણ કરે છે અને ચોરી પણ કરતા નથી.

આથી રખોપાના વ્યવસાયમાં રોકાયેલા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ છે. તેઓની વાર્ષિક આવકમાં મોટા ભાગના ૬૫.૪૪% ઉત્તરદાતાની વાર્ષિક આવક માત્ર ૧૧ થી ૨૦ હજાર છે, એટલે કે મોટા ભાગના લોકો ગરીબી રેખા હેઠળ આવે છે. વ્યવસાયમાં ઉપયોગી સાધનો કે પશુઓ અંગે જોતાં જણાય છે કે મોટા ભાગના ૮૩.૯૫% ઉત્તરદાતા પોતાના વ્યવસાયમાં ઉપયોગી સાધન કે પશુઓ ધરાવતા નથી. ડફેર સમુદાય મુખ્યત્વે સીમ રખોપું, છૂટક મજૂરી અને ઊંટગાડી દ્વારા માલવહન જેવા વ્યવસાયો કરે છે. જેમાં ખાસ કરીને ઊંટ, ઘોડો કે ઊંટગાડીની જરૂર પડે છે, પરંતુ નબળી આર્થિક સ્થિતિને કારણે મોટા ભાગના ઉત્તરદાતાઓ તે વસાવી શકતા નથી.

**કોષ્ટક - ૩**

**ઉત્તરદાતાના ઘરનો પ્રકાર, પ્રાથમિક સુવિધાઓ અને સુખ-સગવડનાં ભૌતિક સાધનો**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૩.૧ | ઘરનો પ્રકાર | ઘાસનું ઝૂંપડું | ૭૭ | ૯૫.૦૬ |
| | | કાચુ મકાન | ૦૦ | ૦૦ |
| | | પાકુ મકાન | ૦૪ | ૪.૯૪ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |
| ૩.૨ | ઘરની સુવિધાઓ | પાણી | ૦૨ | ૨.૪૬ |
| | | વિજળી | ૦૪ | ૪.૯૩ |
| | | જાજરૂ-બાથરૂમ | ૦૦ | ૦૦ |
| | | રસોડું | ૦૨ | ૨.૪૬ |
| | | કંઈ જ નહીં | ૭૬ | ૯૩.૮૨ |
| નોંધ : | એકથી વધુ જવાબો | કુલ | | |
| ૩.૩ | સુખ-સગવડનાં ભૌતિક સાધનો | મોબાઈલ | ૭૨ | ૮૮.૮૮ |
| | | ટેપ-રેડિયો | ૦૫ | ૬.૧૭ |
| | | ટી.વી. | ૦૧ | ૧.૨૩ |
| | | સાઈકલ | ૦૨ | ૨.૪૬ |
| | | મોટર સાઈકલ | ૦૬ | ૭.૪૦ |
| | | એક પણ નહીં | ૦૯ | ૧૧.૧૧ |
| નોંધ : એકથી વધુ જવાબો | | કુલ | - | - |

ઉપરોક્ત કોષ્ટકમાં ઘરના પ્રકાર અંગેની માહિતી પરથી જણાય છે કે કુલ ઉત્તરદાતાઓ પૈકી મોટા ભાગના ૯૫.૦૬% ઉત્તરદાતાઓ ઘાસ-પાનના ઝૂપડાંમાં રહે છે. ઘરની સુવિધાઓમાં મોટા ભાગના ૯૩.૮૨% ઉત્તરદાતાઓ પાણી, વિજળી, રસોડું કે જાજરૂ-બાથરૂમ જેવી પાયાની એક પણ સુવિધા ધરાવતા નથી. ઘરમાં સુખ-સગવડનાં ભૌતિક સાધનો અંગે જોઈએ તો મોટા ભાગે ડફેર સમુદાય અતિ ગરીબાઈને કારણે સુખ-સગવડનાં ભૌતિક સાધનો વસાવી શકતો નથી. પરંતુ નોંધનીય બાબત એ છે કે મોટા ભાગના ૮૮.૮૮% ઉત્તરદાતાઓ તેમની પાસે પોતાની ઓળખ-પુરાવા (ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ) ન હોવા છતાં મોબાઈલ ધરાવે છે. આ બાબતમાં ઉત્તરદાતા જે ગામમાં સામ રખોપુ કરતા હોય ત્યાં પરિચિત ગ્રામજનોને વિશ્વાસ આપીને તેના નામે મોબાઈલ તથા સીમ કાર્ડ ખરીદે છે. આજના આધુનિક સમયમાં ખાસ કરીને રખડતી- ભટકતી જાતિના લોકો વેર-વિખેર હાલતમાં હોય છે ત્યારે એકબીજાના સંપર્કમાં રહેવા માટે મોબાઈલ તેમના માટે આશીર્વાદરૂપ બની રહે છે. તેઓ દેવું કરીને પણ મોબાઈલ વસાવવાનો પ્રયત્ન કરે છે.

**કોષ્ટક - ૪**

**ઉત્તરદાતાને વ્યવસાય બાબતે અનુભવાતી મુશ્કેલીઓ અને આર્થિક રીતે પગભર થવા માટે સહાયની જરૂરિયાત**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૪.૧ | વ્યવસાય બાબતે અનુભવાતી મુશ્કેલીઓ | રોજગારી બારેમાસ ન મળે | ૭૫ | ૯૨.૫૯ |
| | | વ્યવસાયમાં ભાગીદાર વધુ | ૦૯ | ૧૧.૧૧ |
| | | મહેનતાણું ઓછુ-જોખમ વધુ | ૧૩ | ૧૬.૦૪ |
| | | પુરતાં સાધનોનો અભાવ | ૫૪ | ૬૬.૬૬ |
| | | સ્થાયી રહેઠાણનો અભાવ | ૧૯ | ૨૩.૪૫ |
| | | માલધારીઓની કનડગત | ૦૪ | ૪.૯૩ |
| | | કોઈ મુશ્કેલી નહીં | ૦૩ | ૩.૭૦ |
| નોંધ : એકથી વધુ જવાબો | | કુલ | – | – |
| ૪.૨ | આર્થિક રીતે પગભર થવા માટે સહાયની જરૂરિયાત | ચૂંટણી કાર્ડ | ૩૦ | ૩૭.૦૩ |
| | | રેશન કાર્ડ | ૭૨ | ૮૮.૮૮ |
| | | ઊંટગાડી માટે સહાય | ૩૩ | ૪૦.૭૪ |
| | | કોઈ એક ગામમાં સ્થાયી થવું | ૫૭ | ૭૦.૩૭ |
| | | કંઈ નહીં | ૦૫ | ૬.૧૭ |
| નોંધ : એકથી વધુ જવાબો | | કુલ | - | - |

ઉપરોક્ત કોષ્ટકમાં વ્યવસાય બાબતે અનુભવાતી મુશ્કેલીઓ અંગેની માહિતી પરથી જણાય છે કે કુલ ઉત્તરદાતાઓ પૈકી ૯૨.૫૯% ઉત્તરદાતાઓને કાયમી રોજગારી મળત નથી. તેઓની આર્થિક સ્થિતિ નબળી હોવા સાથે કાયમી રોજગારી ન મળતાં તેઓની આર્થિક સ્થિતિ વધુને વધુ કફોડી બનતી જાય છે. તેઓને આર્થિક રીતે પગભર થવા માટેની સહાયની જરૂરિયાતમાં મોટા ભાગના ઉત્તરદાતાઓ રેશનકાર્ડ, કોઈ એક ગામમાં કાયમી વસવાટ અને ચૂંટણીકાર્ડ મેળવવા અંગેની સહાય ઇચ્છે છે.

**૬.૩ સામાજિક - સાંસ્કૃતિક સ્થિતિનું વિશ્લેષણ :**

**કોષ્ટક - ૫**

**ઉત્તરદાતાની કુટુંબવ્યવસ્થાનો પ્રકાર અને લગ્નની ઉંમર**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૫.૧ | કુટુંબ વ્યવસ્થા નો પ્રકાર | વિભક્ત | ૮૧ | ૧૦૦ |
| | | સંયુક્ત | ૦૦ | ૦૦ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |
| ૫.૨ | લગ્નની ઉંમર પુત્ર | ૧૪ થી ૧૫ વર્ષ | ૦૧ | ૦૧.૨૩ |
| | | ૧૬ થી ૧૭ વર્ષ | ૦૩ | ૦૩.૭૦ |
| | | ૧૮ થી ૧૯ વર્ષ | ૪૨ | ૫૧.૮૬ |
| | | ૨૦ થી ૨૧ વર્ષ | ૩૫ | ૪૩.૨૧ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |
| | પુત્રી | ૧૪ થી ૧૫ વર્ષ | ૦૦ | ૦૦ |
| | | ૧૬ થી ૧૭ વર્ષ | ૫૭ | ૭૦.૩૮ |
| | | ૧૮ થી ૧૯ વર્ષ | ૨૧ | ૨૫.૯૨ |
| | | ૨૦ થી ૨૧ વર્ષ | ૦૩ | ૦૩.૭૦ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટકમાં કુટુંબ વ્યવસ્થાના પ્રકાર અંગેની માહિતી પરથી જણાય છે કે તમામ ૧૦૦% ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં રહે છે, કારણ કે લગ્ન થતાની સાથે જ્યાં સીમ રખોપુ કે અન્ય મજૂરી મળે ત્યાં પરિવાર છોડીને જવું પડે છે. આથી તેઓ સામાજિક વ્યવહારો કે સમૂહ જીવન મેળવી શકતા નથી. તેઓની લગ્નની ઉંમર અંગે જોઈએ તો મોટા ભાગે પુત્રની લગ્નવય ૧૮ થી ૨૧ વર્ષની જણાવે છે. જ્યારે દિકરીઓને મોટા ભાગે ૧૬ થી ૧૭ વર્ષે લગ્ન કરી દેવાતા હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ઉત્તરદાતાના સમુદાયમાં દહેજનું સ્વરૂપ અને જ્ઞાતિપંચ કે મુખીનું સ્થાન અંગેના પ્રશ્નના જવાબમાં મળેલ માહિતી મુજબ દહેજમાં માતા-પિતા તરફથી દીકરીને વસ્ત્રો, વાસણ અને જરૂરી ઘરવખરી આપવામાં આવે છે. મોટા ભાગના ઉત્તરદાતાઓ સમાજમાં જ્ઞાતિપંચ કે મુખીનું સ્થાન હાલ નિષ્ક્રિય હોવાનું જણાવે છે.

**૬.૪ સ્થળાંતરિત જીવન સંબંધિત સ્થિતિનું વિશ્લેષણ :**

ઉત્તરદાતાના સ્થળાંતર કરવાનાં કારણો અને હાલના રહેઠાણની માહિતી મુજબ મોટા ભાગના ઉત્તરદાતાઓ જે ગામમાં સીમ રખોપાનો વ્યવસાય કરતા હોય છે ત્યાંના લોકો ડફેર પરિવાર પોતાના ગામમાં કાયમી વસવાટ ન કરી દે તેથી એકાદ-બે વર્ષે ડફેર પરિવારને બદલી નાખે છે અને ગામલોકો તરફથી તેઓને ગામ છોડવાની ફરજ પાડવામાં આવે છે. આ સાથે તમામ ઉત્તરદાતાઓને ગામની ભાગોળે કે ધામથી દૂર સીમમાં વસવાટ કરવાની ગામલોકો તરફથી ફરજ પાડવામાં આવે છે. તેઓનો ગામમાં વસવાટ કરવા દેવામાં આવતો નથી.

આ ઉપરાંત ઉત્તરદાતાને સ્થળાંતર દરમિયાન પડતી મુશ્કેલીઓ અંગેના પ્રશ્નના ઉત્તરમાં મળેલ માહિતી મુજબ તમામ ઉત્તરદાતાઓને સ્થળાંતર દરમિયાન ક્યાં જવું - કોઈ ગામ કે વતન નહીં, બેરોજગારીની મોટી સમસ્યા.

આવાસની અગવડતા, ખોરાક, પાણી, વિજળી વગેરેનો અભાવ, અવિશ્વાસને કારણે ગામમાં રહેવા ન મળે, ખરાબ છાપ, અજાણપણાથી લોકો શંકાથી જૂએ, સમૂહજીવન, સા. સંબંધો, સંસ્કૃતિ તૂટતા જણાય, આરોગ્યની સારવાર સંબંધી મુશ્કેલી, બાળ ઉછેરની સમસ્યા અને શિક્ષણની અગવડતા જેવી મૂંઝવણો ઊભી થાય છે.

## ૬.૫ ગુન્હેગાર તરીકેની ભૂતકાળની છબી આધારિત હાલની સમસ્યાઓનું વિશ્લેષણ :

**કોષ્ટક - ૬**

**ભૂતકાળમાં ડફેર જ્ઞાતિને ગુન્હેગાર ગણવાનાં કારણો અને તેના કારણે હાલમાં પોલીસ ખાતાની કનડગત**

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૯.૧ | ભૂતકાળમાં ગુન્હેગાર ગણવાનાં કારણો | ચોરી, લૂંટફાટ કરવી | ૮૧ | ૧૦૦ |
| | | શિકાર કરવો | ૮૦ | ૯૮.૭૬ |
| | | હથિયારો રાખવા | ૬૯ | ૮૫.૧૮ |
| | | ઝઘડાવૃત્તિવાળો સ્વભાવ | ૧૫ | ૧૮.૫૧ |
| | | જંગલોમાં રહેવું | ૦૭ | ૦૮.૬૪ |
| | નોંધ : એકથી વધુ જવાબો | કુલ | - | - |
| ૯.૨ | પોલીસ ખાતાની કનડગત અને અત્યાતાર | માર મારવામાં આવ્યો | ૧૪ | ૧૭.૨૮ |
| | | ઝૂપડાં સળગાવી દીધાં | ૦૩ | ૦૩.૭૦ |
| | | અનાજ સળગાવી દીધું | ૦૧ | ૦૧.૨૩ |
| | | ગંદી ભાષા સાથે ધાક-ધમકી | ૫૦ | ૬૧.૭૨ |
| | | ચોર ગણીને ખરાબ વ્યવહાર | ૧૯ | ૨૩.૪૫ |
| | | કંઈ નહીં | ૨૯ | ૩૫.૮૦ |
| | નોંધ : એકથી વધુ જવાબો | કુલ | – | – |

ઉપરોક્ત કોષ્ટકમાં ભૂતકાળમાં ગુન્હેગાર ગણવાનાં કારણો અંગેની માહિતી પરથી જણાય છે કે કુલ ઉત્તરદાતાઓ પૈકી તમામ ૧૦૦% ઉત્તરદાતાઓના મતે ભૂતકાળમાં ચોરી-લૂંટફાટ કરવાથી, ૯૮.૭૬% ઉત્તરદાતાના મતે શિકાર કરવાથી અને ૮૫.૧૮% ઉત્તરદાતાના મતે હથિયારો રાખવા જેવી પ્રવૃત્તિને કારણે ડફેર સમુદાયને ભૂતકાળમાં ગુન્હેગાર ગણવામાં આવતો હતો. તેઓ પર ભૂતકાળની ખરાબ છાપને કારણે હાલમાં પોલીસની કનડગત અને અત્યાચાર અંગે જોઈએ તો ૬૧.૭૨% ઉત્તરદાતાને પોલીસ તરફથી ગંદી ભાષા સાથે ધાક-ધમકી મળેલ છે. આ ઉપરાંત કેટલાક ઉત્તરદાતાને માર મારવો. ઝૂંપડા સળગાવી દેવાં, અનાજ સળગાવી દેવું વગેરે જેવો વ્યવહાર ચોર ગણીને કરવામાં આવે છે.

આ સાથે ઉત્તરદાતા કેટલી વાર જેલમાં ગયા છે અને તેનાં કારણો અંગેના પ્રશ્નમાં મળેલ માહિતી મુજબ ૧૧.૧૧% ઉત્તરદાતા ૧ થી ૨ વાર જેલમાં ગયા છે. ૩.૭૧% ઉત્તરદાતા ૩ થી ૪ વાર અને ૨.૪૬% ઉત્તરદાતા ૫ થી વધારે વાર ચોરીના ખોટા આરોપસર, હથિયાર રાખવા અંગેની ખોટી બાતમીથી અને સીમ ચૉકીમાં માલધારી સાથે ઝગડો થવા જેવાં કારણોસર તેઓ જેલમાં ગયા છે. ઉત્તરદાતાને ડફેર શબ્દ કેવો લાગે છે અને તેઓના મતે તેમના સમુદાયને ડફેરને બદલે બીજું શું નામ આપવું જોઈએ ? તે અંગેના પ્રશ્નમાં મોટા ભાગના ૭૦.૩૮% ઉત્તરદાતાને ડફેર શબ્દ ખરાબ લાગે છે, જ્યારે ૧૬.૦૪% ઉત્તરદાતાને ડફેર શબ્દ ઝેર જેવો લાગતો હોવાનું જણાવે છે. આ બાબતે તેઓ તમામ ઉત્તરદાતાના મતે તેમના સમુદાયને ડફેરને બદલે સંધી શબ્દથી ઓળખવો જોઈએ. કારણ કે ડફેર શબ્દ ભૂતકાળની ખરાબ છાપને કારણે તિરસ્કૃત છે.

## ૬.૬ ઉત્તરદાતા પ્રત્યેના સરકાર અને સમાજના વલણોનું વિશ્લેષણ

કોષ્ટક - ૭

ઉત્તરદાતા પ્રત્યે ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળા અને સરકારી વહીવટકર્તાઓનું વલણ

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૭.૧ | ગ્રામ પંચાયતનું વલણ | સારું વલણ | ૩૫ | ૪૩.૨૦ |
| | | સામાન્ય મદદરૂપ થાય. | ૦૨ | ૦૨.૪૬ |
| | | ગામમાં કાયમી થવા ન દે | ૩૪ | ૪૧.૯૭ |
| | | રજૂઆતો સાંભળવા ખાતર સાંભળે | ૩૩ | ૪૦.૭૪ |
| | નોંધ : એકથી વધુ જવાબો | કુલ | - | - |
| ૭.૨ | પ્રાથમિક શાળાનું વલણ | સારું વલણ | ૪૫ | ૫૫.૧૫ |
| | | સંકોચ અને ભેદભાવના કારણે જતા નથી | ૩૬ | ૪૪.૪૪ |
| | | કુલ | ૮૧ | ૧૦૦ |
| ૭.૩ | સરકારી વહીવટકર્તાઓનું વલણ | પૂર્વગ્રહભર્યું વલણ | ૫૯ | ૭૨.૮૩ |
| | | તિરસ્કારભર્યું વલણ | ૫૭ | ૭૦.૩૭ |
| | | વહીવટી કાર્યો કરી ન આપે | ૫૨ | ૬૪.૧૯ |
| | નોંધ : એકથી વધુ જવાબો | રજૂઆતો સાંભળવા ખાતર સાંભળે | ૨૩ | ૨૮.૩૯ |
| | | કુલ | - | - |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતા પ્રત્યે ગ્રામ પંચાયતના વલણ અંગેની માહિતી પરથી જણાય છે કે કુલ ઉત્તરદાતાઓ પૈકી ૪૩.૨૦% ઉત્તરદાતાના મતે સારું વલણ છે, પરંતુ ૪૧.૯૭% ઉત્તરદાતાના મતે ગ્રામ પંચાયત તેઓને ગામમાં કાયમી થવા દેતી નથી. પ્રાથમિક શાળાના વલણમાં જોઈએ તો ૫૫.૫૫%ના મતે સારું વલણ અને ૪૪.૪૪%ના મતે સંકોચ અને ભેદભાવના કારણે તેઓનાં બાળકો શાળાએ જતા નથી. સરકારી વહીવટકર્તાઓનું વલણ જોઈએ તો મોટા ભાગના ૭૨.૮૩%ના મતે પૂર્વગ્રહભર્યું વલણ રાખવું. ૭૦.૩૭%ના મતે તિરસ્કારભર્યું વલણ અને ૬૪.૧૯%ના મતે વહીવટી કાર્યો કરી ન આપે જેવું ચિંતાજનક વલણ રાખવામાં આવે છે.

આ ઉપરાંત ઉત્તરદાતા પ્રત્યે તેઓ જે ગામનું સીમરખોપું કરે છે તે ગામના લોકો અને અન્ય સમાજના લોકોના વલણ અંગેના પ્રશ્નમાં મળેલ માહિતી મુજબ મોટા ભાગના ૬૧.૭૩% ઉત્તરદાતાના મતે તેમના પ્રત્યે ગામલોકોનું વલણ સારું છે. જ્યારે અન્ય સમાજના તમામ લોકો ડફેર સમુદાયને ચોર-ડાકુ સમજે છે. શંકા-કુશંકા વ્યક્ત કરે છે અને તિરસ્કાર કરે છે.

## ૬.૭ સમસ્યાઓના સમાધાન સંબંધિત પ્રયાસોનું વિશ્લેષણ :

કોષ્ટક - ૮

ડફેર સમુદાયને મદદરૂપ થતી સ્વૈ. સંસ્થાઓ, સરકારના પ્રયાસો અને તેની અપેક્ષાઓ

| ક્રમ | મુખ્ય વિગત | પેટા વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૮.૧ | સમુદાયને મદદરૂપ થતી સ્વૈ. | વિચરતા સમુદાય સમર્થન મંચ, અમદાવાદ | ૮૧ | ૧૦૦ |
| | સંસ્થાઓ | ઘરશાળા, વઢવાણ | ૮૧ | ૧૦૦ |
| | નોંધ : એકથી વધુ જવાબો | કુલ | – | – |
| ૮.૨ | સમુદાયને મદદરૂપ થવા | ચૂંટણી કાર્ડ આપેલ છે. | ૩૯ | ૪૮.૧૪ |
| | સરકારના પ્રયાસો | રેશન કાર્ડ આપેલ છે. | ૨૮ | ૩૪.૫૬ |
| | | ગામમાં ઘરથાળનો પ્લોટ આપેલ છે. | ૦૫ | ૦૬.૧૭ |
| | | આવાસ બનાવી આપેલ છે. | ૦૨ | ૦૨.૪૬ |
| | | કંઈ નહીં. | ૪૦ | ૪૯.૩૮ |
| | નોંધ : એકથી વધુ જવાબો | કુલ | | |
| ૮.૩ | સમુદાયના પુનઃસ્થાપન માટે | ચૂંટણી કાર્ડ આપવું | ૭૭ | ૯૫.૦૬ |
| | સરકાર અને સમાજ પાસે | રેશનકાર્ડ આપવું | ૭૯ | ૯૭.૫૩ |
| | ઉત્તરદાતાની અપેક્ષાઓ | ઘરથાળનો પ્લોટ આપવો | ૦૮ | ૦૯.૮૭ |
| | | આવાસ સહાય | ૬૨ | ૭૬.૫૪ |
| | | વ્યવસાય સહાય | ૧૧ | ૧૩.૫૮ |
| | નોંધ : એકથી વધુ જવાબો | કુલ | - | - |

ઉપરોક્ત કોષ્ટકમાં સમૂદાયને મદદરૂપ થતી સ્વૈ. સંસ્થાઓ અંગેની માહિતી પરથી જણાય છે કે તમામ ઉત્તરદાતાઓના મતે મિત્તલબેન પટેલ (વિચરતા સમુદાય સમર્થન મંચ, અમદાવાદ) અને ટીનીબેન (ઘરશાળા, વઢવાણ) તેઓને ચૂંટણી કાર્ડ તેમજ રેશન કાર્ડ કઢાવા આપવાં, સમાજનું સંગઠન બનાવવું તથા બાળકોને શિક્ષણની સહાય કરે છે. સમૂદાયને મદદરૂપ થવા સરકારના પ્રયાસોમાં જોઈએ ૪૮.૧૪% ઉત્તરદાતાના મતે ચૂંટણી કાર્ડ આપવા, ૩૪.૫૬% ઉત્તરદાતાના મતે કાર્ડ આપેલ છે. જ્યારે ૪૯.૩૮% ઉત્તરદાતાના મતે સરકારની કોઈ મદદ મળતી નથી. સરકાર દ્વારા જે પ્રયાસો થયા છે તેમાં સ્વૈ. સંસ્થાઓની દરમિયાનગીરીનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. આ ઉપરાંત સમુદાયના પુનઃસ્થાપન માટે સરકાર અને સમાજ પાસે ઉત્તરદાતાની અપેક્ષાઓ જોઈએ. મોટા ભાગના ૯૫.૦૬% ઉત્તરદાતાના મતે તેઓને ચૂંટણી કાર્ડ આપવું જોઈએ. ૯૭.૫૩% ઉત્તરદાતાના મતે તેઓને રેશનકાર્ડ આપવું જોઈએ. ૭૬.૫૪% ઉત્તરદાતાના મતે તેઓને આવાસ સહાય આપવી જોઈએ.

આમ, ઉપર્યુક્ત રીતે વિવિધ હેતુઓ અંતર્ગત પ્રાપ્ત થયેલ માહિતીનું કોષ્ટકો દ્વારા વિશ્લેષણ જોયા બાદ હવે તે પરથી તારણો જોઈશું.

## ૭. તારણો :

### ૭.૧ પ્રાથમિક માહિતી :

(૧) પ્રસ્તુત અભ્યાસમાં કુલ ઉત્તરદાતાઓ પૈકી ૯૫.૦૬% પુરુષો છે, જ્યારે ૪.૯૪% ઉત્તરદાતા સ્ત્રીઓ છે. આ પરથી બીજા બધા સમુદાયોની જેમ ડફેર જાતિમાં પણ પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા જોવા મળે છે. ધર્મ તમામ ૧૦૦% ઉત્તરદાતાઓ મુસ્લિમ ધર્મ પાળે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વસતા ડફેરો મુસ્લિમ ધર્મ પાળે છે. જ્યારે કચ્છમાં કેટલાક ડફેરો હિન્દુ ધર્મ પાળે છે.

(૨) ઉંમર અંગે ૫૪.૩૨% ઉત્તરદાતા ૨૧ થી ૩૫ વર્ષની વય ધરાવે છે. ૩૩.૩૩% ઉત્તરદાતા ૩૫ થી ૫૦ વર્ષથી વય ધરાવે છે. એટલે કે મોટા ભાગના ઉત્તરદાતાઓ ૨૧ થી ૫૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે. મુખ્યત્વે કુપોષણ અને તદ્દન પ્રાથમિક સુવિધાઓથી વંચિત રઝળપાટભર્યા જીવનને કારણે તેઓનું સરેરાશ આયુષ્ય ખૂબ ઓછું જણાય છે.

(૩) શિક્ષણમાં મોટા ભાગના ૯૩.૮૩% ઉત્તરદાતાઓ નિરક્ષર છે. જ્યારે બાકીના માત્ર ૬.૧૮% ઉત્તરદાતાઓ ૧ થી ૪ ધોરણ સુધીનું શિક્ષણ મેળવી શક્યા છે, તો અસુરક્ષિત તથા સ્થળાંતરિત સ્થિતિને કારણે શિક્ષણથી હંમેશા વંચિત રહી જવા પામ્યા છે.

(૪) વતન અંગે કુલ ઉત્તરદાતા પૈકી તમામ ૧૦૦% ઉત્તરદાતાનું કોઈ મૂળ વતન કે ગામ નથી, કારણ કે તેઓની ભૂતકાળની ખરાબ છાપને કારણે તેઓને કોઈ ગામમાં ગામ લોકોએ વસવા દીધા નથી.

### ૭.૨ આર્થિક સ્થિતિ :

(૫) વ્યવસાયમાં મોટા ભાગના ૮૬.૪૧% ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય સીમ રખોપાનો છે. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને સુરેન્દ્રનગર અને બાલ પંથકમાં ખેતીમાં જ્યાં માલધરીઓની રંજાડ વધુ હોય ત્યાં ગામલોકો ડફેર પરિવારોને સામેથી બોલાવી ગામની સીમનું રખોપું આપે છે. માલધારી ડફેરોથી દૂર ભાગે છે. બીજું ડફેરો જીવના જોખમે પણ સીમનું રક્ષણ કરે છે અને ચોરી પણ કરતા નથી. આથી રખોપાના વ્યવસાયમાં રોકાયેલા ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ છે.

(૬) વાર્ષિક આવકમાં મોટા ભાગના ૬૫.૪૪% ઉત્તરદાતાની વાર્ષિક આવક માત્ર ૧૧ થી ૨૦ હજાર છે. એટલે કે મોટા ભાગના લોકો ગરીબી રેખા હેઠળ આવે છે.

(૭) વ્યવસાયમાં ઉપયોગી સાધનો કે પશુઓ અંગે મોટા ભાગના ૮૩.૯૫% ઉત્તરદાતા પોતાના વ્યવસાયમાં ઉપયોગી સાધન કે પશુઓ ધરાવતા નથી. ડફેર સમુદાય મુખ્યત્વે સીમ રખોપું. છૂટક મજૂરી અને ઊંટગાડી દ્વારા માલવહન જેવા વ્યવસાયો કરે છે, જેમાં ખાસ કરીને ઊંટ, ઘોડો કે ઊંટગાડીની જરૂર પડે છે, પરંતુ નબળી આર્થિક સ્થિતિને કારણે મોટા ભાગના ઉત્તરદાતાઓ તે વસાવી શકતા નથી.

(૮) ઘરના પ્રકારમાં મોટા ભાગના ૯૫.૦૬% ઉત્તરદાતાઓ ઘાસ-પાનના ઝૂંપડાંમાં રહે છે. ઘરની સુવિધાઓમાં મોટા ભાગના ૯૩.૮૨% ઉત્તરદાતાઓ પાણી. વિજળી, રસોડું કે જાજરૂ-બાથરૂમ જેવી પાયાની એક પણ સુવિધા ધરાવતા નથી.

(૯) ઘરમાં સુખ-સગવડનાં ભૌતિક સાધનોમાં મોટા ભાગે ડફેર સમુદાય અતિ ગરીબાઈને કારણે સુખ-સગવડના ભૌતિક સાધનો વસાવી શકતો નથી. પરંતુ મોટા ભાગના ૮૮.૮૮% ઉત્તરદાતાઓ તેમની પાસે પોતાની ઓળખ-પુરાવા (ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ) ન હોવાથી પરિચિત ગ્રામજનોને નામે મોબાઈલ તથા સીમ કાર્ડ મોબાઈલ ધરાવે છે. રખડતી ભટકતી જાતિના લોકો સામાજિક રીતે વેર-વિખેર હાલતમાં હોય છે ત્યારે એકબીજાના સંપર્કમાં રહેવા માટે મોબાઈલ તેમના માટે આશીર્વાદરૂપ બની રહે છે. તેઓ દેવું કરીને પણ મોબાઈલ વસાવવાનો પ્રયત્ન કરે છે.

(૧૦)વ્યવસાય બાબતે અનુભવાતી મુશ્કેલીઓમાં મોટા ભાગના ૯૨.૫૯% ઉત્તરદાતાઓને કાયમી રોજગારી

મળતી નથી. તેઓની આર્થિક સ્થિતિ નબળી હોવા સાથે કાયમી રોજગારી ન મળતાં તેઓની આર્થિક સ્થિતિ વધુને વધુ કફોડી બનતી જાય છે. તેઓને આર્થિક રીતે પગભર થવા માટેની સહાયની જરૂરિયાતમાં મોટા ભાગના ઉત્તરદાતાઓ રેશનકાર્ડ, કોઈ એક ગામમાં કાયમી વસવાટ અને ચૂંટણીકાર્ડ મેળવવા અંગેની સહાય ઇચ્છે છે.

**૭.૩ સામાજિક - સાંસ્કૃતિ સ્થિતિ :**

(૧૧)કુટુંબ વ્યવસ્થાના પ્રકારમાં તમામ ૧૦૦% ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં રહે છે, કારણ કે લગ્ન થતાની સાથે જ્યાં સીમ રખોપુ કે અન્ય મજૂરી મળે ત્યાં પરિવાર છોડીને જવું પડે છે. આથી તેઓ સામાજિક વ્યવહારો કે સમૂહ જીવન મેળવી શકતા નથી.

(૧૨)લગ્નની ઉંમરમાં મોટા ભાગે પુત્રની લગ્નવય ૧૮ થી ૨૧ વર્ષની જણાવે છે. જ્યારે દિકરીઓને મોટા ભાગે ૧૬ થી ૧૭ વર્ષે લગ્ન કરી દેવાતા હોવાનું જાણવા મળે છે.

(૧૩) ઉત્તરદાતાના સમુદાયમાં દહેજનું સ્વરૂપ અને જ્ઞાતિપંચ કે મુખીનું સ્થાન અંગેના પ્રશ્નના જવાબમાં મળેલ માહિતી મુજબ દહેજમાં માતા પિતા તરફથી દિકરીને વસ્ત્રો, વાસણ અને જરૂરી ઘરવખરી આપવામાં આવે છે. મોટા ભાગના ઉત્તરદાતાઓ સમાજમાં જ્ઞાતિપંચ કે મુખીનું સ્થાન હાલ નિષ્ક્રિય હોવાનું જણાવે છે.

**૭.૪ સ્થળાંતરિત જીવન સંબંધિત સ્થિતિ :**

(૧૪)સ્થળાંતર કરવાનાં કારણોમાં મોટા ભાગના ઉત્તરદાતાઓ જે ગામમાં સીમ રખોપાનો વ્યવસાય કરતા હોય છે ત્યાંના લોકો ડફેર પરિવાર પોતાના ગામમાં કાયમી વસવાટ ન કરી દે તેથી એકાદ બે વર્ષે ડફેર પરિવારને બદલી નાખે છે અને ગામલોકો તરફથી તેઓને ગામ છોડવાની ફરજ પાડવામાં આવે છે.

(૧૫)હાલના રહેઠાણમાં તમામ ઉત્તરદાતાઓને ગામની ભાગોળે કે ગામથી દૂર સીમમાં વસવાટ કરવાની ગામલોકો તરફથી ફરજ પાડવામાં આવે છે. તેઓને ગામમાં વસવાટ કરવા દેવામાં આવતો નથી.

(૧૬)સ્થળાંતર દરમિયાન પડતી મુશ્કેલીઓમાં તમામ ઉત્તરદાતાઓને સ્થળાંતર દરમિયાન ક્યાં જવું - કોઈ ગામ કે વતન નહીં. બેરોજગારીની મોટી સમસ્યા, આવાસની અગવડતાના, ખોરાક, પાણી, વિજળી વગેરેનો અભાવ, અવિશ્વાસને કારણે ગામમાં રહેવા ન મળે. ખરાબ છાપ, અજાણપણાથી લોકો શંકાથી જૂએ, સમૂહજીવન, સા. સંબંધો, સંસ્કૃતિ તૂટતા જણાય, આરોગ્યની સારવાર સંબંધી મુશ્કેલી, બાળ ઉછેરની સમસ્યા અને શિક્ષણની અગવડતા જેવી મૂંઝવણો ઊભી થાય છે.

**૭.૫ ગુન્હેગાર તરીકેની ભૂતકાળની છબી આધારિત સમસ્યાઓ :**

(૧૭)ભૂતકાળમાં ગુન્હેગાર ગણવાના કારણોમાં તમામ ૧૦૦% ઉત્તરદાતાઓના મતે ભૂતકાળમાં ચોરી-લૂંટફાટ કરવાથી, ૯૮.૭૬% ઉત્તરદાતાના મતે શિકાર કરવાથી અને ૮૫.૧૮% ઉત્તરદાતાના મતે હથિયારો રાખવા જેવી પ્રવૃત્તિને કારણે ડફેર સમુદાયને ભૂતકાળમાં ગુન્હેગાર ગણવામાં આવતો હતો.

(૧૮)પોલીસની કનડગત અને અત્યાચારોમાં ૬૧.૭૨% ઉત્તરદાતાને પોલીસ તરફથી ગંદી ભાષા સાથે ધાક-ધમકી મળેલ છે. આ ઉપરાંત કેટલાક ઉત્તરદાતાને માર મારવો. ઝૂપડા સળગાવી દેવાં. અનાજ સળગાવી દેવું વગેરે જેવો અમાનવિય વ્યવહાર ચોર ગણીને કરવામાં આવેલ છે.

(૧૯)મોટા ભાગના ૭૦.૩૮% ઉત્તરદાતાને ડફેર શબ્દ શરાબ લાગે છે. જ્યારે ૧૬.૦૪% ઉત્તરદાતાનો ડફેર શબ્દ ઝેર જેવો લાગતો હોવાનું જણાવે છે. આથી તમામ ઉત્તરદાતાના મતે તેમના સમુદાયને ડફેરને બદલે સંધી શબ્દથી ઓળખવો જોઈએ.

**૭.૬ ઉત્તરદાતા પ્રત્યેનાં સરકાર અને સમાજનાં વલણો :**

(૨૦)ઉત્તરદાતા પ્રત્યે ગ્રામ પંચાયતના વલણમાં ૪૩.૨૦% ઉત્તરદાતાના મતે સારું વલણ છે. પરંતુ ૪૧.૯૭% ઉત્તરદાતાના મતે ગ્રામ પંચાયત તેઓને ગામમાં કાયમી થવા દેતી નથી.

(૨૧)પ્રાથમિક શાળાના વલણમાં ૫૫.૫૫%ના મતે સારું વલણ અને ૪૪.૪૪%ના મતે સંકોચ અને ભેદભાવના કારણે તેઓનાં બાળકો શાળાએ જતાં નથી.

(૨૨)સરકારી વહીવટકર્તાઓના વલણમાં મોટા ભાગના ૭૨.૮૩%ના મતે પૂર્વગ્રહભર્યું વલણ રાખવું, ૭૦.૩૭%ના મતે તિરસ્કારભર્યું વલણ અને ૬૪.૧૯%ના મતે વહીવટી કાર્યો કરી ન આપે જેવું ચિંતાજનક વલણ રાખવામાં આવે છે.

(૨૩)મોટા ભાગના ૬૧.૭૩% ઉત્તરદાતાના મતે તેમના પ્રત્યે ગામલોકોનું વલણ સારું છે, જ્યારે અન્ય સમાજના તમામ લોકો ડફેર સમુદાયને ચોર-ડાકુ સમજે છે, શંકા-કુશંકા વ્યક્ત કરે છે અને તિરસ્કાર કરે છે.

**૭.૭. સમસ્યાઓના સમાધાન સંબંધિત પ્રયાસોનું વિશ્લેષણ :**

(૨૪)ડફેર સમુદાયને મદદરૂપ થતી સ્વૈ. સંસ્થાઓમાં તમામ ઉત્તરદાતાઓના મતે મિત્તલબેન પટેલ (વિચરતા સમુદાય સમર્થન મંચ, અમદાવા) અને ટીનીબેન (ઘરશાળા, વઢવાણ) તેઓને મદદરૂપ થાય છે.

(૨૫)સમુદાયને મદદરૂપ થવા સરકારના પ્રયાસોમાં ૪૮.૧૪% ઉત્તરદાતાના મતે ચૂંટણી કાર્ડ આપવામાં, ૩૪.૫૬%ના મતે રેશન કાર્ડ આપેલ છે. જ્યારે ૪૯.૩૮% ઉત્તરદાતાના મતે સરકારની કોઈ મદદ મળતી નથી. સરકાર દ્વારા જે પ્રયાસો થયા છે તેમાં સ્વૈ. સંસ્થાઓની દરમિયાનગીરીનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

(૨૬)સમુદાયના પુનઃસ્થાપન માટે મોટા ભાગના ઉત્તરદાતાના મતે સરકાર અને સમાજ પાસે ઉત્તરદાતાની અપેક્ષાઓમાં તેઓને ચૂંટણી કાર્ડ, રેશન કાર્ડ અને આવાસ સહાય આપવી જોઈએ.

**વાઙ્મય સૂચિ :**


૧. આચાર્ય અરવિંદ (૨૦૦૬) સરનામાં વગરના માનવી, અમદાવાદ : જનપથ.

૨. જોષી અરૂણા (૨૦૦૮) વિચરતી-વિમુક્ત જનજાતિની સમસ્યાઓ, નિરીક્ષક, ૧૬ નવેમ્બર, અંક નં. ૫૧૨, પાન નં. ૧૨ થી ૧૪.

૩. દવે જે.કે. શાહ એ.જી. (૨૦૦૪) ભારતમાં સમાજ : માળખું અને પરિવર્તન, અમદાવાદ : અનડા બુક ડીપો.

૪. પટેલ મણિલાલ એમ.(૨૦૦૯) વિચરતા સમુદાયોનું વિચારીએ, દિવ્ય ભાસ્કર, ૧૬ જાન્યુઆરી.

૫. પટેલ મિત્તલ (૨૦૦૬) ગુજરાતના વિચરતા-વિમુક્ત સમુદાયો, અમદાવાદ : વિમુક્ત પ્રકાશન.

૬. પટેલ મિત્તલ (૨૦૧૦) ગુજરાતના વિચરતા અને વિમુક્ત સમુદાયો, અમદાવાદ : વિમુક્ત પ્રકાશન.

૭. પટેલ મિત્તલ (૨૦૧૪) કાચાં ઘર પાકા જીવન, અમદાવાદ : વિમુક્ત પ્રકાશન.

૮. મલકાણ જે. એમ. (૧૯૫૭) સૌરાષ્ટ્રની પછાત કોમો-૧, રાજકોટ : સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ.


• • •

''જ્ઞાનને ગર્વ હોય છે કે કેટલું બધું જાણું છું. ડહાપણ વિનમ્ર હોય છે કે હજી કેટલું બધું જાણવાનું બાકી છે.''
**- વિલિયમ કાઉપર**

• • •

જ્ઞાન આપી શકાય, ડહાપણ આપી શકાય નહીં, જ્ઞાન શીખવી શકાય હડાપણ શીખવી શકાય નહીં.
**- હરમન હસ**

• • •

શરીરમાં જે શ્વાસનું સ્થાન છે તે સ્થાન સમાજમાં વિશ્વાસનું છે. શ્વાસ ઊડી ગયો તો શરીર ગયું, વિશ્વાસ ગયો તો સમાજ ખતમ.
**- વિનોબાજી**

• • •

જ્યારે સત્ય કહેવાનો વખત આવે, સત્ય કહેવું ઉચિત જણાય ત્યારે કડવું કે કઠોર લાગે છતાં સત્ય કહેવું જ જોઈએ.
**- ગાંધીજી**

• • •

સફળતાની કોઈપણ ચાવી તમે પોતે એ કાર્ય ન કરો ત્યાં સુધી હાથમાં આવતી નથી.
**- લોકમાન્ય તિલક**

• • •

ફક્ત એ જ આળસુ નથી જે કંઈ નથી કરતો. આળસુ તો એ પણ છે જે વધુ સારું કામ કરી શકે છે. પણ કરતો નથી.
**- સોક્રેટીસ**

• • •

માણસ ચંદ્ર સુધી પહોંચ્યો પણ પૃથ્વી પરના મનુષ્યનાં હૃદય સુધી પહોંચવાનું હજી બાકી છે.
**- ઉમાશંકર જોષી**

• • •

''જે આપણી પ્રશંસા કર્યા કરે તેને આપણો હિતેચ્છુ ન સમજતા, પરંતુ જે આપણી ભૂલોની ટીકા કરે તેને જ ખરો હિતેચ્છુ માનજો.''
**- સોક્રેટીસ**

## અપીલ

હવે સમાજશાસ્ત્રના અધ્યાપકોને સમાજકારણના સભ્ય બનવું સહેલાઈથી પોષાય તેમ છે. આપણે ઈચ્છીએ કે દરેક સમાજશાસ્ત્રી આજીવન સભ્ય તરીકે આ અંક મેળવે. આ અંગેની પૂછપરછ ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ સાથે કરવી.

અંક ન મળવાની ફરિયાદ પહોંચે છે. જેથી જેમને અંક ન મળે તેઓએ અમારા ધ્યાન પર લાવવું. જેથી શક્ય હોય તે વૈકલ્પિક વ્યવસ્થા કરી શકાય.

## મૂલ્ય આધારિત શિક્ષણ એ ૨૧મી સદીની તાતી જરૂરિયાત

ભારતમાં વસતા પ્રત્યેક નાગરિકે નિસબત ધરાવતા નાગરિક બનવું જ રહ્યું. તો જ ભારત વિશ્વમાં પ્રથમ હરોળનું રાષ્ટ્ર બની શકશે. આવો નિસબત ધરાવતો નાગરિક શિક્ષણના માધ્યમ દ્વારા જ બની શકે. સમાજ સામે તોળાઈ રહેલી મૂલ્યોની, ચારિત્ર્યની, સંસ્કૃતિની કટોકટીનો ઉપાય શિક્ષણ પાસે જ છે. પરિવર્તન ઇચ્છતા સૌ કોઈ શિક્ષણક્ષેત્ર પાસે જ અપેક્ષા રાખે છે બાળકો જો આવતીકાલનું જગત હોય તો તેમના શિક્ષણમાં મૂળભૂત પરિવર્તન અનિવાર્ય છે. આવા પરિવર્તનનો સાચો અભિગમ એ છે કે સમાજ પરિવર્તન અને વ્યક્તિ પરિવર્તન સાથે ચાલે.

વિશ્વના ઉન્નત દેશો શિક્ષણને રાષ્ટ્રની શક્તિ અને વિકાસના માધ્યમરૂપે જોવા લાગ્યા છે. લોકતંત્રનો સૌથી મોટો પડકાર એ છે કે સમાજજીવનને સરકારના પ્રભુત્વથી બચાવવું. આપણી રાજનીતિ, અર્થનીતિ, સમાજનીતિ, માનવધર્મ, બાળશિક્ષણ, પ્રૌઢશિક્ષણ સહિતનું સમગ્રતાનું શિક્ષણ એ જીવનનીતિ બનવી જોઈએ. આજની ચિંતાજનક પરિસ્થિતિ જોતાં ૨૧મી સદીના પડકારોને ઝીલવા સંબંધકર્તા સૌએ સંગઠિત થઈ એક ઘોષણાપત્ર તૈયાર કરવું જ રહ્યું.

**– વિમલા ઠકાર**

## લેખક-પરિચય


| | |
|---|---|
| ૧. પ્રો. ઘનશ્યામ શાહ | : નિવૃત્ત પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર, જે.એન.યુ. નવી દિલ્હી. (હાલ અમદાવાદ) |
| ૨. ડૉ. એડવીન મસીહી | : નિવૃત્તિ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, ગુજરાત યુનિ. તેમજ નિયામક, ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, આંબાવાડી, અમદાવાદ-૧૫. |
| ૩. ડૉ. લક્ષ્મણ યુ. વાઢેર | : અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર. |
| ૪. ડૉ. દામિની શાહ | : આસિ. પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| ૫. ભલુભાઈ શેખ | : પીએચ.ડી. વિદ્યાર્થી, સંશોધન મદદનીશ, સમાજકાર્ય વિભાગ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## સંપાદકીય

સામાજિક સેવા મંડળનું મુખપત્ર એવું 'સમાજકારણ' સામાજિક પરિવર્તન અને પ્રશ્નો પરત્વે વૈજ્ઞાનિક અભિગમ કેળવવા પ્રયત્નશીલ છે. તેમાં મહદ્અંશે સંશોધન લેખોનો આગ્રહ રાખવામાં આવે છે. ૨૦૧૭નાં વર્ષનો આ પ્રથમ અંક સમયસર પ્રકાશિત થઈ રહ્યો છે. તેનો આનંદ અને સંતોષ છે.

સૌપ્રથમ જે લેખકોએ પોતાના લેખ મોકલી આપ્યા છે તેમને અભિનંદન. વધુમાં એ ઉલ્લેખ કરવો રહ્યો કે ગુજરાતમાં સમાજશાસ્ત્રમાં અધ્યયન-સંશોધનનો વિગતવાર ઈતિહાસ તૈયાર થયો નથી. આઈ. પી. દેસાઈએ I and Other's Sociologist' લેખ લખ્યો, પ્રો. એ. એમ. શાહે સેમીનારમાં 'વડોદરાના સમાજશાસ્ત્ર' અંગે લેખ લખ્યો. પ્રો. વિદ્યુત જોષીએ ''ગુજરાતમાં સમાજશાસ્ત્રનું સમાજશાસ્ત્ર'' અર્થાતમાં લેખ લખ્યો; તે સિવાય આપણી પાસે આવું કોઈ સાહિત્ય ઉપલબ્ધ નથી.

હાલનાં યુવાન સમાજશાસ્ત્રીઓને અને ભવિષ્યની પેઢીને આપણી બૌદ્ધિક સંપદાનો પરિચય મળી રહે તે માટે અમે શ્રેયાન (વરિષ્ઠ) સમાજશાસ્ત્રીઓને આત્મકથન શૈલીમાં સમાજશાસ્ત્રનાં સંશોધન, અધ્યાપન અને પ્રયોજન (applied) અંગેના લેખ સમાજકારણમાં મોકલી આપવા માટે હૃદયપૂર્વક આમંત્રણ આપીએ છીએ.

પ્રસ્તુત અંકમાં એક વરિષ્ઠ રાજ્યશાસ્ત્રી અને એક વરિષ્ઠ સમાજશાસ્ત્રીનો લેખ છે, બે અધ્યાપકોના લેખ છે તેમજ એક Ph.D. ના વિદ્યાર્થીનો લેખ છે.

સમાજકારણ પૂર્વ સમીક્ષિત (Referred) જર્નલ હોવાથી આવેલા લેખોનું વિદ્વાન પરામર્શકોએ પરામર્શન કરી સંપાદનનું કાર્ય હળવું કર્યું છે. તે માટે તમામ પરામર્શકોનો આભાર માનું છું. પ્રસ્તુત અંક પણ અગાઉના અંકની જેમ વાચકોના આવકાર મેળવશે. વિદ્વાનો અને વાચકોના અભિપ્રાય અને જરૂરી સૂચનો લેખકો અને સંપાદન માટે આવકાર્ય બની રહેશે.

— ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**
વર્ષ : ૧૧, જાન્યુઆરી-૨૦૧૭, અંક : ૧
ગુજરાત સામાજિક સેવા મંડળ
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.